विकसित भारत अभियान
1947 TO 2047



# આરસી
# AARSI

A MIRROR OF THIS COLLEGE

વર્ષ : ૧૯ | અંક - ૧૯

YEAR : 2023-2024


## S.L.U. Arts and H. & P. Thakore Commerce College for Women

**NAAC Accredited 'B'**

(Managed by : Gujarat Stree Kelavani Mandal)
Nr. Ellisbridge Post Office, Ellisbridge, Ahmedabad-380 006.
Tele-fax : +91-79-2657 6197 Website : slucollege.org
E-mail : slu_college@yahoo.com


SLU COLLEGE
Inspiring Women
Since 1920
Estd. 1920
















NCC



NSS...



Sports...



# આરસી
# AARSI

## A Mirror of this College

અંક - ૧૯ વર્ષ : ૨૦૨૩-૨૦૨૪

ચેરપર્સન

**ડૉ. શૈલજા ધ્રુવ**

(ઈનચાર્જ-પ્રિન્સિપાલ, એસ. એલ. યુ. કૉલેજ)

સંપાદક મંડળ

**ડૉ. શૈલજા ધ્રુવ**

**ડૉ. અર્ચના પંડ્યા** **ડૉ. નિશા જોશી**

**પ્રા. ભરત પટેલ** **ડૉ. મુકેશકુમાર બારૈયા**

**એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેન**

SLU COLLEGE Inspiring Women Since 1920

સ્થાપના : ૧૯૨૦

**એલિસબ્રિજ પોસ્ટ ઓફિસ પાસે, વી. એસ. હોસ્પિટલ નજીક, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.**

Tele-Fax : 079 - 26576197

Website : slucollege.org; E-mail : slu_college@yahoo.com



## એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ.એન્ડ.પી. ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેન




**પ્રકાશક** : © ડૉ. શૈલજા ધ્રુવ (ઈનચાર્જ-પ્રિન્સિપાલ, એસ.એલ.યુ. કૉલેજ)

**પ્રકાશન** : **એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેન**

એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ફોન નં. : ૦૭૯-૨૬૫૭૬૧૯૭

વેબસાઈટ : www.slucollege.org

**મુદ્રક** : **વિ ડીઝાઈન**

મો.: ૯૦ ૯૯ ૭૭૭૭ ૯૧



**નોંધ :**
- **આરસીમાં પ્રકાશિત થયેલ કોઈપણ લેખ કૃતિની જવાબદારી સંપાદકો કે પ્રકાશકની નહીં પણ લેખકની પોતાની રહે છે.**
- **આરસીનું લખાણ, રજૂઆતની શૈલી વગેરેનો કોઈપણ સ્વરૂપમાં અન્ય કોઈએ લેખક કે પ્રકાશકની લેખિત પૂર્વ મંજૂરી વગર ઉપયોગ કરવો નહીં.**

## FROM THE INCHARGE PRINCIPAL'S DESK



Namaskar,

I am happy to present the 19th issue of 'Aarsi-A Mirror of this College', capturing the activities and achievements of the SLU college during my third year as In-charge Principal.

We have always tried to reach higher in terms of achieving academic excellence and expanding the horizons and opportunities for the students. At the same time, we strive to preserve the basic culture and traditions that have been passed on to the present generation, by the founders of this heritage institution. This college, that has provided a platform to generations of young women, is now proudly 104 years old.

The purpose of this issue is to documented share the efforts that SLU College staff and students along with the Management -Gujarat Stree Kelavani Mandal,-all have put in, to add to its glory.

This year too, as always, has been a busy one with academics, activities, workshops, seminars and examinations. Students, teachers, staff and the management have joined together to bring fresh achievements in every field.

These are all noted in the Aheval- the report.

We had programmes for welcoming students to the college with Orientations for various activity groups, competitions, Saptadhara, Sports, NSS, NCC, CWDC, ICC and so much more.

We have organized several extra- curricular events too, such as health awareness programmes, medical awareness for women, workshops for women empowerment and career guidance. Celebrations such as Garba Mahotsava , Annual Day, World Environment Day, Hindi Divas and informative programmes that enrich the student experience at the college. Interaction with experts from diverse fields were received with as much enthusiasm as joining in our social responsibilities like N.S.S. activities.

Our Gujarati Department, in coordination with Gujaratino Adhyapak Sangh held a programme of Gujarati Vyakhyan Mala(series of lectures)at the college. (see details in Aheval)

The Innovation Club at the college has been activated with programmes for sharing of ideas, encouragement and information.

Among the other activities ,there were several programmes and competitions, a function for the release of 'Aarsi' the 18th issue; Navratri celebrations, the much loved variety of 'Days' and much more.

Career related programmes were held with the support of DICS,IBM-CSR-BOX and our own ICTC such as awareness about competitive exams, job readiness etc. We have also been able to organize Job Fairs and give job placements to students who were interested.

Students of our Fashion Designing course, beyond their training, also acquired knowledge about award winning traditional embroidery, art work, garment making and handloom weaving through interaction with artisans at visits.

The efforts made to prepare ourselves for the introduction of the New Education Policy at the college level have been fruitful. Our teachers been active in acquiring more knowledge and informing the

students about the newer academic terminology such as ABC and DT. Our Management especially Secretary, GSKM, Dr.Chandrikaben Raval has been instrumental in helping us to invite experts from the University and senior academicians as guest lecturers for enhancing the curriculum.

The aim of Viksit Bharat @2047 remains at the forefront of all our actions. Initiative has been taken to awaken the Voice of Youth through various programmes, debates, quiz competitions, group discussions etc.

Many of our teachers attended Seminars, Workshops, FDPs, Webinars and were also experts or speakers at such events.(See Aheval)Some of our teachers are already holding posts at their subject related associations and are active participants therein. Our teachers have made paper presentations at Webinars and Seminars. I too, along with my administrative duties, have tried to maintain paper reading at conferences, have published papers and have Chaired sessions at seminars.

Our faculty and staff, sincerely did their assigned duties in various capacities for the Lok Sabha General Election -2024

Dr. Varsha Prajapati as an acclaimed poetess has been reciting poetry and giving guest lectures at various institutions.

The Department of Geography had taken the students for a study tour to the Polo forest region.

Several programmes were organized under NSS by Dr. Sonal Modi to encourage service motivation among students. Survey work was also successfully done by them.

Our Sports activities and training continue with energy under Dr. Mukeshkumar Baraiya's guidance. He has also achieved many personal credentials academically and at sport as selector, adjudicator, etc.

ANO Lt. Urvashi Sharma has been helpful in taking over the NCC of our college. The good performance of our students is encouraging.

Among other activities we had Art related- skill- based workshops, training and study visits. Most of the departments have organized visits, guest lectures and seminars and competitions for students.

Achievements of the students are testimony to the work put in. We are proud of our students who have shown in all the fields. Students of Home Science, Commerce and M.Com, especially deserve congratulations for achieving ranks at the University Examinations.

Our senior faculty member from Commerce, Shri Bharatbhai Patel retired this year after a long career with the college.

Fortunately, Shri Sanjaykumar Raval,a new faculty member, was appointed to the Department of Statistics.

With the kind support of all faculty members as well as the assistance of the administrative staff, progress was made by our college -students and faculty in all spheres of education.

I thank Dr. Rashmi Soni for her sincere and diligent efforts and Shri Bharatbhai Patel for his support.

I am thankful to the entire SLU Parivaar and Gujarat Stree Kelavani Mandal, especially Shri Leelaben Desai, Dr. Chandrika Raval, Shri Somabhai Patel and Dr. Sirali Mehta for their help and encouragement in enabling me to continue carrying out my additional duties with utmost sincerity.

Vande Mataram.

**Dr. Shailaja Dhruva**
In-charge Principal

## સંસ્થાની ઉન્નતિની શુભભાવના... (લાભ પાંચમ)





## ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ દ્વારા... સન્માન



ડૉ. ઘનશ્યામ અંજારા
(Ph.D. પદવી પ્રાપ્ત)



પ્રા, ભરત પટેલ
(વય નિવૃત્તિ)



ઈનચાર્જ પ્રિ,. ડૉ. શૈલજા ધ્રુવ
Appreciation for excellent conduct of NCC Activities by 1 Gujarat Girls Bn NCC, Ahmedabad



ડૉ. વર્ષા પ્રજાપતિ
જૂઈ મેળો-૨૦૨૩ અંતર્ગત
શ્રીમતી કોકિલા-હીરા કાવ્યકલા
પારિતોષિક
ઈન્દોર - મધ્યપ્રદેશ



ડૉ. મુકેશકુમાર બારૈયા
All India Inter University Shooting Championship : Gujarat University Team Coatch - Manager at Meerut (U.P.)

# વિશ્વ યોગ દિવસ : ૨૦૨૩















પૂર્વ તૈયારી



# સંપાદકીય

વિકસિત ભારત @ ૨૦૪૭ અંતર્ગત ઉન્નત ભારતને વધુ ગતિશીલ બનાવવાના સઘન પ્રયત્નો થઈ રહ્યા છે. દેશના સમગ્ર ક્ષેત્રો આગામી ૨૫ વર્ષે જ્યારે ભારત આઝાદીના ૧૦૦માં વર્ષની ઉજવણી કરે ત્યારે વિકસિત દેશોની હરોળમાં સ્થાન પામેલુ જોવા મળે એ લક્ષ્યને કેન્દ્રમાં રાખી કાર્યરત બન્યા છે. શિક્ષણક્ષેત્ર પણ અનેક પરિયોજનાઓ થકી યોગદાન આપી રહ્યું છે. આ અનુસંધાનમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૩-૨૪ માં કૉલેજ પરિસરમાં પ્રતિવર્ષે યોજાતી શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓ તથા ઉચ્ચ શિક્ષણની કચેરી ગુજરાત સરકાર તેમજ ગુજરાત યુનિવર્સિટીના સમયોચિત પરિપત્ર મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. જેમાં સંચાલક મંડળના હોદ્દેદારો અને સભ્યો, કૉલેજના શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારી ભાઈ-બહેનોએ યથા-યોગ્ય ફાળો આપી શિક્ષણક્ષેત્ર થકી 'ઉન્નત ભારત'ને ગતિશીલતા અર્પી.

પ્રસ્તુત **'આરસી'**માં અમે પ્રતિવર્ષ મુજબ વર્ષ દરમિયાન **કૉલેજની પ્રવૃત્તિઓનો અહેવાલ** અને અમારી ૧૦૩ વર્ષની **કૉલેજની વિકાસગાથા** પ્રકાશિત કરી છે.

અત્રે **'આરસી'**ના પ્રાગટ્યમાં સહકાર આપનાર અધ્યાપકો વહીવટી કર્મચારી ભાઈ-બહેનો, વિદ્યાર્થિનીઓનો આભાર માનીએ છીએ.

**વિશેષમાંઃ** સંચાલક મંડળની પ્રેરણા અમને પ્રોત્સાહિત કરે છે. હંમેશની જેમ મુલાકાતી વ્યક્તિઓએ કૉલેજ કેમ્પસના પારિવારિક વાતાવરણને પોતાની કલમ દ્વારા બિરદાવ્યું તેમજ કૉલેજના પૂર્વ-આચાર્ય તથા સંચાલક મંડળના કારોબારી સભ્ય ડૉ. સિરાલીબહેન મહેતાની માર્ગદર્શક રૂપ ભૂમિકાની પ્રસન્નતાથી નોંધ લઈએ છીએ.

અમને શ્રધ્ધા છે કે, અમારા **'આરસી'**નો આ અંક પણ દસ્તાવેજરૂપ બની રહેશે.

પ્રસ્તુત **'આરસી'** યુગો પર્યંત ચાલનારા 'વાંચે ગુજરાત' અભિયાનના સહભાગીદારોને સમર્પિત...

**- ડૉ. શૈલજા ધ્રુવ**

મુખ્ય સંપાદક

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ |
|---|---|---|
| • | વાર્ષિક અહેવાલ : ૨૦૨૩ - ૨૦૨૪ | ૧૭ |
| • | પ્રકાશન (આરસી...) | ૧૧૫ |
| • | નિવૃત્તિ સન્માન | ૧૨૦ |
| • | વિકાસગાથા : એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ.એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ | ૧૨૩ |


---

Viksit Bharat@2047 is the vision to make India a developed nation by 2047, the 100th year of independence. The vision encompasses various aspects of development, including economic growth, social progress, environmental sustainability, and good governance.

* * * * *

"Today, every institution and every individual should move with a resolutiion that every effort and act will be for Viksit Bharat. The aim of your goals, your resolutions should be onbly one-Developed India"

**- Narendra Modi**

(Prime Minister of India)


જેમના શુભનામ સાથે કોલેજનું નામ સંકળાયેલું છે.
સ્વ. શ્રી રાવબહાદુર લાલશંકર ઉમિયાશંકર.
જન્મ: ઈ.સ.૧૮૪૫.
અવસાન: ઈ.સ.૧૯૧૨.


સ્વ. શ્રીમતી પદ્માબહેન હરિવદન ઠાકોર
જેમનું શુભ નામ "કોમર્સ કોલેજ ફોર વિમેન" સાથે સંકળાયેલું છે.


સ્વ. શ્રી. હરિવદન. શ્રીપતરાય ઠાકોર.
જેમનું શુભ નામ 'કોમર્સ કોલેજ ફોર વિમેન' સાથે સંકળાયેલું છે

# Our...

## Vision

To provide the education that enables women to achieve all round development of their personality, to become self - reliant socially responsible citizens and to make their individual contribution to the local as well as global scenario.

## Mission Statement

Empowerment of women through education.

## Goals / Objectives

(1) To impart the knowledge and skills for competence in the modern world.

(2) To give women access to training which enables them to be self supportive and economically independent.

(3) To develop the all round personality of the student.

(4) To provide value - based education to enable the students to make a meaningful contribution to society and the community.

(5) To create awareness of the contemporary issues and the rights and duties of every individual so as to make the students more assertive in the face of crisis or injustice.

# અમારા...

## દૃષ્ટિ :

બહેનોને એવું શિક્ષણ પૂરું પાડવું જે તેઓના સંપૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ કરી, તેમને આત્મનિર્ભર અને સામાજિક રીતે જવાબદાર નાગરિક બનાવે તથા તેમને સ્થાનિક તથા વૈશ્વિક સ્તરે યોગદાન આપવા સમર્થ બનાવે.

## લક્ષ્ય :

શિક્ષણ દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ

## ધ્યેયો / હેતુઓ :

(૧) આધુનિક જગત સાથે તાલ મિલાવવાનું સામર્થ્ય આપે તેવું જ્ઞાન અને કુશળતા કેળવવા.

(૨) બહેનોને એવી તાલીમની તક આપવી જે તેમને આત્મનિર્ભર બનાવે અને આર્થિક સ્વાતંત્ર્ય આપે.

(૩) વિદ્યાર્થીના સંપૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ કરવો.

(૪) વિદ્યાર્થીઓને એવું મૂલ્યનિષ્ઠ શિક્ષણ પૂરું પાડવું જેનાથી તેઓ સમાજ તથા સમુદાયમાં અર્થસભર યોગદાન આપી શકે.

(૫) વિદ્યાર્થીને વર્તમાન સમયના પ્રશ્નો અંગેની જાણકારી તથા વ્યક્તિના અધિકારો અને ફરજો અંગેની સમજ આપવી, જેથી તેઓ કોઈ કટોકટી કે અન્યાયનો સામનો કરવા માટે સક્ષમ બની શકે.

## અવતરણ... (મુલાકાતીઓની કલમે)

- ''આજરોજ ૭૭મા સ્વાતંત્ર્ય દિવસે એસ.એલ.યુ. કૉલેજ જે ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ તરફથી ચલાવવામાં આવે છે તે કૉલેજ અને ભગિની સંસ્થાઓના સહયોગથી આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં ધ્વજારોહણ માટે આવવાનું થયું તેને મારું ગૌરવ માનુ છું. એસ.એસ.યુ. કૉલેજ આઝાદી પહેલા સ્થપાયેલી છે અને સ્ત્રી કેળવણીની મિસાલ સમાન છે. કહો કે, મહિલા વિકાસ માટે દીવાદાંડી સમી છે. સમગ્ર સ્ટાફ માયાળુ અને પ્રેમાળ છે. દીકરીઓના મોઢા પર જે ખુશી જોવા મળી તે પરથી લાગે કે તેઓ અહીંથી પ્રેમ અને શિક્ષણ ખૂબ મેળવે છે. મને આજના દિવસે નિમંત્રિત કરવા બદલ ઈનચાર્જ આચાર્ય શૈલજાબહેનનો આભારી છું. સૌના સ્નેહભાવ બદલ ધન્યવાદ.''

  તા. ૧૫/૮/૨૦૨૩ — **- અજીત એન. જાદવ**

  (ગાંધીયન)

- ''કૉલેજમાં સપ્તધારા સંગમઃ ૨૦૨૩ના નેજા હેઠળ આયોજિત રંગકલા કૌશલધારા અંતર્ગતની પોસ્ટરમેકિંગ, કૉલાજ, કાર્ટુનિંગ અને ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહ્યાનો મને આનંદ છે. અમદાવાદની વિરાસત રૂપ આ સંસ્થા વિદ્યાર્થિનીઓને વિવિધ પ્રવૃત્તિઓ મારફત આગળ વધારવા પ્રયત્નો કરી રહી છે તે નજરે જોવા મળ્યું.''

  તા. ૧૭/૮/૨૦૨૩ — **- હિરવા જાની**

  (કલા-નિષ્ણાત)

- ''આજરોજ કૉલેજ દ્વારા ગુજરાતીનો અધ્યાપક સંઘના સહયોગથી આયોજિત વિદ્યાર્થીઓ માટેની 'વિદ્યાવિસ્તાર-વ્યાખ્યાનમાળાનું સરસ આયોજન થયું. સંસ્થા વિદ્યાર્થિનીઓની વિદ્યાકીય પ્રવૃત્તિઓમાં આ રીતે પ્રવૃત પણ રહે છે તેનો વિશેષ આનંદ છે. શૈક્ષણિક કાર્યની સાથે આ રીતે અન્ય સંસ્થાઓ સાથે જોડાઈને અધ્યયન કાર્ય કરાવી વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો કરવાનું કાર્ય પ્રશંસનીય છે. સંસ્થા ખૂબ વિકાસ કરે તેવી શુભેચ્છાઓ.'''

  તા. ૧૮/૮/૨૦૨૩ — **- ડૉ. હિમ્મત ભાલોડિયા**

  (આચાર્ય-ગુજરાત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ (સાંજની), અમદાવાદ)

- ''અત્રેની કૉલેજમાં ગુજરાતીનો અધ્યાપક સંઘના નેજા હેઠળ આયોજિત વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળામાં અહીં વક્તા તરીકે આવવાનું થયું. જેનો આનંદ વ્યક્ત કરુ છું. કૉલેજના આ પ્રકારના કાર્યોથી વિદ્યાર્થીઓને ખૂબ લાભ થાય છે. આવા અનેક કાર્યો કરતા રહો એવી આશા સહ.''

  તા. ૧૮/૮/૨૦૨૩ — **- ડૉ. ચીમનલાલ પટેલ**

  (એસોસિયેટ પ્રૉફેસર-ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)

- "આજે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા અન્વયે કૉલેજની મુલાકાત લીધી. ઈનચાર્જ આચાર્યશ્રી, સ્ટાફનું બહુ જ સહકારપૂર્ણ સૌજન્ય પ્રાપ્ત થયું. વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રત્યે અભિમુખ જણાયા, ઉત્સાહપૂર્ણ રીતે કાર્યક્રમમાં જોડાયેલા નિહાળ્યા. કૉલેજની પ્રગતિની શુભેચ્છાઓ સહ."

તા. ૧૮/૮/૨૦૨૩ **- ડૉ. સંજય પટેલ**

(આસિસ્ટન્ટ પ્રૉફેસર, ગુજરાતી વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર)

- "આજરોજ કૉલેજમાં NSS ઓરિએન્ટેશન પ્રોગ્રામમાં વક્તા તરીકે ઉપસ્થિત રહેવાનું થયું. કૉલેજના ઈનચાર્જ આચાર્યશ્રી, પ્રોગ્રામ ઓફિસર સોનલબહેન મોદીના માર્ગદર્શન હેઠળ આયોજિત કાર્યક્રમમાં સ્વયંસેવિકાઓની શિસ્ત તેમજ કૉલેજનું સેવાકીય વાતાવરણ જોવા મળ્યું. આ કૉલેજ સ્ત્રી કેળવણી દ્વારા સ્ત્રી-સામર્થ્યની ભાવનાને ચરિતાર્થ કરે છે."

તા. ૨૫/૮/૨૦૨૩ **- ડૉ. સંદીપ સાંચલા**

(આસિસ્ટન્ટ પ્રૉફેસર; NSS પ્રોગ્રામ ઓફિસર-
ગુજરાત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ (સાંજની), અમદાવાદ)

- "આજે કૉલેજમાં ગુજરાતી વિભાગ દ્વારા ઝવેરચંદ મેઘાણીની ૧૨૭મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં વક્તા તરીકે આવવાનું બન્યું. ચિત્ત પ્રસન્ન થઈ જાય એવો ભાવ અને સંસ્કારનું અદ્ભૂત વાતાવરણ જોઈ ઘણો રાજીપો થયો. ટ્રસ્ટી, ઈનચાર્જ આચાર્ય અને અધ્યાપકગણની સમર્પિત કામગીરી જોઈ આનંદ થયો."

તા. ૨૮/૮/૨૦૨૩ **- અરવિંદ બારોટ**

(જાણીતા કલાકાર)

- "કૉલેજના પ્રાંગણમાં નવરાત્રિ મહોત્સવઃ ૨૦૨૩ના નેજા હેઠળ આયોજિત ગરબા સ્પર્ધાના નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ મળ્યું. અહીંનું વાતાવરણ પોતાનાપણા જેવુ અનુભવ્યું. શિસ્તબધ્ધ દીકરીઓને ગરબે ઘુમતી જોઈને ખૂબ ખુશી થઈ. ધન્યવાદ."

તા. ૧૭/૧૦/૨૦૨૩ **- મીતા રાઠવા**

**- હિરલ રાજપૂત**

(ગરબા-નિષ્ણાત)

- "આજરોજ SEBI નેજા હેઠળ 'નાણાકીય શિક્ષણ' વિશે આયોજિત workshopમાં વક્તા તરીકે ઉપસ્થિત રહી. જેમાં વિદ્યાર્થિનીઓએ રસપૂર્વક ભાગ લીધો. વળી, કલાસરૂમમાં પ્રોજેક્ટરની અદ્યતન

સુવિધા હોવાથી, મારે Presentation પણ ખૂબ જ સરસ રીતે કરી શકાયું. કૉલેજનું Premises પણ ખૂબ જ સરસ છે. ઈનચાર્જ પ્રિન્સિપાલમેમ, રશ્મિમેમ અને શીતલમેમ એ ખૂબ સહકાર આપ્યો. સુંદર આયોજનને લીધે workshop અત્યંત સફળતાપૂર્વક પૂર્ણ થયો. આપ સૌનો ખૂબ ખૂબ આભાર.''

તા. ૦૧/૦૩/૨૦૨૪ **- અમીતા પટેલ**

(SEBI Resource Person, Ahmedabad)

- ''NSS વિભાગના ઉપક્રમે આયોજિત 'NSS અને રાષ્ટ્રીયતા' એ વિષય પર વ્યાખ્યાન માટે મને આમંત્રિત કર્યો તે માટે હું ખૂબ ગૌરવ અનુભવું છું. અમદાવાદ શહેરની પ્રતિષ્ઠિત મહિલા કૉલેજમાં અત્રે ઉપસ્થિત રહેવું અને મંચ પ્રાપ્ત કરવો એ અધ્યાપક તરીકે મારી વ્યવસાયિક સિધ્ધિ ગણુ છું. હું સંસ્થાના મેનેજમેન્ટ, ઈનચાર્જ આચાર્યશ્રી તેમજ સોનલબહેનનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.''

  તા. ૦૨/૦૩/૨૦૨૪ **- ડૉ. નયનેશ ગઢવી**

  (પૂર્વ NSS પ્રોગ્રામ ઓફિસર; એસોસિયેટ પ્રોફેસર-સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત આટ્ર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ)

- "Glad to learn that this institution is working for women since 1920. I found that staf f of college including peon are supportive and co-operative. Arranging programmes as a part of the curriculum but not part of syllabus is what proves the sensitivity of the college towards education of girls."

  Dt: 27/07/2023 **- Dr. Dhaval Nakum**

  (Assistant Professor - Government Commerce College, Gandhinagar)

- "It was a good experience as judges in the Mehendi Competition. Students, teachers and even principal mam-all were very enthusiastic. It is our pleasure to be in this college again as a judges in Mehendi Competition. Happy to see you all again.

  Dt: 07/08/2023 **- Komal Shah**

  **- Indu Rathod**

  (Mahendi Experts)

- "It was an amazing experience. Excellent work by students in Rangoli Competition. Thank you very much for inviting me as a judge."

  Dt: 08/08/2024 **- Rajeshwari Bhola**

  (Rangoli Expert)

- "It was a great session under the UPSC / GPSC Awareness Seminar Organized by Department of commerce. I feel humbled by the reception I got from Hon'ble Principal Ma'am.

  The students are super energetic and they have huge potential to change lives and society at large.

  The college is doing wonderful things for girls and I am happy to be a small part of it.

  Thank you for giving me such opportunity."

  Dt: 08/08/2023 - **Abhinav Shah**

  (GPSC Head of the Ahmedabad Branch-Delhi Institute for civil services)

- "As always, all the faculty and the Principal are very supportive. Students are also, accurate in the activities. This college is always supportive in doing activities, which can help students to upgrade their skills. We are always happy to say that we have done particular programme with SLU college."

  Dt: 05/09/2023 - **Prashant Jethava**

  (Assistant Manager-ICFAI Business School, Ahmedabad)

- "All over environment-good. Supportive, Co-operative. I have come for Placement Drive Fair: 2023. Hope to be here for future Job fairs."

  Dt: 13/09/2023 - **Amit Bhavsar**

  (HR Manager)

  - **Shyamsundarsingh Tomar**

  (AM-HR Manager)

  (Mas Collnet India Private Ltd.)

- "The students were found to be interested and well behaved. Can be trained for basic computer skills for better future. Thank you so much."

  Dt: 13/09/2023 - **Jagruti Prajapati**

  (Senior HR Manager)

  - **Mayuri Dodiya**

  (Admin Manager)

  (Proplegit Globle Pvt. Ltd.)

- "All students have a good personality, and speak well. Thanks to the college for inviting us".

  Dt: 13/09/2023 - **Ghanshyam Rajput**

  (HR Manager-Arihant Consultancy)

- "Very good initiative for placement of their students by college. Campus sessions are very supportive and students are open to suggestions."
  Dt: 13/09/2023 - **Darshan Shah**
  (HR Manager-HDB Financial Services)

- "One of the best women's institutiions, I have ever visited. The family-atmosphere of the college is very touching. All the girls attended the Aarsi Release Programme today with patience and interest. A memorable experience indeed!".
  Dt: 19/10/2023 - **Starpayal N. Iyer**
  (Principal-R.H. Patel Arts & Commerce College, Ahmedabad)

- "I saw very good student participation. Thanks to Shailaja Ma'am & team for co-ordinating the session. Environment was super at the session."
  Dt: 19/01/2024 - **Pradip Shandilkar**
  (Center Manager-Training & Operations
  Anudip Foundation for Social Welfare, Ahmedabad)

- "I hope the girls gained information on Job readiness. Thanks to college organizers for their support."
  Dt: 16/02/2024 - **Shrilakshmi Nair**
  (Associate Manager, CSR Programme IBM Skillsbuild)

- "I am thankful to Incharg Principal Dr. Shailaja Dhruva and department of Sociology. Institute is well cultured and well disciplined. Whole enviornment cultivates and motivates the students through different activities. It is a remarkable Institute of Gujarat. Very much culturally, socially backbone of the society. Thank you so much for inviting me as a Resource Person in the Guest Lecture Programme of Dept. of Sociology."
  Dt: 27/02/2024 - **Dr. Sarika Dave**
  (Associate Professor-Department of Sociology,
  CU Shah Arts college, Ahmedabad)

- "All the members who attentded & those who were incharge are very good & co-operative. Lot of receptivity among them, very friendly environment. I feel very good to be here to share my thoughts."
  Dt: 04/04/2024 - **Dinesh Patel**
  (Pranic Healer & Instructor-
  VIR Welness Centre, Mumbai)

# વાર્ષિક અહેવાલ : ૨૦૨૩-૨૦૨૪

## ★ શૈક્ષણિક:

લગભગ ૧૮૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓની સંખ્યા ધરાવતી આ કૉલેજના પરિણામો પ્રતિવર્ષની જેમ ઉજ્જવળ રહ્યાં.

### પરિણામો (૨૦૨૨-૨૦૨૩)

| | % | % |
|---|---|---|
| **આર્ટ્સ:** | | |
| BA SEM-I & II | 84.19 | 82.03 |
| BA SEM-III & IV | 88.16 | 89.66 |
| BA SEM-V & VI | 95.68 | 70.00 |
| **કોમર્સ:** | | |
| B.COM-I & II | 80.76 | 87.77 |
| B.COM-III & IV | 80.57 | 87.50 |
| B.COM-V & VI | 87.99 | 62.41 |
| **M.Com:** | | |
| M.Com SEM-I & II | 85.59 | 77.38 |
| M.Com SEM-III & IV | 96.12 | 83.43 |

### કોલેજનું ગૌરવ

**Najminbanu Memon:**



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર-V (87.34%) માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને તેમજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આર્ટ્સ વિભાગ (BA SEM-V) માં પ્રથમ સ્થાને.
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર-VI (81.00%) માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને તેમજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આર્ટ્સ વિભાગ (BA SEM-VI) માં સત્તરમાં સ્થાને.

નોંધ: BA SEM-V & VI (હોમસાયન્સ) ના સંયુક્ત પરિણામમાં ગુજરાત યુનિવર્સિટીમાં હોમસાયન્સમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થતા ચાર સુવર્ણ ચંદ્રક એનાયત.
(1) Shrimati Kashiba Medal (2) Shrimati Sankuben Balubhai Girdharlal Medal (3) Shrimati Muliba Pranlal Jetly Home Science Medal (4) Shrimati Bhaliben Arvind Rai Zala Medal.

**Khooshnoor Shaikh:**



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર- V (83.67%) માં ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને તેમજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આર્ટ્સ વિભાગ (BA SEM-V) માં પાંચમા સ્થાને.
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર- VI (74.70%) માં ગુજરાત યુનિવર્સિટીમાં તૃતીય સ્થાને.

**Simoon Shaikh:**



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર- V (76.57%) માં ગુજરાત યુનિવર્સિટીમાં ચતુર્થ સ્થાને.
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર- VI (73.16%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સાતમાં સ્થાને.

**Inayatfatema Patel:**



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર- V (72.65%) માં ગુજરાત યુનિવર્સિટીમાં ચતુર્થ સ્થાને.
- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર- VI (70.00%) માં ગુજરાત યુનિવર્સિટીમાં અગિયારમાં સ્થાને.

**Kaku Shailja:**



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર - IV (82.71%) માં ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાને તેમજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આર્ટ્સ વિભાગ (BA SEM-IV) માં સાતમાં સ્થાને.

**Mariya Shaikh:**



- બી.કૉમ સેમેસ્ટર - VI (84.89%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-VI) ચૌદમાં* ક્રમે.
- બી.કૉમ સેમેસ્ટર - V (84.28%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-V) છત્રીસમાં* ક્રમે.

**Mariya Shaikh:**



- બી.કૉમ સેમેસ્ટર – VI (84.69%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-VI) સોળમાં* ક્રમે.
- બી.કૉમ સેમેસ્ટર – V (86.73%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-V) ચૌદમાં* ક્રમે.

**Alshaniya Shaikh:**

- બી.કૉમ સેમેસ્ટર – VI (84.29%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-VI) ચોવીસમાં* ક્રમે.
- બી.કૉમ સેમેસ્ટર – V (86.53%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-V) સોળમાં* ક્રમે.



**Aakifabanu Shaikh:**



- બી.કૉમ સેમેસ્ટર – V (85.10%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-V) ત્રીસમાં* ક્રમે.



**Aasfina Shaikh:**

- બી.કૉમ સેમેસ્ટર – V (84.28%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-V) સાડત્રીસમાં* ક્રમે.

**Misbabanu Amdani:**



- બી.કૉમ સેમેસ્ટર – IV (81.84%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-IV) છેતાલીસમાં* ક્રમે.
- બી.કૉમ સેમેસ્ટર – III (85.92%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-III) માં અગિયારમાં* ક્રમે.

**Sharminbegum Saiyed:**

- બી.કૉમ સેમેસ્ટર - III (86.12%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-III) આઠમાં* ક્રમે.





**Shifabanu Shaikh:**

- બી.કૉમ સેમેસ્ટર – III (84.28%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-III) છવ્વીસમાં* ક્રમે.

**Noorfatema Shaikh:**



- બી.કૉમ સેમેસ્ટર - II (83.06%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-II) ઓગણીસમાં* ક્રમે.

**Sanabanu Patel:**



- બી.કૉમ સેમેસ્ટર - II (81.84%) માં ગુજરાત યુનિવર્સિટીમાં સમગ્ર કૉમર્સ વિભાગમાં (B.Com SEM-II) ઓગણચાલીસમાં* ક્રમે.



**Aaliya Merchant:**

- M.Com SEM-IV માં (80.00%) ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર કૉમર્સ વિભાગમાં (M.Com SEM-IV) પંદરમાં* ક્રમે.

**Tabassumbanu Baran:**



- M.Com SEM-IV માં (77.38%) ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર કૉમર્સ વિભાગમાં (M.Com SEM-IV) પાત્રીસમાં* ક્રમે.



**Saniya Paathan:**

- M.Com SEM-IV માં (76.90%) ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર કૉમર્સ વિભાગમાં (M.Com SEM-IV) તેતાલીસમાં* ક્રમે.

**Neha Sharma:**



- M.Com SEM-I માં (70.24%) ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર કૉમર્સ વિભાગમાં (M.Com SEM-I) એકતાલીસમાં* ક્રમે.



**Aafrin Malek:**

- M.Com SEM-I માં (70.24%) ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર કૉમર્સ વિભાગમાં (M.Com SEM-I) બેતાલીસમાં* ક્રમે.

**નોંધઃ * ગુજરાત યુનિવર્સિટીની B.Com & M.Com ની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં ૧ થી ૫૦માં ક્રમમાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થિનીઓ.**

## ★ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ:

પ્રથમ સત્રમાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર BA તથા B.Com ની વિદ્યાર્થિનીઓને Orientation Programme અંતર્ગત ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે (વિભાગીય અધ્યક્ષ - આટ્ર્સ વિભાગ) સૌને આવકાર્યા અને કૉલેજ જીવનમાં પ્રવેશ મેળવવા માટે અભિનંદન આપી, એસ.એલ.યુ. કૉલેજનો ટૂંક પરિચય, વિષયાનુષંગિક અધ્યાપકોનો ટૂંક પરિચય, અભ્યાસલક્ષી બાબતો વિશે જાણકારી આપી. વધુમાં, ખંત, ધગશ તેમજ મહેનતથી શૈક્ષણિક તેમજ શિક્ષણ સંલગ્ન સિધ્ધીઓ પ્રાપ્ત કરી શકાય છે તે બાબત સદષ્ટાંત સમજાવી, આગંતુક વિદ્યાર્થિનીઓને ઉચ્ચશિક્ષણ માટેની શુભેચ્છાઓ પાઠવી.

ડૉ. રશ્મિબહેન સોની (સ્ટુડન્ટ ઈનચાર્જ - આટ્ર્સ વિભાગ) તેમજ પ્રા. ભરત પટેલ (વિભાગીય અધ્યક્ષ-કૉમર્સ વિભાગ) અને ડૉ. શીતલ રાઠોડ (સ્ટુડન્ટ ઈનચાર્જ - કૉમર્સ વિભાગ)એ વિભાગીય વિદ્યાર્થિનીઓને Time-Table સહિત યથોચિત માહિતી પ્રદાન કરી.

## ★ Competence Building Programme for Faculty (CBPF):

તાઃ ૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ Competence Building Programme for Faculty અંતર્ગત Pranic Healing વિષયક workshopનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અધ્યાપકો સક્રિયપણે સહભાગી બન્યાં. Shri Dinesh Patel (Pranic Healer & Instructor - VIR Welness Centre, Mumbai) એ વિષયોચિત માહિતી આપી. ખાસ કરીને Pranic Healing ના levels, courses, objectives વિશે માહિતી આપી. તદ્ઉપરાંત Pranic Healing દ્વારા સમાજજીવનમાં કેવી રીતે યોગદાન આપી શકાય તેની વિગત સ્વ-ઉદાહરણ સહ્ સમજાવી.

Workshop દરમિયાન અધ્યાપકોએ પણ પ્રશ્નોતરી દ્વારા વૈચારિક આદાન-પ્રદાન કર્યું.

## ★ Remedial Coaching for SC / ST / OBC and Minorities:

વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન Statistics, Business Law, Taxation વિષયક વિવિધ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેનો લાભ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લીધો.

## ★ Career and Counselling Cell / UDISHA (Universal Development of Integrated employability Skills through Higher Education Agencies) :

વર્ષ દરમિયાન સેમિનાર, વ્યાખ્યાન તથા Campus Awareness Programme નું આયોજન કરવામાં આવ્યું.

**ડૉ. રશ્મિ સોની તથા ડૉ. શીતલ રાઠોડની નિશ્રામાં....**

- તા. ૮ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ BA & B.Com SEM-I, III, V ની વિદ્યાર્થિનીઓ માટે DICS (Delhi Institute for Civil Services) ની Ahmedabad Branch ના સહયોગથી 'Competitive Exam and Pattern' વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં Shri Abhinav Shah (GPSC Head, Ahmedabad Branch-DICS) તેમજ Shri Vivek (Marketing

Assistant) ઉપસ્થિત રહી, વિષયોચિત માહિતી પ્રદાન કરી. વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોતરી દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

- તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ BA & B.Com SEM-VIની વિદ્યાર્થિનીઓ IBM-CSR-BOX ના સહયોગથી આયોજિત 'Job readiness' વિષયક સેમિનારમાં સહભાગી બની. જેમાં Shri Shrilakshmi Nair (Associate Manager, CSR Programme-IBM Skillsbuild) ઉપસ્થિત રહી, વિદ્યાર્થિનીઓને વિષયોચિત માહિતી આપી. વૈચારિક આદાન-પ્રદાન દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.
- તા. ૧ માર્ચ, ૨૦૨૪ના રોજ BA & BCOM.SEM-VI તથા BCOM SEM-IV ની વિદ્યાર્થિનીઓ માટે NCFE (National Centre for Financial Education) ના નેજા હેઠળ, 'Financial Literacy' વિષયક workshopનું આયોજન કરવામાં આવ્યું. Shri Amita Patel (NCFE-Trainer, Resource Person, Ahmedabad) એ વિષયોચિત સદૃષ્ટાંત માહિતી આપી. પ્રશ્નોતરીના માધ્યમ દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી મેળવી.

## ★ IQAC (Internal Quality Assurance Cell):

Our IQAC Co-ordinator - Dr. Rashmi Soni and Co-coordinator - Dr. Mukeshkumar Baraiya have been active in involving all the stakeholders of the college to contribute in our strive for excellence and ef forts for constant improvement.

## ★ Fashion Design Diploma Cource:

**કૉ-ઑર્ડિનેટર શ્રી અનારબહેન પરીખ**ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ Multi Media દ્વારા વૈજ્ઞાનિક ઢબે અભ્યાસક્રમ મુજબ તાલીમબધ્ધ શિક્ષણ મેળવ્યું.

શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩- ૨૦૨૪માં વિદ્યાર્થિનીઓએ Semester System...

- Semester-I : July to November

- Semester-II : December to April... અંતર્ગત આયોજિત અભ્યાસક્રમ અનુસાર શિક્ષણ મેળવ્યું.

**Projects:** વર્ષ દરમિયાન બન્ને semester માં 'Designing Kurti' અંતર્ગત પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ આનુષંગિક નવતર પ્રયોગ દ્વારા વિવિધ પ્રકારની Kurti તૈયાર કરી. તદ્ઉપરાંત તેમાં સવિશેષ વિવિધતા કરવા અંગેનું માર્ગદર્શન અનારબહેન દ્વારા મેળવ્યું. માહિતીના આદાન પ્રદાન દ્વારા વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર બન્ને Semestersના Project સફળતાપૂર્વક સંપન્ન કર્યા.

**Short Videos:** વર્ષ દરમિયાન (both Semesters) વિદ્યાર્થિનીઓને Positive thinking નિર્દેશીત કરતા શ્રી સંદીપ મહેશ્વરીના short vidios બતાવવામાં આવ્યાં. Videos નિહાળ્યા બાદ શ્રી અનાર પરીખે વિદ્યાર્થિનીઓને તેમાં નિર્દેશીત પ્રસંગોને ટાંકીને કારકિર્દીલક્ષી પ્રોત્સાહક માહિતી પ્રદાન કરી.

**Educational Visit:** તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ વિદ્યાર્થિનીઓએ શ્રી અનારબહેન પરીખની નિશ્રામાં વસ્ત્ર-કલાના પ્રયોગાત્મક જ્ઞાન મેળવવાના હેતુથી અમદાવાદના વસ્ત્રાપુરમાં craftroots દ્વારા આયોજિત પ્રદર્શનની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ એવોર્ડ પ્રાપ્ત કરનાર વિજેતાઓએ

પ્રદર્શિત કરેલ કલાત્મક વસ્ત્રો-જેવા કે Patachitra from Orrisa, Madhubani art from Bihar, Kalamkari art from Andhrapradesh, Chikankari work from Lucknow, Katha work from West Bengal વગેરે વિશે જ્ઞાનવર્ધક માહિતી મેળવી. તદ્ઉપરાંત Live demonstration of weaving on handloom ને પણ નિહાળી, પ્રશ્નોતરી દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

★ **AISHE (All India Survey on Higher Education - ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન)**

**ડૉ. મુકેશકુમાર બારૈયા AISHEના નોડલ ઓફિસર તરીકે કાર્યભાર સંભાળે છે.**

સમગ્ર ભારત દેશમાં ઉચ્ચ શિક્ષણનું સ્તર અને સ્થિતિની જાણકારી માટે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ-૨૦૧૦-'૧૧માં AISHE ની શરૂઆત કરવામાં આવી. આ Online Based Survey માં સમગ્ર દેશની ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવે છે. આ સર્વેમાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ, અધ્યાપક-વિદ્યાર્થી પ્રમાણ, અભ્યાસક્રમો, પરિણામો, આર્થિક ભંડોળના સ્રોત, શિષ્યવૃત્તિ, વાર્ષિક હિસાબો, બૌધિક સાધન સગવડો, વિદ્યાર્થીઓનું લિંગ અને સામાજિક સ્તરનું પ્રમાણ વગેરે જેવા પાસાઓ આધારિત માહિતી મેળવવામાં આવે છે.

આ સર્વે દ્વારા મેળવેલી માહિતી સરકાર અથવા દેશ-વિદેશની કોઈપણ વ્યક્તિ ઓન લાઈન મેળવી શકે છે. તેનો ઉપયોગ રાજ્ય સરકારો અને ભારત સરકાર શિક્ષણની નવી યોજનાઓ તૈયાર કરવામાં પણ કરે છે. આ ઉપરાંત દેશ વિદેશના કોઈપણ વિદ્યાર્થી તેની પસંદગીનો વિષય અને અધ્યાપક કઈ સંસ્થામાં છે. તેની જાણકારી મેળવીને પ્રવેશ મેળવીને, અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમથી અભ્યાસ કરી શકે છે.

★ **Skill Development:**

વિદ્યાર્થિનીઓ માટે Skill Development અંતર્ગત માહિતી પ્રદાન કરી, સમય-સંજોગો મુજબ વ્યક્તિત્વ વિકાસના સહાયક કાર્યક્રમો યોજાયા.

તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ડૉ. રશ્મિ સોની તથા ડૉ. શીતલ રાઠોડની નિશ્રામાં BA & BCOM SEM-VI ની વિદ્યાર્થિનીઓ માટે Anudip Foundation for Social Welfareના સહયોગથી, 'Skill training and placement Opportunity' વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં Shri Pradip Shandilkar (Center Manager - Training & Operations), Shri Sajan Parmar (Partner Relationship Officer) ઉપસ્થિત રહ્યાં. માહિતીના આદાન-પ્રદાનથી વિદ્યાર્થિનીઓએ વિષયોચિત સવિશેષ માહિતી મેળવી.

★ **Innovation Club:**

**SLU: Innovation Clubના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. મુકેશકુમાર બારૈયા તથા કૉ-કૉઑર્ડિનેટર તરીકે ડૉ. શ્વેતા ઝાલા કાર્યભાર સંભાળે છે.**

Government of Gujarat Commissionerate of Higher Education દ્વારા Innovation Club ની સ્થાપના કરવામાં આવેલ છે.

**સ્થાપના હેતુઃ** ગુજરાત રાજ્યના નોન-ટેક્નિકલ અભ્યાસક્રમો જેવા કે, આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન કરી શકે તેવા ઉમદા હેતુથી સમગ્ર ગુજરાત રાજ્યની સરકારી, બિન-સરકારી અનુદાનિત કૉલેજો અને ગ્રામ વિદ્યાપીઠોમાં ઈનોવેશન કલબ (Innovation Club) ની સ્થાપના કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્યના વિદ્યાર્થીનીઓને સર્જનાત્મક વિચારો માટે પ્રોત્સાહિત કરી, સ્ટાર્ટઅપ (Start-up) માટે તૈયાર કરવામાં આવશે.

**નોંધઃ** ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે ઈનોવેશન અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે શિક્ષણ વિભાગ-ગુજરાત સરકાર દ્વારા અમૃત નવસર્જન ઈનોવેશન પ્લેટફોર્મ શરૂ કરવામાં આવેલ છે.

- વર્ષ દરમિયાન Innovation Club ના Co-Ordinator Dr. Mukeshkumar Baraiya તથા Co-coordinator Dr. Shweta Zala ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ ખાસ કરીને મોશન બ્લોક્સ, લુક્સ બ્લોક્સ, સાઉન્ડ બ્લોક્સ, ઈવેન્ટ્સ બ્લોક્સ, કંટ્રોલ બ્લોક્સ, સેન્સિંગ બ્લોક્સ, ઓપરેટર્સ બ્લોક્સ, વેરિયેબલ બોક્સ સહિત વિવિધ બ્લોક, પ્રોગ્રામિંગની મૂળભૂત વિશે યથાયોગ્ય સાધનાત્મક બાબતોનો ઉપયોગ કરી, તાલીમ મેળવી.

## ★ Climate Change :

**SLU: Climate Change Programme ના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. શ્વેતા ઝાલા કાર્યભાર સંભાળે છે.**

**Note :** As part of Gujarat's proactive approach, in 2009, the Government of Gujarat to form a new Department of Climate Change.

The Climate Change Department acts as a bridge within the Government, and between the Government and the Society to address Climate Change.

વર્ષ દરમિયાન Climate Change સંબંધિત Group Discussion દ્વારા વૈચારિક આદાનપ્રદાન કરવામાં આવ્યાં.

## ★ SCOPE (Society for Creation of Opportunity through Proficiency in English):

**SLU: SCOPE Programme ના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. રશ્મિ સોની કાર્યભાર સંભાળે છે. શ્રી પાયલ શાહ સહાયક ભૂમિકા ભજવે છે.**

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ વિદ્યાર્થિનીઓના અંગ્રેજી ભાષા પરના મહાવરાને સદૃઢ બનાવવાના હેતુથી આયોજિત SCOPE ની Employment Scheme કૉલેજની વિદ્યાર્થિનીઓ માટે ઉપલબ્ધ છે.

❑ **Dr. Rashmi Soni:**

Participated in the workshop on 'SCOPE', Organized by British Council of Government of Gujarat, Ahmedabad held on 20 December, 2023.

## ★ Job Placement:

**SLU: Job Placementના નોડલ ઓફિસર તરીકે ડૉ. કેતન મહેતા તથા મદદનીશ તરીકે શ્રી પાયલ શાહ કાર્યભાર સંભાળે છે.**

**નોંધ:** ગુજરાત સરકાર - ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા KCGના માધ્યમથી 'ઉદ્યોગ સાહસિકતા'ને પ્રોત્સાહન આપવામાં આવે છે.

| No. | Student's Name | Post | Company |
|---|---|---|---|
| 1 | Amruta Hublikar | Telecallar | Planet Automotive Pvt. Ltd, Ashram Road, Ahmedabad. |
| 2 | Radha Chaudhary | Telecallar | Planet Automotive Pvt. Ltd, Ashram Road, Ahmedabad. |
| 3 | Mariya Momin | Telecallar | Planet Automotive Pvt. Ltd, Ashram Road, Ahmedabad. |
| 4 | Saziya Shaikh | Telecallar | Planet Automotive Pvt. Ltd, Ashram Road, Ahmedabad. |
| 5 | Krupa Zalawadia | Jr. Officer-Processing | HDB Bank, Radhika 2nd Floor, Law Garden Road, Navrangpura, Ahmedabad. |

## ● Job Placement Fair / Drive:2023

તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેન કેમ્પસમાં Job Placement Fair / drive:2023નું આયોજન કરવામાં આવ્યું.

JPF/Driveના આયોજનમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, Job Placementના નોડલ ઓફિસર / કૉ-ઑર્ડિનેટર ડૉ. કેતન મહેતા તેમજ શ્રી પાયલ શાહ (મદદનીશ)એ સક્રિય ભૂમિકા ભજવી.

JPF / Drive...

=> HDB Financial Services
=> MAS Callnet India Private Ltd.
=> Proplegit Global Pvt. Ltd.
=> Arihant Consultancy

... કંપનીઓના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો. M.Com, B.Com તેમજ BAની (Final Yearમાં અભ્યાસ કરતી) વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર રસરુચિ મુજબ કંપનીના પ્રતિનિધિઓ સાથે વૈચારિક આદાન-પ્રદાન કરી, રોજગારલક્ષી દિશાસૂચક માર્ગદર્શન મેળવ્યું.

એસ.એલ.યુ. કૉલેજ પરિવારજનો તેમજ સંચાલક મંડળની શુભેચ્છાઓ સહ્ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

## ❑ ડૉ. કેતન મહેતા:

તા. ૪-૫ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન અમદાવાદમાં EDIT (Entrepreneurship Development Insitute of India) દ્વારા CHE (Commissionerate of Higher Education-Government of Gujarat) ના સહયોગથી આયોજિત Nodal Officers Training Program under Entrepreneurship Policy in Gujarat State માં સહભાગી થયાં.

❑ **ડૉ. કેતન મહેતા, ડૉ. મુકેશકુમાર બારૈયા તથા શ્રી પાયલ શાહઃ**

તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં IBS-ICFAI Business School દ્વારા આયોજિત "Academic & Corporate Engagement: Strategic Imperatives" વિષયક Gujarat TPO (Training Placement Officers ) Meet-2023 માં સહભાગી થયાં.

★ **ICTC (Institute of Computer Technology and Career) :**

**શ્રી પાયલ શાહ (મેનેજિંગ ડાયરેક્ટર)ના નેતૃત્વ હેઠળ** વિદ્યાર્થિનીઓ કમ્પ્યૂટર ટેકનોલોજી તથા કારકિર્દીલક્ષી માર્ગદર્શન મેળવે છે.

વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓને CCC; Tally with GST (Goods & Service Tax); ITI (Industrial Training Institute) જેવા રોજગારલક્ષી કૉર્ષની તાલીમ આપવામાં આવે છે. તદ્ઉપરાંત Computer સંબંધિત રોજગારલક્ષી Skill Development કોર્સિસ અંતર્ગત તાલીમ પણ આપવામાં આવે છે. જેનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ રસરુચિ મુજબ લાભ લે છે.

- તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ શ્રી પાયલ શાહની નિશ્રામાં B.COM-SEM-VI તથા M.COM-SEM-IVની વિદ્યાર્થિનીઓએ TCTC દ્વારા Tally Education Private Limited (TEPL) ના નેજા હેઠળ આયોજિત 4th TCAT (Tally Commerce Aptitude Test): 2023-2024 માં બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો.

Note : All India Tally Commerce Aptitude Test (TCAT) is an MCQ-based Online Test Conducted by Tally Education for School and College Students to assess their competencies in accounting and commerce.

★ **G-20:**

**SLU: G-20 ના નોડેલ ઑફિસર તરીકે ડૉ. શીતલ રાઠોડ કાર્યભાર સંભાળે છે.**

**Note :** The Group of Twenty (G-20) is the premier forum for international economic cooperation. It plays an important role in shaping and strengthening global architecture and governance on all major international economic issues.

India holds the Presidency of the G-20 from 1 December 2022 to 30 November, 2023.

The Group of Twenty (G-20) Comprises 19 countries (Argentina, Australia, Brazil, Canada, China, France, Germany, India, Indonesia, Italy, Japan, Republic of Korea, Mexico, Russia, Saudi Arabia, South Africa, Turkiye, United Kingdom and United States) and the European Union. The G-20 members represent around 85% of the global GDP, over 75% of the global trade, and about two thirds of the world population.

● જુલાઈ, ૨૦૨૩ દરમિયાન કૉલેજ દ્વારા G-20 હેઠળ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

નોંધઃ ભારત ૧ ડિસેમ્બર ૨૦૨૨ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી G-20 નું પ્રમુખપદ ધરાવતુ હોવાને લીધે 'વસુધૈવ કુટુમ્બકમ'ની થીમ પર (એક પૃથ્વી, એક કુટુંબ, એક ભવિષ્ય) ભાર મૂકવામાં આવ્યો છે. તેમાં દિશા નિર્દેશીત્ કરવામાં આવી છે કે, વિદ્યાર્થીઓને ભારતના G-20 નો એક ભાગ બનાવવા માટે રાજયએ તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવા પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ, જેથી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહિત કરવામાં મદદ મળશે તેમજ તેમને શીખવા માટે સારું પ્લેટફોર્મ પુરું પડશે. આ સંદર્ભમાં

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નેજા હેઠળ રાજ્યની તમામ યુનિવર્સિટીઓ તેમજ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

G-20 અંતર્ગત યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. વિવિધ પ્રવૃત્તિઓ પૈકી...

- તા. ૨૭ જુલાઈ, ૨૦૨૩ના રોજ Guest lectureનું આયોજન કરવામાં આવ્યું.

  મુખ્ય વક્તા તરીકે ડૉ. ધવલ નકુમ (આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેન્ટ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યાં. તેમણે 'બજાર નિયમનમાં BSE અને NSEની ભૂમિકા' વિશે મનનીય, સદૃષ્ટાંત વક્તવ્ય આપ્યું. તેમણે જણાવ્યું કે, "ભારતીય બજારમાં BSE (Bombay Stock Exchange) અને NSE (National Stock Exchange) અગ્રગણ્ય ભૂમિકા ભજવે છે." તેમણે બન્નેના ઉદ્ભવ સંદર્ભની પશ્ચાદ્ભૂમિકા, બન્ને વચ્ચેનો તફાવત, બજાર સાથેની ગતિવિધિ વગેરે જેવા પાસાઓ વિશે વિસ્તૃત છણાવટ કરી.

  પ્રશ્નોતરીના માધ્યમ દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી મેળવી.

★ સ્વ.ડૉ. હરિણી રામિલ દીવાનજી મેમોરિયલ ફાઉન્ડેશન તરફથી જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને ભણતરના અનુસંધાનમાં પુસ્તકો ખરીદવા માટે શિષ્યવૃત્તિ આપવામાં આવી. જેનો લાભ વિદ્યાર્થિનીઓએ લીધો.

★ 'ફોરમ'ના નેજા હેઠળ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વિભાગના સંયુક્ત સહકારથી વિદ્યાર્થિનીઓ દ્વારા કૉલેજના બૉર્ડ પર સુવિચાર લેખનની પ્રવૃત્તિનું આયોજન પ્રતિવર્ષની જેમ થયું.

★ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદની કચેરી તરફથી વિદ્યાવ્યાસંગીઓને ઉપયોગી બની શકે તેવા વિવિધ ક્ષેત્રોને લગતા 'પુસ્તકો' એસ.એલ.યુ. કૉલેજ પુસ્તકાલય માટે ભેટરૂપે આપ્યાં.

## ★ Selfie / Photo Booths:

Note: The Ministry of Women and Child Development (MWCD) is the apex body of Government of India for formulation and administration of regulations and laws related to welfare and development of women and children in the country. In this regard, the Minsitry of Women and Child Development (MWCD) will establish Selfie / Photo Booths in the women colleges/universities in a phased manner. Initially 100 women colleges / universities have been selected for the same. SLU Arts and H & P Thakore Commerce College for Women, Ahmedabad is one of the selected college/institution.

તા. ૨૬ ફેબ્રુઆરી - ૧૫ એપ્રિલ, ૨૦૨૪ દરમિયાન ઉપર્યુક્ત હેતુ અનુસંધાનમાં Collegeના Premiesમાં UGC (University Grants Commission) ના પરિપત્ર અન્વયે (F.No.: 21-171/2023, CPP-II; Date : 06 February, 2024 / 17 माघ 1945; Manish Joshi-Secretary, UGC) MWCDના નેજા હેઠળ Selfie / Photo Booth establish કરવામાં આવ્યું.

★ તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ૭૭માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે કૉલેજના પટાંગણમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો.

Note : On 15 August 1947, British Colonial rule in India came to an end, concluding almost 200 years of British rule. Since that historic day, 15 August has been celebrated as India's Independence Day. On 15 August 1948, India celebrated the first anniversary of its independence. Thus, this year is the 76th anniversary of freedom.

On the other hand, if we count from the actual date of independence-15 August 1947. This means that 1947 will always be rembered as the first year of India's independence and the first independence Day. As a result, the country celebrates its 77th Independence Day in 2023.

This year India celebrated its 77th Independence Day on 15 August 2023, marking 76 year of freedom. ધ્વજવંદન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જાણીતા ગાંધીવાદીશ્રી અજીતભાઈ જાદવ (ટ્રસ્ટીશ્રી- સાબરમતી હરિજન આશ્રમ, અમદાવાદ) ઉપસ્થિત રહ્યાં. કાર્યક્રમની શરૂઆતમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે મુખ્ય મહેમાનશ્રીના શાબ્દિક સ્વાગત અને પરિચય કરાવી, સૌને સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્રી અજીતભાઈ જાદવના વડપણ હેઠળ ધ્વજવંદન દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી. ૭૭મા સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છાઓ સહ્ શ્રી અજીતભાઈ જાદવે પોતાના પ્રસંગોચિત વક્તવ્યમાં આઝાદીની ચળવળના શહીદોને વંદન કરી, ભારત દેશની વિકાસગાથા તેમજ સ્વાતંત્ર્ય ચળવળથી લઈને આજદિન સુધી સ્ત્રી કેળવણી દ્વારા સ્ત્રીસશક્તિકરણના ક્ષેત્રમાં એસ.એલ.યુ. કૉલેજના પ્રદાનની રજૂઆત કરી.

આ કાર્યક્રમમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના માનદ્‌મંત્રીશ્રી ડૉ. ચંદ્રિકાબહેન રાવલ, સાબરમતી હરિજન આશ્રમ ટ્રસ્ટના એકાઉન્ટન્ટશ્રી સંદીપભાઈ ત્રિપાઠી, એસ.એમ.એન.કે. દલાલ ઍજ્યુકેશન કૉલેજ ફોર વિમેનના ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. દિપીકાબહેન રાઠોડ, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત બંને કૉલેજના પ્રાધ્યાપકશ્રીઓ, વહીવટી સ્ટાફ તેમજ NCC, NSS તથા Sportsની વિદ્યાર્થિનીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં.

ધ્વજરક્ષકની ભૂમિકા તથા કાર્યક્રમનું સંચાલન (Master pf Ceremony) શારીરિક શિક્ષણના પ્રા.ડૉ. મુકેશકુમાર બારૈયાએ કર્યું.

★ તા. ૨૯ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ એસ.એલ.યુ. કૉલેજના સ્થાપના દિનના પૂર્વ દિવસે (સ્થાપનાઃ ૩૦ ઑગસ્ટ, ૧૯૨૦) ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સૌને સ્થાપના દિનની શુભેચ્છા પાઠવી જણાવ્યું કે, ‘‘આવતી કાલે તા. ૩૦ ઑગસ્ટે એસ.એલ.યુ. કૉલેજ સ્થાપનાના ૧૦૩ વર્ષ પૂર્ણ કરી, ૧૦૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. આપણે સૌ આવતી કાલે પોત પોતાના ગૃહસ્થાનેથી કૉલેજની ઉન્નતિ માટે મંગલકામના કરીશું.’’

★ તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ પ્રતિવર્ષની જેમ પ્રકાશિત 'આરસી' (A mirror of this college) મેગેઝિન : શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩; અંક-૧૮; કૉલેજની વાર્ષિક પ્રવૃત્તિની ઝલક તથા કૉલેજની વિકાસગાથાને દર્શાવતા માહિતીપ્રદ મેગેઝિનના વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં પ્રિ.એસ.એન.ઐયર (આર.એચ. પટેલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વાડજ, અમદાવાદ); ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રીશ્રી), શ્રી સોમાભાઈ પટેલ (નિયામકશ્રી), ડૉ. સિરાલી મહેતા (કારોબારી સભ્ય, પૂર્વ આચાર્ય- એસ.એલ.યુ. કૉલેજ); ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ સહિત એસ.એલ.યુ. પરિવારજનો ઉપસ્થિત રહ્યાં.

સમારોહના પ્રારંભમાં ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, સંસ્થાનો ટુંક પરિચય આપ્યો તેમજ વિમોચનકર્તા Prin. S.N. Iyerનો પરિચય આપી, સ્મૃતિભેટથી અભિવાદન કર્યું. પ્રાસંગિક ઉદ્બોધનમાં આરસી અંક-૧૮ની પશ્ચાદ્ભૂમિકા દર્શાવી, કાર્યક્રમની રૂપરેખા આપી.

વિમોચનકર્તા Prin. S.N. Iyerના શુભ હસ્તે આરસી અંક-૧૮ નું વિમોચન થયું. જેને સૌએ તાલીઓના ગડગડાટથી વધાવ્યું.

ડૉ. ચંદ્રિકા રાવલે ઉદ્બોધનમાં જણાવ્યું કે, પ્રતિ વર્ષ પ્રકાશિત થતાં "કૉલેજના દસ્તાવેજરૂપ 'આરસી'ના શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨-૨૦૨૩ના અંક-૧૮ ના પ્રકાશન માટે અભિનંદન પાઠવું છું. મુખ્ય સંપાદક ડૉ. શૈલજાબહેન, કાર્યકારી આચાર્યની વધારાની જવાબદારી સાથે આરસીના પ્રકાશનને મુખ્ય ધારા સાથે સાંકળી રાખવા કટિબધ્ધ રહે છે. તેનાથી હું વિદિત છું. આપ જાણો છો કે, આવનારા સમયમાં બદલાતી શિક્ષણ તરાહ સાથે શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓ માટે સઘન કાર્યદક્ષતા અનિવાર્ય બની રહેશે. આપ સૌને ભાવિ શિક્ષણ તેમજ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓ માટે હાર્દિક શુભેચ્છાઓ."

ડૉ. સિરાલી મહેતાએ 'આરસી'ના પ્રાગટ્યની ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, "કૉલેજની પરંપરાગત પ્રવૃત્તિઓના ભાગરૂપ 'આરસી'ના વિમોચન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાનો મને આનંદ છે. માહિતી સંગ્રહ-સંગ્રાહિત માહિતીનું સુયોગ્ય સંકલન-લેખન-પ્રૂફ રીડીંગ- પ્રકાશન વગેરે પ્રત્યેક તબક્કાઓ ઘણી મહેનત માંગી લે છે. ડૉ. શૈલજાબહેન વધારાની વહીવટી ધૂરા સાથે આરસીના અંકને પ્રકાશિત કરવા પ્રતિ વર્ષની જેમ જહેમત ઉઠાવે છે, તેમાં તેમની કાર્યનિષ્ઠા જોઈ શકું છું. અત્રે ઉપસ્થિત પ્રિ. ઐયર સાહેબને મળીને તેમની સાથે વર્ષો સુધી ગુજરાત યુનિવર્સિટી કક્ષાએ કામગીરી કરેલ તેના સ્મરણો પણ તાજા થયાં. આપ સૌને મળ્યાનો પણ આનંદ છે."

'આરસી'ના વિમોચનકર્તા પ્રિ. ઐયર સાહેબે જણાવ્યું કે, આરસીનો આ 'અંક-૧૮' વાંચીને જ આનંદ સાથે આશ્ચર્ય થયું. અમારી કૉલેજમાં પણ અમે આવા દસ્તાવેજરૂપ વાર્ષિક અહેવાલને પ્રકાશન કરવાનું વિચારેલું. એકાદ અંક પણ પ્રકાશિત કરેલો પણ પછી તો તેનું બાળ-મરણ જ થઈ ગયું ! ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજાબહેને મને વિમોચન કરવા માટેનું નિમંત્રણ આપ્યું ત્યારે મારી ખુશી બેવડી થઈ ગયેલી કારણ કે આ પ્રકારના પ્રકાશનો અને એમાંય અંકોને એકધારી રીતે પ્રતિ વર્ષ એટલા જ ઉત્સાહ સાથે તૈયાર કરવા એ નાનીસૂની બાબત તો નથી જ. બીજીતરફ આ કૉલેજ / સંસ્થા સાથે વર્ષોથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતેની કામગીરી દ્વારા સંકળાયેલો તેથી આત્મીયભાવે પણ આવવાનું ગમે જ. 'આરસી'ના પ્રકાશન માટે સૌને અભિનંદન. વધુમાં, તેમણે NEP:2020 ના અમલીકરણના નિર્દેશીત પગલાંની વિસ્તૃત છણાવટ કરી, સૌને આવનાર સમયમાં શિક્ષણ જગતના ભાવિ વિશે અંગૂલિનિર્દેશ કર્યો.

સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સમગ્ર સમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો. સમગ્ર સમારોહનું સંચાલન ડૉ. શૈલજા ધ્રુવે કર્યું.

★ તા. ૨૭ ઓક્ટોબર, ૨૦૨૩ દરમિયાન Om Stationeryના સહયોગથી અનામત કેટેગરીની વિદ્યાર્થિનીઓને Online Scholarship form fill up માટે help મળે તે હેતુથી Help Desk ની વ્યવસ્થા કરવામાં આવી. જેનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લાભ લીધો. ઉપર્યુક્ત કંપનીના શ્રી દિગંત શેઠ (પ્રોપ્રાઈટર) તેમજ શ્રી સાહિલ મન્સૂરી (મદદનીશ)એ માર્ગદર્શનરૂપ ભૂમિકા ભજવી.

★ તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ વિદ્યાર્થિનીઓ માટે મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદની ઓઢવ સ્થિત ધ્વનિ જનરલ હોસ્પિટલના ડૉ. વસંત પટેલ તથા મદદનીશ બહેનો દ્વારા વિદ્યાર્થિનીઓની તબીબી તપાસ કરવામાં આવી.

★ **Institutional Development Plan for HELs:**

**SLU: IDP ના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. કંદર્પ ચાવડા તથા કૉ-કૉઑર્ડિનેટર તરીકે ડૉ. મુકેશકુમાર બારૈયા કાર્યભાર સંભાળે છે.**

NOTE : As per the guidelines of UGC (University Grants Commission) and directive of KCG (Knowledge Consortium of Gujarat) - Department of Education, Government of Gujarat, the SLU College formed the Institutional Development Plan under NEP:2020.
Institutional Development Plan under NEP: 2020 report has to be submitted by the college as per the guideline of UGC and directives of KCG has on 29 April, 2023.

નોંધઃ ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રી-ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ) ના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ IDPમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, કૉ-ઑર્ડિનેટર ડૉ. કંદર્પ ચાવડા, કૉ-કૉઑર્ડિનેટર ડૉ. મુકેશકુમાર બારૈયાએ સક્રિય ભૂમિકા ભજવેલી. ડૉ. રશ્મિ સોની, ડૉ. મધુસુદન મુખરજી, પ્રા. દિનેશ પટેલ તથા ડૉ. સિરાલી મહેતા (પૂર્વ આચાર્ય-એસ.એસ.યુ. કૉલેજ, કારોબારી સભ્ય-ગુ.સ્ત્રી.કે.મંડળ) એ મદદનીશરૂપે કામગીરી કરી, તદ્ઉપરાંત શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારી ભાઈ-બહેનોએ સહયોગ કાર્ય કરેલ.

વર્ષઃ ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન IDP અનુસંધાનમાં પૂર્તતા-પરિપત્રો સંબંધિત કામગીરી પણ સૌના સહયોગથી કરવામાં આવી.

★ **NEP: 2020 (New Education Policy: 2020):**

**SLU:NEP-2020 ના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. કંદર્પ ચાવડા કાર્યભાર સંભાળે છે.**

**Note:**

=> **NEP:2020ના પાંચ માર્ગદર્શક સ્તંભોઃ** Access, Equity, Quality, Affordability, Accountability

=> **હેતુઓઃ**

- ભારતીય નૈતિક મૂલ્યો, સાંસ્કૃતિક વારસો અને શ્રેષ્ઠતમ સભ્યતાના આધારસ્તંભવાળી શિક્ષણ પ્રણાલી કે જે ભારતના તમામ વિદ્યાજગતને એક સમાન રીતે ગતિશીલ કરીને ઉત્તમ ગુણવત્તાવાળું શિક્ષણ પ્રદાન કરશે અને ઉત્કૃષ્ટ જ્ઞાનોપાર્જન કરવામાં મદદરૂપ બનશે.

- યુવાનોને વર્તમાન અને ભવિષ્યના વિવિધ રાષ્ટ્રીય અને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરશે.

શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૩-૨૦૨૪ થી NEP:2020 નું અમલીકરણ થયું. ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે કૉલેજમાં BA તથા B.COM SEM-I માં પ્રવેશ મેળવનાર આગંતુક વિદ્યાર્થિનીઓને NEP:2020વિશે તેમજ SLU: NEP-2020 ના કૉ-ઑર્ડિનેટર ડૉ. કંદર્પ ચાવડાનો ટૂંક પરિચય આપ્યો. વિશેષમાં તેમણે વિદ્યાર્થિનીઓને જણાવ્યું કે, "આપ સૌ NEP:2020 ના અમલીકરણના First batch ના વિદ્યાર્થિનીઓ છો. એટલું જ નહીં NEP થકી રાષ્ટ્રીય સ્તરે શિક્ષણજગતમાં આવી રહેલા પરિવર્તનના પ્રથમ પગથિયામાં પગરવ માંડતા વિદ્યાર્થીઓ પણ ખરા! સમયાંતરે અમે જે કોઈ માહિતી / નોટિસ / સૂચના આપીએ તેને ધ્યાનમાં લેશો તો મુંઝવણો ઓછી અનુભવશો."

ડૉ. કંદર્પ ચાવડાએ વિદ્યાર્થિનીઓને NEP:2020 અંતર્ગત અર્થાત્ નવી શિક્ષણ નીતિ મુજબ વિદ્યાર્થિનીઓએ કરાવવાની નોંધણીની આવશ્યકતા વિશે જાણકારી આપી, DIGILOCKER & ABC (Academic Bank of Credit) માટેની ID બનાવવાની પ્રક્રિયા સમજાવી, તેમજ ગુજરાત યુનિવર્સિટીના એનરોલમેન્ટ ફોર્મ તથા ABC-ID વચ્ચેના ઘનિષ્ઠ સહસંબંધ વિશે માહિતગાર કરી, ABC-ID ની મહત્તા સમજાવી.

ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. કંદર્પ ચાવડા તથા વહીવટી કર્મચારીઓના માર્ગદર્શન હેઠળ BA તથા B.COM SEM-I ની વિદ્યાર્થિનીઓએ ABC-ID ની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી. વિદ્યાર્થિનીઓના Data Excel file માં formet મુજબ તૈયાર કરી, Pendrive માં Rollwala Computer Centre, Gujarat University ખાતે મોકલી આપવામાં આવ્યાં.

❑ **ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. કંદર્પ ચાવડાઃ**

તા. ૩ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત 'DIGILOCKER & ABC' વિષયક Workshop માં ડૉ. શૈલજા ધ્રુવ (ઈનચાર્જ પ્રિન્સિપાલ) તથા ડૉ. કંદર્પ ચાવડા (કૉ-ઑર્ડિનેટર) સહભાગી થયાં.

❑ **ડૉ. કંદર્પ ચાવડાઃ**

- તા. ૩-૫ જૂન, ૨૦૨૩ દરમિયાન ઉજ્જૈન (મધ્યપ્રદેશ) માં વિક્રમ વિશ્વવિદ્યાલય- ભોપાલ તથા શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ-નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે 'राष्ट्रीय शिक्षा नीति २०२० के क्रियान्वयन' વિષયક राष्ट्रीय संगोष्ठी एवं राष्ट्रीय शैक्षणिक कार्यशाला માં સહભાગી થયાં.'

## ★ NAMO WIFI Project:

**SLU: NAMO WIFI Project ના નોડલ ઓફિસર તરીકે ડૉ. કંદર્પ ચાવડા કાર્યભાર સંભાળે છે.**

**Note: NEP:** 2020 અનુસંધાને શૈક્ષણિક સંકુલોમાં WIFI સુવિધા ઉપલબ્ધ હોવી જરૂરી. જેના અંતર્ગત KCG ના નેજા હેઠળ Department of Science & Technology - Government of Gujarat ની પોલીસી

અને અમલવારી મુજબ ગુજરાત રાજ્યની સરકારી અને અનુદાનિત કૉલેજમાં NAMO WIFI Project હાથ ધરવામાં આવેલ છે.

- **હેતુ:** NEP:2020 ની નીતિ અને વિવિધ શૈક્ષણિક મૂલ્યાંકન એજન્સીઓના મૂલ્યાંકન સમયે ઉચ્ચ રેન્કિંગ મેળવવા તેમજ મુખ્યત્વે રાજ્યની ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને Online વિવિધ પ્રકારના શૈક્ષણિક કન્ટેન્ટ પ્રાપ્ત થાય તે માટે કૉલેજોના કેમ્પસ WIFI (Wireless Fidelity) કરવાં.

- **DEDF (Digital Education Development Fund):**

ગુજરાત રાજ્યની ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં Digital Gap નિર્મૂળ કરવાના ભાગરૂપે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના કેમ્પસ WIFI કરવા-વાઈફાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેટઅપ તેમજ ઈન્ટરનેટ સેવા મેળવવા – KCG દ્વારા DEPF અંતર્ગત ફંડ ફાળવણીની જોગવાઈ કરવામાં આવેલ છે.

વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓએ NAMO WIFI Project અંતર્ગત શિક્ષણ તથા શિક્ષણ સંલગ્ન બાબતોની Digitally જાણકારી મેળવી.

★ **વિકસિત ભારત @ 2047:**

**SLU: વિકસિત ભારત 2047 અભિયાનના નોડલ ઓફિસર તરીકે ડૉ. શીતલ રાઠોડ કામગીરી સંભાળે છે.**

**Note :** વિકસિત ભારત @ 2047 એ ભારતની આઝાદીના 100 મા વર્ષ, 2047 સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવાનું vision છે. જેમાં આર્થિક વૃધ્ધિ, સામાજિક પ્રગતિ, પર્યાવરણને અનુકૂળતા અને સુશાસન સહિત વિકાસના વિવિધ પાસાઓનો સમાવેશ થાય છે.

વર્ષ દરમિયાન રાજ્ય સરકારના પરિપત્રને અનુલક્ષીને વિષયોચિત પ્રવૃત્તિઓ કરવામાં આવી. જે પૈકી તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ કૉલેજમાં 'શિક્ષિત ભારત, વિકસિત ભારત' વિષયક Debate નું આયોજન કરવામાં આવ્યું. વિકસિત ભારત @ 2047 'વોઈસ ઑફ યુથ' અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા આયોજિત રાજ્ય સ્તરિય 'યુથ પાર્લામેન્ટ' અનુસંધાનમાં કૉલેજ લેવલ પર યોજાયેલ Debateમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

★ **PM USHA SCHEME:**

**SLU: PM USHA SCHEME ના કૉ-ઑર્ડિનેટર તરીકે ડૉ. મુકેશકુમાર બારૈયા તથા કૉ-કૉઑર્ડિનેટર તરીકે ડૉ. કંદર્પ ચાવડા કાર્યભાર સંભાળે છે.**

**Note:** PM USHA (Pradhan Mantri Uchchatar Shiksha Abhiyan) Scheme of New phase of RUSA (Rashtriya Uchchatar Shiksha Abhiyan) with the vision of the National Education Policy, 2020.

KCG ના પરિપત્ર અન્વયે PM USHA Scheme અંતર્ગત Component No. 3 Grants to strengthen College અનુસંધાનમાં SLU College ની Proposal તૈયાર કરવામાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. મુકેશકુમાર બારૈયા (કૉ-ઑર્ડિનેટર), ડૉ. કંદર્પ ચાવડા (કૉ-કૉઑર્ડિનેટર) તથા ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રી – ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ) એ સક્રિય ભૂમિકા ભજવી.

Application Submit: PM-USHA Portal (https:/pmusha.education.gov.in)

## ★ વિદ્યાર્થિનીઓની પ્રવૃત્તિઓ:

### ● સપ્તધારા

**સમગ્ર વર્ષ દરમિયાન સપ્તધારા પ્રવૃત્તિઓના આયોજનમાં ડૉ. વર્ષા પ્રજાપતિએ કન્વીનર તરીકે કામગીરી કરી.**

ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત સરકારના નિયમાનુસાર, વિદ્યાર્થિનીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવા 'સપ્તધારા સંગમ'ના નેજા હેઠળ વિવિધ બૌધ્ધિક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓએ વ્યક્તિગત સિધ્ધી હાંસલ કરી, ઈનામો મેળવ્યાં, જેમાં...

**સ્પર્ધાત્મક ઈનામોના પ્રાયોજકઃ ડૉ. આરતીબહેન વિનુભાઈ પટેલ**

- **વક્તૃત્વ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| **પ્રથમઃ** | **આફિયા પાલીવાલા** | (BA SEM-V) |
| **દ્વિતીયઃ** | **અફસોના ખાન** | (BCom. SEM-V) |
| **તૃતીયઃ** | **નંદના વી. એસ.** | (BCom. SEM-I) |
| | **મહેંક ધંધુકિયા** | (BA SEM-V) |

- **શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| **પ્રથમઃ** | **આફિયા પાલીવાલા** | (BA SEM-V) |
| **દ્વિતીયઃ** | **સુકૈના લખાની** | (BA SEM-III) |
| **તૃતીયઃ** | **મહેંક ધંધુકિયા** | (BA SEM-V) |
| | **તાજેમન શેખ** | (BA SEM-V) |

- **ડિબેટ સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| **પ્રથમઃ** | **મહેવિશ બુખારી** | (BA SEM-I) |
| **દ્વિતીયઃ** | **સુકૈના લખાની** | (BCom SEM-III) |
| | **ઝુવેરીયા શેખ** | (BCom SEM-I) |
| **તૃતીયઃ** | **નંદના વી. એસ.** | (BCom SEM-I) |

- **કાવ્યપઠન સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| **પ્રથમઃ** | **આફિયા અત્તરવાલા** | (BA SEM-III) |
| **દ્વિતીયઃ** | **માહિન અજમેરી** | (BA SEM-V) |
| **તૃતીયઃ** | **હેજલ સોલંકી** | (BA SEM-III) |
| | **નિક્કી જોશી** | (BA SEM-III) |

- ક્વિઝ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | આફિયા પાલીવાલા | (BA SEM-V) |
| દ્વિતીયઃ | અનમ અંસારી | (BA SEM-V) |
| તૃતીયઃ | આયશા શેખ | (BA SEM-V) |

- નિબંધ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | ગોપી દેસાઈ | (BA SEM-III) |
| દ્વિતીયઃ | કૃપા પગી | (BCom SEM-I) |
| | દિશાબા વાઘેલા | (BA SEM-I) |
| તૃતીયઃ | અનિતા ઠાકોર | (BCom SEM-V) |
| | આફરીન પઠાણ | (BA SEM-V) |

- મહેંદી સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | માહેરાબાનુ શેખ | (BCom SEM-III) |
| | ફાતિમા ફકિર | (BCom SEM-I) |
| દ્વિતીયઃ | આફિયા અત્તરવાલા | (BA SEM-III) |
| | સાનિયા મન્સુરી | (BCom SEM-I) |
| તૃતીયઃ | માહિન અરબ | (BCom SEM-V) |
| | આસ્મા ઘોસીવાલા | (BCom SEM-I) |
| | ઉમેરા બરોડાવાલા | (BCom SEM-V) |

- રંગોળી સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | ફૈઝાહ શેખ | (BCom SEM-V) |
| દ્વિતીયઃ | વિધી વાળંદ | (BCom SEM-V) |
| તૃતીયઃ | તન્વી પરમાર | (BCom SEM-V) |
| | દિશા પ્રજાપતિ | (BCom SEM-III) |

- ઑન ધ સ્પોટ પેઈન્ટીંગ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | અમરા અંસારી | (BA SEM-I) |
| દ્વિતીયઃ | ફરહિનબાનુ શેખ | (BCom SEM-V) |
| | ફૈઝાહ શેખ | (BCom SEM-V) |
| તૃતીયઃ | રાધા ચૌધરી | (BA SEM-V) |

- કાર્ટુનિંગ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | ફૈઝાહ શેખ | (BCom SEM-V) |
| દ્વિતીયઃ | આફિયા અત્તરવાલા | (BA SEM-III) |
| | આશા પરમાર | (BCom SEM-III) |
| તૃતીયઃ | ફરહિનબાનુ શેખ | (BCom SEM-V) |
| | રાધા ચૌધરી | (BA SEM-V) |

- કૉલાજ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | ફૈઝાહ શેખ | (BCom SEM-V) |
| દ્વિતીયઃ | આશા પરમાર | (BCom SEM-III) |
| | સદિદા દૂધવાલા | (BCom SEM-I) |
| તૃતીયઃ | ફરહિનબાનુ શેખ | (BCom SEM-V) |
| | અમરા અંસારી | (BA SEM-I) |

- પોસ્ટર મેકિંગ સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | આફરિન પઠાણ | (BA SEM-V) |
| દ્વિતીયઃ | હફિજા ઘોરી | (BA SEM-III) |
| | આફિયા અત્તરવાલા | (BA SEM-III) |
| તૃતીયઃ | હેરિના મકવાણા | (BCom SEM-V) |
| | સાનિયા અજમેરી | (BA SEM-V) |

- એકપાત્રિય અભિનય સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | વિધી વાળંદ | (BCom SEM-V) |
| દ્વિતીયઃ | સાનિયા મન્સુરી | (BCom SEM-I) |

- હળવું કંઠ્ય સંગીત સ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમઃ | દિપીકા જાદવ | (BA SEM-III) |
| દ્વિતીયઃ | પૂજા રાવળ | (BCom SEM-III) |
| | મુબિના શેખ | (BA SEM-V) |
| તૃતીયઃ | સાયમા સૈયદ | (BA SEM-V) |

.... **સ્થાને વિજેતા** બન્યાં. વિજેતા થનારને પ્રમાણપત્ર અને ઈનામ એનાયત કરવામાં આવ્યાં.

વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન **આફિયા પાલીવાલા** (BA SEM-V/VI)ને કલા-કૌશલમાં ઉત્કૃષ્ટ દેખાવ માટે **SLU College : KALA-KAUSHAL TROPHY એનાયત** કરવામાં આવી.

- **નવરાત્રિ મહોત્સવઃ**

તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ નવરાત્રિ મહોત્સવના ભાગરૂપે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવતા, કૉલેજનું મેદાન પરંપરાગત પરિધાનોથી નવરાત્રિમય બની રહ્યું.

**નિર્ણાયકો : શ્રી મીતા રાઠવા, શ્રી હિરલ રાજપૂત**

=> **શ્રેષ્ઠ પરિધાનઃ**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | મનીષા ચાવડા | (BA SEM-III) |
| દ્વિતીયઃ | અસ્મિતા પરમાર | (BCom SEM-I) |
| તૃતીયઃ | શ્રુતિ પારેખ | (BCom SEM-III) |
| | ચેતના રાઠોડ | (BCom SEM-I) |

=> **શ્રેષ્ઠ અભિવ્યક્તિઃ**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | સંગીતા ગોહેલ | (BA SEM-III) |
| દ્વિતીયઃ | હની દરજી | (BCom SEM-III) |
| તૃતીયઃ | હેપી જોશી | (BA SEM-III) |
| | સાક્ષી પ્રજાપતિ | (BCom SEM-V) |

=> **વિશેષ પુરસ્કાર :**

શૈક્ષણિક સ્ટાફ : ડૉ. વર્ષા પ્રજાપતિ
ડૉ. શ્વેતા ઝાલા
ડૉ. ટવીન્કલ ચૌધરી

વિશેષ ઉત્સાહ પ્રદાનઃ ડૉ. દર્શના અંજારિયા

બિન-શૈક્ષણિક સ્ટાફ : શ્રી માયા સોની
શ્રી શિવચરણ કબિસર

ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ : ધારા ચંદેલા
રમિલા શાહ

=> **M.Com :**

| | | |
|---|---|---|
| પ્રથમઃ | નેહા પરમાર | (M Com SEM-III) |
| દ્વિતીયઃ | મૌલિકા ઝાલા | (M Com SEM-III) |
| તૃતીયઃ | શ્રેયાંશી પુરોહિત | (M Com SEM-I) |

=> **Fashion Design Course :**

રાજવી ડાભી
પૂજા પ્રજાપતિ

=> **ICTC :**

પ્રાજકતા મકવાણા

=> **પ્રોત્સાહક ઈનામઃ**

**નોંધઃ સોની હેન્ડીક્રાફ્ટ, અમદાવાદ દ્વારા પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યાં.**

- નેહલ ભરવાડ (B Com SEM-III)
- શ્રુતિ પરિખ (B Com SEM-III)
- મયૂરી મહેરિયા (B A SEM-I)
- તનુ ચુડાસમા (B Com SEM-I)
- પ્રિયાંશી પારેખ (B Com SEM-I)

- **આંતર કૉલેજ / આંતર વિભાગ / રાજ્ય કક્ષા / રાષ્ટ્રીય કક્ષાએ...**

- તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ કૉલેજમાં શિક્ષક દિન નિમિત્તે IBS-ICFAI Business School દ્વારા આયોજિત Teacher's Day Best Message Contest : 2023માં Best Three Messageમાં Rameshvari Jansaliya (BA SEM-V), Prachi Gajjar (BCom Sem-V) તથા Liza Makamjiwala (B Com SEM-V) પસંદગી પામ્યાં.
- તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અમદાવાદ સ્થિત શ્રી મેઘમણિ પરિવાર ઍન્ડ શ્રી ભાઈલાલભાઈ એ. પટેલ (દેત્રોજવાલા) ઉમિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ફોર ગર્લ્સ દ્વારા આયોજિત 'વિકસીત ભારત' - કોના દ્વારા ? કોના માટે ? ('Developed India'- By Whom? for Whom?') વિષયક આંતરકૉલેજ વક્તૃત્વ સ્પર્ધામાં નંદના વી. એસ. (B Com SEM-I) એ ભાગ લીધો.
- તા. ૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં એમ.પી. આર્ટ્સ ઍન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેન દ્વારા આયોજિત આંતરકૉલેજ સૂર-સંગીત સ્પર્ધામાં દીપિકા જાદવે (BA SEM-IV) ભાગ લીધો.
- તા. ૨૧-૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન અમદાવાદ સ્થિત J G College of Performing Artsના યજમાન પદે 'आhvaan' અંતર્ગત આયોજિત Gujarat University Ellisbridge South Zone Youth festivalમાં Quizમાં SLU કૉલેજે શ્રેષ્ઠ ત્રણ કૉલેજમાં સ્થાન મેળવ્યું.

  સ્પર્ધકો: Afiya Paliwala (BA SEM-V), Anam Ansari (BA SEM-V), Aaisha Shaikh (BA SEM-V)

  **નોંધ:** ગુજરાત યુનિવર્સિટીના આંતરવિભાગીય યુથ ફેસ્ટિવલમાં આયોજિત Quiz માટે પસંદગી પામી.

★ વિદ્યાર્થિનીઓની લાગણીને માન આપી, શિસ્ત તથા રાષ્ટ્રીય ગૌરવને કેન્દ્રમાં રાખી વિવિધ Days ઉજવાયાં જેમ કે,

| Day | ડ્રેસીંગ | ત્રીજા પિરિયડ પછી કરવાની પ્રવૃત્તિ |
|---|---|---|
| Environment Day | લીલા-પીળા વસ્ત્રો પરિધાન | પર્યાવરણ જાગૃતિની પ્રવૃત્તિઓ |
| Group Day | એકસરખા વસ્ત્રો પરિધાન | ગૌરવપ્રદ મિત્રતાની પ્રવૃત્તિઓ |
| Black and White Day (Executive Day) | સફેદ-કાળા વસ્ત્રો પરિધાન | કારકિર્દી ઘડતર અંગેની પ્રવૃત્તિઓ |
| Traditional Day | સાડી, પ્રાદેશિક વસ્ત્રો પરિધાન | ભારતીય સંસ્કૃતિને ઓપતી પ્રવૃત્તિઓ |

★ તા. ૭ માર્ચ, ૨૦૨૪ ના રોજ **ત્રિવિધ કાર્યક્રમ - અભિવ્યક્તિ: ૨૦૨૪; ઈનામ વિતરણ; ટી.વાય.ની વિદ્યાર્થિનીઓને શુભેચ્છા**નું આયોજન કરવામાં આવ્યું.

**અભિવ્યક્તિ: ૨૦૨૪**

વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓના સંયુક્ત ઉપક્રમે Annual Day યોજાયો. જેમાં વિદ્યાર્થિનીઓએ વૈવિધ્યપૂર્ણ Group Dance રજૂ કર્યા.

## ઈનામ વિતરણઃ

શિક્ષણ સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓમાં સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને બિરદાવવા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના હોદ્દેદારો - શ્રી લીલાબહેન દેસાઈ (પ્રમુખશ્રી), શ્રી સોમાભાઈ પટેલ (નિયામકશ્રી) ઉપસ્થિત રહ્યાં. મહેમાનો, ઈનચાર્જ આચાર્યશ્રી તેમજ અધ્યાપકોના શુભહસ્તે સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને ટ્રોફી આપી, સન્માનિત કરવામાં આવી.

## ટી.વાય.ની વિદ્યાર્થિનીઓને શુભેચ્છાઃ

- કૉલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરનાર Arts તેમજ Commerce ની તમામ વિદ્યાર્થિનીઓને ઈનચાર્જ પ્રિન્સીપાલ ડૉ. શૈલજા ધ્રુવે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, ''આપણે સૌ જાણીએ છીએ કે, કોઈપણ ક્ષેત્રમાં સફળ થવા માટે મહેનત, ધગશ, આત્મવિશ્વાસ જેવા પરિબળો ખૂબ મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. વળી, લક્ષ્યોને પાર પાડવામાં સતત પ્રયત્નશીલ બની રહેવું પડે. ઉતાર-ચઢાવ વચ્ચે બે સ્થિતિ નિર્માણ થાય... Crying & Trying. Crying આત્મવિશ્વાસ ડગાવે જયારે Trying આત્મવિશ્વાસ જગાવે. આથી હંમેશા પ્રયત્નશીલ રહેવાનું. ઉજળી આવતીકાલનો વિશ્વાસ જ જીવનમાં પડકારોનો સામનો કરવાની શક્તિ આપે છે. એ બાબત પણ સુનિશ્ચિત છે કે આવતી કાલ ક્યારેય આવતી નથી, એ 'આજ' બનીને જ આવે છે, માટે આવતીકાલે જે પણ સારું કરવાની ઈચ્છા હોય તેની શરૂઆત આજ થી જ કરો. તમારી વાર્ષિક પરીક્ષાઓ શરૂ થશે, આપ સૌને પરીક્ષા માટે Best of Luck, Best Wishes તેમજ જીવનના સપનાઓ પણ સાકાર થાઓ એવી એસ.એલ.યુ. કૉલેજ પરિવારવતી શુભેચ્છાઓ પાઠવું છું. આપ સૌને સુખી-સમૃધ્ધ ભાવિ જીવનની પણ ખૂબ ખૂબ શુભેચ્છાઓ.''

વધુમાં, તેમણે આવતીકાલ 8th March આંતરરાષ્ટ્રીય મહિલા દિનની પણ સૌને શુભેચ્છા પાઠવી જણાવ્યું કે, ''સમાજમાં સ્ત્રી-દાક્ષિણ્યની ભાવના ઉજાગર બની રહે તે સાંપ્રત સમયની માંગ છે. મહિલાલક્ષી બાબતોમાં ખાસ કરીને 'નારી ગૌરવ' પર ભાર મૂકાય છે. બીજી તરફ મહિલાઓ પણ વિવિધ ક્ષેત્રોમાં મહેનત, ધગશ, આત્મવિશ્વાસથી ઉચ્ચતમ સ્થાન હાંસલ કરી, નારી ગૌરવ અભિયાનને ગતિ આપી રહી છે. સમાજજીવનમાં પારસ્પરિક માન-મરતબો સાંસ્કૃતિક ધરોહરને મજબૂતી અર્પે છે. આપણું Women Campus છે. અહીંની શૈક્ષણિક-સાંસ્કૃતિક વિરાસતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમાજ ઉપયોગી કાર્યો દ્વારા વિવિધ ક્ષેત્રે યોગદાન આપ્યું છે, આપણે સૌ પણ આ વિરાસતના જ ભાગરૂપ છીએ. સમાજ પ્રત્યેના દાયિત્વને આપણા શૈક્ષણિક સંકુલ થકી ઉજાગર કરતા રહીએ એવી પારસ્પરિક શુભભાવના સાથે પુનઃ સૌને આંતરરાષ્ટ્રીય મહિલા દિનના પૂર્વ દિને એસ.એલ.યુ. કૉલેજ પરિવાર વતી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.''

- **વિભાગીય પ્રવૃત્તિ:**

  વર્ષ દરમિયાન વિભાગ તેમજ વિભાગીય અધ્યાપકો દ્વારા વ્યક્તિગત રીતે અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ તેમ આંતરવિભાગીય પ્રવૃત્તિઓનું પણ આયોજન થયું. જેની વિગત આંતરવિભાગીય વિભાગમાં  તેમજ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં દૃષ્ટિગોચર થાય છે.

## ★ કોમર્સ વિભાગ:

### શૈક્ષણિક મુલાકાત:

તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ડૉ. શીતલ રાઠોડની નિશ્રામાં B.Com SEM-VI ની વિદ્યાર્થિનીઓએ Ganpat Universitty ની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, Placement જોગવાઈઓ વગેરે વિશે માહિતી મેળવી. તદ્ઉપરાંત ગમ્મત સાથે જ્ઞાનની શૈક્ષણિક પધ્ધતિનો પણ વિવિધ Games ના માધ્યમથી સ્વગત  અનુભવ કર્યો.

**Open Book Exam:**

તા. ૨૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અમદાવાદ સ્થિત City C.U. Shah Commerce College દ્વારા આયોજિત **Open Book Exam-Intercollege Competition**માં SEM-VI ની વિદ્યાર્થિનીઓ- શરમિનબેગમ સૈયદ, લલિતા પ્રજાપતિ તથા નેહા વાઘેલાએ ભાગ લીધો. જેમાં **શરમિનબેગમ સૈયદ દ્વિતીય સ્થાને** વિજેતા બની.

**Commerce Idol Competition:**

તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ અમદાવાદ સ્થિત City C.U. Shah Commerce College દ્વારા આયોજિત Commerce Idol ના નેજા હેઠળ State Level Competition નું આયોજન થયું. જેમાં SEM-VI ની વિદ્યાર્થિનીઓ-શરમિનબેગમ સૈયદ, લલિતા પ્રજાપતિ તથા નેહા વાઘેલા-એ ભાગ લીધો.

**Commerce ?uiz: 2023-24:**

તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ડૉ. કંદર્પ ચાવડાના માર્ગદર્શન હેઠળ SEM-VI ની વિદ્યાર્થિનીઓ માટે Commerce **?uiz: 2023-24 અંતર્ગત Quiz** નું આયોજન કરવામાં આવ્યું. Commerce ના અભ્યાસક્રમ આનુષંગિક ગુજરાત યુનિવર્સિટી દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં પૂછાયેલ MCQ આધારિત આ Quiz માં qualifying, Semi-final and final એમ ત્રણ રાઉન્ટ કરવામાં આવેલ, જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. ભાગ લેનાર તથા વિજેતા બનનારને યથા યોગ્ય પ્રમાણપત્ર ઍનાયત કરવામાં આવ્યાં. **Winner Team** ની વિદ્યાર્થિનીઓ: **Seeta Madrecha, Shruti Mudaliyar, Naushin Meman, Rezebbanu Sanghariyat, Sharmin Saiyed.**

**M.Com:**

વર્ષ ૨૦૨૩-૩૦૨૪ દરમિયાન વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમના અનુસંધાનમાં આયોજિત Seminar, Group Discussions માં ભાગ લીધો.

- ❑ **પ્રા. ભરત પટેલ:**

- ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટડીઝ (કોમર્સ)ના સભ્ય તરીકે સક્રિયરૂપે કાર્યરત (નિયુક્ત ૨૨/૦૭/૨૦૨૧: સમિતિ અવધિ: ૨૨/૦૭/૨૦૨૧ થી ૨૧/૦૭/૨૦૨૪)
- અધ્યાપક સહાયકની ભરતી માટેની પસંદગી સમિતિમાં કોમર્સ / એકાઉન્ટન્સીના વિષય તજજ્ઞ તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટીની કોમર્સ વિદ્યાશાખાની વિવિધ પરીક્ષાના સંદર્ભમાં કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિના સભ્ય તરીકે સક્રિયપણે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

- ❑ **ડૉ. શીતલ રાઠોડ:**

- તા. ૯-૨૨ ઓક્ટોબર, ૨૦૨૩ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના UGC-HRDC (University Grants Commission-Human Resource Development Centre) દ્વારા આયોજિત 4th Online Refresher Course in Commerce and Management માં સહભાગી થયાં. **Note: Obtained Grade A.**
- તા. ૫ જુલાઈ, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત Smt. A P Patel Arts and Late Shri N P Patel Commerce Collegeના IQAC દ્વારા આયોજિત 'Implementation of the NEP-2020 Methodology, Ways and Means' વિષયક National Seminar માં સહભાગી થયાં.
- ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્ટડીઝ (Accounting including Costing) ના સભ્ય તરીકે સક્રિયરૂપે કાર્યરત (નિમણુંક: ૨૨/૭/૨૦૨૧; સમિતિ અવધિ: તા. ૨૨/૭/૨૦૨૧ થી તા. ૨૧/૭/૨૦૨૪)
- Pinaki Technno Gandhinagar ના Sachetas' - Online Journalના Editorial Boardના સભ્ય તરીકે કાર્યરત (નિયુક્તિ તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૨) ૨૦૨૩-૨૦૨૪માં Chief editor તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

- ❑ **ડૉ. શીતલ રાઠોડ તથા ડૉ. કંદર્પ ચાવડા:**

તા. ૧૮-૨૩ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન અમદાવાદ સ્થિત KCG (Knowledge Consortium of Gujarat-Education) દ્વારા initiative TERTH (Training for Excellence, Efficiency & Research Towards Higher Education) ના નેજા હેઠળ આયોજિત 'Accountancy' વિષયક Faculty Development Programme માં સહભાગી થયાં.

- ❑ **ડૉ. કંદર્પ ચાવડા:**

- ઓક્ટોબર ૨૦૨૩ દરમિયાન અમદાવાદ સ્થિત ગૂજરાત વિદ્યાપીઠના life-long learning Department દ્વારા આયોજિત 'Organization Development' વિષયક Guest lecture Seriesમાં as a resource person ઉપસ્થિત રહી, વિષયોચિત વક્તવ્યો આપ્યાં.

- તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ મહેસાણા (ગુજરાત)માં Shri V. R. Patel College of Commerce - Mehsana તથા V. N. S. B. Ltd Arts & Commerce College Vadnagar ના સંયુક્ત ઉપક્રમે આયોજિત Impact of National Education Policy 2020 on Research in Higher Education વિષયક International conference on LSRM - 2024 (Literature, Social Sciences, Regional Studies & Management Practices-2024) માં સહભાગી થયાં.
- Cleared 10th Standard Second language 'Hindi' Exam with 79 marks out of 100.
  Note: Month & year of the exam: March-2023.
- **પ્રકાશન:**

  **પેપર:**

- 'A case study of Reliance Foundation as a social Entrepreneur'; SOHAM-an International Multidisciplinary Peer Reviewed journal; ISSN-2350-0697; Impact Factor: 5.810; Volume-38; Issue XIV; Oct-Dec-2023; Page: 9-16.'
- 'Financial Fraud detection- a case study of Adani Enterprise'; in UGC care listed journal-Rabindra Bharati University Journal of Economics; ISSN-0975-802X; Vol:XVIII; January-2024; Page: 98-105; Co-author Vaibhav Gallani.
- 'An Analytical study on Financial Destress level of Automobile Industries in India'; IDEAL Research Journal; ISSN: 2319-35gX; Impact Factor-7.537; Valume-XII; Issue-II; March-August-2024; Page: 46-65. Co-author Vaibhav Gallani.

- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

❑ **ડૉ. સંજયકુમાર રાવલ:**

- તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ કૉલેજના આંકડાશાસ્ત્રના અધ્યાપક સહાયક તરીકે નિમણૂંક થતા હાજર થયાં. (સંદર્ભ: E-GYAN No-18; ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તા. ૦૩/૧૦/૨૦૨૩ના પત્રાંક કવટ / ISCB / ભરતી / ૨૦૨૩/૧૫ NOC અનુસંધાને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના ભલામણ પત્ર ક્રમાંક: CHE/RAS 2023/2023-24/132 તા. ૧૩/૦૧/૨૦૨૪; ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના પત્રાંક: ભરતી પ્રક્રિયા/નિમણૂંક/૨૦૨૩-૨૦૨૪/૫૨ તા. ૧૩/૦૧/૨૦૨૪).

- તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ગાંધીનગરમાં Government Commerce College દ્વારા આયોજિત 'Statistical Theory and Its Applications' વિષયક State level conference માં Market equilibrium under dynamic states of demand and supply functions વિશે પેપર રજૂ કર્યું.

- ગુજરાત યુનિવર્સિટીની સ્ટેટેસ્ટિક્સ વિષયની વિવિધ પરીક્ષાના સંદર્ભમાં કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિના સભ્ય તરીકે સક્રિયપણે કાર્યરત
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

★ **અર્થશાસ્ત્ર વિભાગ:**

❑ **ડૉ. કેતન મહેતા:**

- તા. ૧૮-૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન Gujarat University ના MMTTC (Malaviya Mission

Teacher Training Centre દ્વારા આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત Environmental Studies Economics વિષયક Online Refresher Course માં સહભાગી થયાં. **Note : Obtained Grade A.**

- તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં LD Arts College ના Department of Economics તથા GEA (Gujarat Economic Association) ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'How to write a Reseach paper' વિષયક workshop માં સહભાગી થયાં.
- તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં LD Arts College ના Department of Economics દ્વારા આયોજિત 'Indian Financial Systems: Paradigmatic Shift, Challenges and Scope વિષયક National level workshop' માં સહભાગી થયાં.
- તા. ૧૮-૨૯ માર્ચ, ૨૦૨૪ દરમિયાન અમદાવાદમાં Gujarat University ના UGC-MMTTC (Malaviya Mission Teacher Training Centre) દ્વારા MM-TTP (Malaviya Mission-Teacher Training Programme) અંતર્ગત આયોજિત On line NEP 2020 Orientation & Sensitization Programme માં સહભાગી થયાં.

**પ્રકાશન:**

**પેપર:**

=> **Surabhai -** International Peer-Reviewed Referred Journal ISSN: 2349: 4557; Impact factor:4.5 માં...

- 'Role of Social Media in the Society' - Vol-1; Issue-74; May-2023; Page: 1-5.
- 'Gender and Digital Divide' - Vol-1; Issue-75; June-2023; Page:1-4.
- 'The Economic Conseguences of Gender Inequality' - Vol-1; Issue-76; July-2023; Page 1-5.

=> **Ayudh**- International peer-Reviewed Referred Journal ISSN: 2321;2160; Impact factor: 5.1 માં...

- 'Role of Artificial Intelligence in Governance' ; Vol-1; Issue-96; May-2023; Page: 15-18.
- 'Gender Budgeting'; Vol-1; Issue-97; June-2023; Page 1-4.

- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજિત સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાના સંચાલન માટે 'મંડળના પ્રતિનિધિ' તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાના સંચાલન માટે 'આયોગના પ્રતિનિધિ' તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) નવી દિલ્હી દ્વારા અમદાવાદમાં આયોજિત Civil Services (main) પરીક્ષાના સંચાલન માટે Local Inspecting Officer તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલય-ગાંધીનગરની પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

- **ડૉ. કેતન મહેતા તથા ડૉ. ટવીન્કલ ચૌધરી**

  તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ Pilvai (Dist. Mahesana) માં Shri U.P. Arts, Smt. M. G. Panchal Science and Shri V. L. Shah Commerce College, Dr. J. D. Talati Vidhyasankulના Department of Economics, History & Psychology દ્વારા આયોજિત Socio-Economic Impact and Experience of Economic Liberalization in India વિષયક National level Seminar માં સહભાગી થયાં. જેમાં

  - ડૉ. કેતન મહેતાએ 'Effects of Economic Liberalization in India' વિશે.
  - ડૉ. ટવીન્કલ ચૌધરી એ 'ભારતમાં આર્થિક ઉદારીકરણની અસરો' વિશે ....

  પેપર રજૂ કર્યું.

- **ડૉ. આશા રાઠવા:**

- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજિત સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાના સંચાલન માટે 'મંડળના પ્રતિનિધિ' તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાના સંચાલન માટે 'આયોગના પ્રતિનિધિ તરીકે નિમણૂંક થતા કાર્યરત'.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

- **ડૉ. ટવીન્કલ ચૌધરી:**

- તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ મુનપૂર (જિ. પંચમહાલ-મહીસાગર) સ્થિત Smt. C. R. Gardi Arts Collegeના IQAC દ્વારા આયોજિત 'CAS Guidance' વિષયક Online Workshop માં સહભાગી થયાં.
- તા. ૧૬-૨૨, ઓક્ટોબર, ૨૦૨૩ દરમિયાન અમદાવાદ સ્થિત Mahatma Gandhi Labour Institute (MGLI-Labour, Skill Development & Employment Department, Government of Gujarat) દ્વારા આયોજિત 'Labour Research: Case study and Thematic Analysis' વિષયક Online Mode Short Term Research Programme માં સહભાગી થયાં.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ હોમસાયન્સ વિભાગ:

આ વિભાગ દ્વારા તમામ પ્રવૃત્તિઓ ભૂતપૂર્વ અધ્યક્ષા સ્વ. શ્રી ગીતાબહેન દિક્ષીતની સ્મૃતિમાં કરવામાં આવે છે.

**Workshop:**

તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ડૉ. નયના પ્રજાપતિ તથા ડૉ. પિંકેશકુમારી ગર્ગ (પૂર્વ પ્રાધ્યાપિકા)ની નિશ્રામાં SEM-V ની વિદ્યાર્થિનીઓ માટે 'Food Preservation' અંતર્ગત Workshop નું

આયોજન કૉલેજમાં કરવામાં આવ્યું. શ્રી પ્રવીણભાઈ રામજીભાઈ પટેલ (આસિસ્ટન્ટ ઈન્સ્ટ્રક્ટર-ફૂડ કેનિંગ સેન્ટર, મદદનીશ બાગાયત નિયામક કચેરી, પોલિટેક્નિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ જામ, જેલી, સુકવણી, કેચપ, કેનિંગ, બોટલીંગ, સ્કવોશ, અથાણાં, શરબત વગેરે વિશે પ્રાયોગિક અને સૈધ્ધાંતિક માહિતી મેળવી.

❑ **ડૉ. નયના પ્રજાપતિઃ**

- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

  નોંધઃ બી.એ. SEM-IV (હોમસાયન્સ)ની થીયરીની પરીક્ષાના ચેરપર્સન તરીકે કામગીરી કરી.
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ ગુજરાતી વિભાગઃ

- **ગુજરાતી વિભાગના યજમાન પદે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા**

તા. ૧૮ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ગુજરાતી વિભાગ - એસ.એલ.યુ. કૉલેજ તથા ગુજરાતીનો અધ્યાપક સંઘના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી વિષયના (SEM-I, III, V) અભ્યાસક્રમ આનુષંગિક વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું.

વ્યાખ્યાનમાળાની પૂર્વ તૈયારીમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિએ સક્રિય કામગીરી કરી.

વ્યાખ્યાનમાળામાં કૉલેજના વિભાગીય અધ્યાપકો, વિદ્યાર્થિનીઓ સહિત શહેરની અન્ય કૉલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર સહભાગી થયાં.

વ્યાખ્યાનમાળાના પ્રારંભમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, ગુજરાતી વિભાગની પ્રવૃત્તિઓને ટાંકીને વ્યાખ્યાનમાળાના કાર્યક્રમને બિરદાવી, શુભેચ્છાઓ પાઠવી.

**વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા અંતર્ગત...**

- **ડૉ. હિમ્મત ભાલોડિયા** (આચાર્ય; અધ્યક્ષ-ગુજરાતી વિભાગ, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ (સાંજની), અમદાવાદ) એ 'શ્રેષ્ઠ ગુજરાતી ખંડકાવ્યો' વિશે,
- **ડૉ. ચીમનલાલ પટેલ** (પ્રોફેસર-ગુજરાતી વિભાગ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) એ 'ચંદ્રહાસ વ્યાખ્યાન' વિશે
- **ડૉ. સંજય પટેલ** (આસિસ્ટન્ટ પ્રૉફેસર-ગુજરાતી વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર) એ 'સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ' વિશે

...વ્યાખ્યાન આપ્યાં.

વ્યાખ્યાન બાદ પ્રશ્નોતરી દ્વારા સહભાગીદારોએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

સહભાગી અધ્યાપકોએ સંયુક્ત રૂપે પ્રતિભાવ આપતા જણાવ્યું કે, ‘‘વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાની રચનાના હેતુઓ અને આયોજકોની સક્રિય ભાગીદારી જોવા મળી. એસ.એલ.યુ. કૉલેજના કાર્યક્રમોના સુઆયોજન ધ્યાનાકર્ષક જ હોય છે. કૉલેજ દિન-પ્રતિદિન ઉન્નતિ કરતી રહે તેવી અમારી શુભેચ્છાઓ.’’

પ્રતિનિધિરૂપ વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપતા જણાવ્યું કે, "આજના કાર્યક્રમથી અમને ઘણુ નવું જાણવા મળ્યું. અમારા અભ્યાસક્રમને જુદી પધ્ધતિથી જોયો, જે અમારી વૈચારિકશક્તિને ખીલવવામાં જરૂર ઉપયોગી બનશે. વિવિધ વક્તાઓને પ્રત્યક્ષ સાંભળ્યાનો પણ આનંદ છે. એસ.એલ.યુ. કૉલેજ દ્વારા વ્યવસ્થા પણ સરસ કરવામાં આવી છે."

વ્યાખ્યાનમાળાના સમાપને ડૉ. અર્ચના પંડ્યા (એસોસિયેટ પ્રૉફેસર અને અધ્યક્ષ-ગુજરાતી વિભાગ) એ ગુજરાતીનો અધ્યાપક સંઘ, આમંત્રિતો, સહભાગીદારો સહિત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક ભૂમિકા ભજવનાર સૌ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

સમગ્ર વ્યાખ્યાનમાળા કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. વર્ષા પ્રજાપતિ (આસિસ્ટન્ટ પ્રૉફેસર- ગુજરાતી વિભાગ, મંત્રી-ગુજરાતીનો અધ્યાપક સંઘ, ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ વિસ્તાર) એ કર્યું.

- **ગુજરાત વિભાગના યજમાનપદે શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતીની ઉજવણીઃ**

તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૭મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે ગુજરાતી વિભાગના યજમાનપદે અખિલ ભારતીય સાહિત્ય પરિષદ, કર્ણાવતી મહાનગર એકમ, અમદાવાદના સહયોગથી વ્યાખ્યાન અને કાવ્યગાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમની પૂર્વ તૈયારીમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિએ સક્રિય કામગીરી કરી.

કાર્યક્રમમાં કૉલેજના વિભાગીય અધ્યાપકો, ગુજરાતી વિષયનો અભ્યાસ કરનાર SEM-I, III, V ની વિદ્યાર્થિનીઓ સહિત કૉલેજ પરિવારજનો, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના હોદ્દેદારો, અખિલ ભારતીય સાહિત્ય પરિષદના સદ્સ્યો તેમજ સાહિત્યના રસિકો ઉપસ્થિત રહ્યાં.

મુખ્ય વક્તા તરીકે **શ્રી અરવિંદ બારોટ** (જાણીતા લોક ગાયક અને લોક સાહિત્યકાર, કવિ) ઉપસ્થિત રહ્યાં.

કાર્યક્રમના પ્રારંભમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સૌને આવકારી, એસ.એલ.યુ. કૉલેજમાં રાષ્ટ્રીય શાયરની જન્મજયંતીની ઉજવણી પ્રત્યે ખુશી વ્યક્ત કરી, ગુજરાતી વિભાગની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરી, કાર્યક્રમને શુભેચ્છા પાઠવી. મુખ્ય વક્તાશ્રીનું સ્મૃતિભેટ આપી અભિવાદન કર્યું.

મુખ્ય વક્તાશ્રી અરવિંદ બારોટે ઝવેરચંદ મેઘાણી કૃત 'પહાડનું બાળક' વિશે મનનીય વક્તવ્ય સહ ગાન તેમજ કાવ્યપઠન દ્વારા આગવી શૈલીથી રજૂઆત કરી.

વિશેષમાં, ગુજરાતી વિષયની વિદ્યાર્થિનીઓએ પણ કાવ્યપઠન તેમજ ગાન દ્વારા પોતાની અભિવ્યક્તિને ઉજાગર કરી.

સમગ્ર વાતાવરણ સાહિત્ય-કલામય બની રહ્યું.

કાર્યક્રમના સમાપને ડૉ. અર્ચના પંડ્યા (અધ્યક્ષ-ગુજરાતી વિભાગ) એ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર-સહયોગ આપનાર સૌ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

સમગ્ર કાર્યક્રમનું સુચાર, સંચાલન ડૉ. વર્ષા પ્રજાપતિ (આસિસ્ટન્ટ પ્રૉફેસર-ગુજરાતી વિભાગ) એ કર્યું.

- **વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીઃ 'માતૃભાષા વંદના':**

તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી 'માતૃભાષા વંદના' અંતર્ગત કરવામાં આવી.

ડૉ. અર્ચના પંડ્યાની નિશ્રામાં 'ગુજરાતી-મારી માતૃભાષા' અંતર્ગત વિદ્યાર્થિનીઓ માટે કાવ્ય પઠન તેમજ વાચિકમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

ઉજવણીના પ્રારંભમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે માતૃભાષા દિવસની શુભેચ્છા પાઠવી, માતૃભાષાની જીવનમાં ઉપયોગિતા / મહત્તા સદષ્ટાંત દર્શાવી, એના સંરક્ષણ અને સંવર્ધનની જવાબદારી વિશે રજૂઆત કરી.

ડૉ. અર્ચના પંડ્યાએ પ્રસંગોચિતક ઉદ્‌બોધન કર્યું. વિદ્યાર્થિનીઓએ વિષયોચિત કાવ્યપઠન તેમજ મધુરાય લિખિત 'કાહે કોયલ શોર મચાયે' એકાંકીનું વાચિકમ્ કરી 'માતૃભાષા વંદના' કાર્યક્રમને સફળ બનાવ્યો.

- **શૈક્ષણિક મુલાકાતઃ**

તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ડૉ. અર્ચના પંડ્યાના નેતૃત્વ હેઠળ SEM-III અને V ની વિદ્યાર્થિનીઓએ આનુષંગિક અમદાવાદ સ્થિત માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય (M.J. Library) ની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન ગુજરાતી અને દેશ-વિદેશના સર્જકોના પુસ્તકો, ગુજરાતી સર્જકોની છબિઓ, મહિલા, બાળ તેમજ અન્ય વિભાગોમાં વિષયોચિત પુસ્તકો તેમજ સામયિકો નિહાળ્યાં. તદ્‌ઉપરાંત અંધજનો માટે પુસ્તકોનું કઈ રેકોર્ડિંગ થાય છે તેની માહિતી મેળવી.

- **વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાઃ**

  તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ડૉ. વર્ષા પ્રજાપતિના નેતૃત્વ હેઠળ Sem-III અને V ની વિદ્યાર્થિનીઓ અમદાવાદમાં ગુજરાતીનો અધ્યાપક સંઘ અને એમ.પી. આટ્‌ર્સ એન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેનના સંયુક્ત ઉપક્રમે આયોજિત વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત રહ્યાં.

- **પરિસંવાદઃ**

  તા. ૯ માર્ચ, ૨૦૨૪ના રોજ ડૉ. વર્ષા પ્રજાપતિના નેતૃત્વ હેઠળ Sem-IV અને VI ની વિદ્યાર્થિનીઓ ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તથા અસ્મિતા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ધીરૂબહેન પટેલનું સમગ્ર સાહિત્ય' વિષયક રાજ્યકક્ષાના પરિસંવાદમાં સહભાગી બની. જેમાં ડૉ. વર્ષા પ્રજાપતિએ 'ધીરૂબહેન પટેલની ટૂંકી વાર્તાઓમાં નારી ચેતના' વિશે વક્તવ્ય આપ્યું.

- **પ્રતિબિંબ-ભીંતપત્રઃ**

  પ્રતિવર્ષની જેમ સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓએ વિભાગીય અધ્યાપકોના માર્ગદર્શન અને માતૃભાષા ગુજરાતીને લક્ષમાં રાખી, તેના વિવિધ પાંસાને આનુષંગિક માહિતી એકત્રિત કરી, પ્રતિબિંબમાં રજૂ કરી.

❑ **ડૉ. અર્ચના પંડ્યાઃ**

- તા. ૧૬ માર્ચ, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં St. Xavier's College (Autonomous) ના ગુજરાતી વિભાગ દ્વારા Gujarat Sahitya Akademi, Gandhinaga ના સહયોગથી આયોજિત 'Literary and Cultural Contribution of Fr. Valles' વિષયક International Seminar માં સહભાગી થયાં.
- ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના અનુસ્નાતક વિભાગમાં Visiting Facultry તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

❑ **ડૉ. વર્ષા પ્રજાપતિઃ**

- તા. ૧૮-૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન Gujarat University ના MMTTC (Malaviya Mission Teacher Training Centre) દ્વારા આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત 'Languages' Gujarati વિષયક Online Reforesher Course માં સહભાગી થયાં. **Note : Obtained Grade A.**
- તા. ૨૪-૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન જૂનાગઢમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી તથા ડૉ. સુભાષ મહિલા કૉલેજ રૂપાયતનના સંયુક્ત ઉપક્રમે આયોજિત ગુજરાતીનો અધ્યાપક સંઘના ૭૩મા વાર્ષિક અધિવેશનમાં ઉપસ્થિત રહ્યાં.

  **નોંધઃ** અધિવેશનમાં સંતવાણી વિમર્શ બેઠકનું સંચાલન કર્યું.

**વક્તા તરીકે...**

- તા. ૨૯ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં ગુજરાત આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ (સાંજની) ના ગુજરાતી વિભાગ તથા RUSA (Rashtriya Uchchatar Shiksha Abhiyan) ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાતી ભાષાઃ વ્યાકરણ, લેખન અને સાહિત્ય સંદર્ભે' વિષયક સર્ટિફિકેટ કોર્ષમાં (૧૭ ઓગસ્ટ-૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન) 'પત્રલેખન' વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા. ૭ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત ગૂજરાત વિદ્યાપીઠના ગુજરાતી ભાષા-સાહિત્ય વિભાગ દ્વારા આયોજિત ગ્રંથવિમર્શ કાર્યક્રમમાં પથિક પરમાર કૃત વિવેચનસંગ્રહ- 'ગુજરાતી ગીત સ્વરૂપ અને વિકાસ' વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે વડાલી (જિ. સાબરકાંઠા)માં શેઠશ્રી ભૂરાલાલ છગનલાલ શાહ આર્ટ્સ કૉલેજ તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના

સંયુક્ત ઉપક્રમે યોજાયેલ માતૃભાષા મહોત્સવ અંતર્ગત 'ગુજરાતી કવિતાના આસ્વાદ' વિશે વ્યાખ્યાન આપ્યું.

**સ્વરચિત કાવ્યપઠન...**

=> તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં ભારતીય વિદ્યાભવન અને ઈન્ફોસિસ ફાઉન્ડેશન દ્વારા આયોજિત Cultural Outreach Programme અંતર્ગત 'અજવાળુ અનુભૂતિનુ' વિષયક કવયિત્રી સંમેલનમાં કાવ્યપઠન કર્યું.

=> તા. ૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અમરેલીમાં આયોજિત શ્રી મુકેશ દવેના કાવ્ય સંગ્રહ વિમોચન સમારોહમાં વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા અને કાવ્યપઠન કર્યું.

=> તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલયની એસ.એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અંતર્ગતના શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના કાર્યક્રમમાં કાવ્યપઠન કર્યું.

=> તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ ગાંધીનગરમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, (મહિલા કૉલેજ કેમ્પસ, સેક્ટર-૭) યજમાનપદે ગુજરાતી ગાંધીનગર સાહિત્યસભા તથા વિશ્વ ભાસ્તી સંસ્થાન સંયુક્ત ઉપક્રમે આયોજિત 'જૂઈ મેળો' - કવિ સંમેલનમાં કાવ્યપઠન કર્યું.

=> તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ Panjim (Goa) Institute Menezes Braganza દ્વારા આયોજિત multilingual Kavi Sammelan માં કાવ્યપઠન કર્યું.

**પ્રસારણ...**

=> તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૩ના રોજ GTPL ચેનલ ૨૮૨ પર દિવાળી નિમિત્તે કાવ્યરસ અંતર્ગત પ્રસારિત દિવાળી વિશેષ કવિ સંમેલનમાં કાવ્યપઠન કર્યું.

=> તા. ૮ માર્ચ, ૨૦૨૪ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે GTPL ચેનલ ૨૮૨ 'કાવ્યહેલી' અંતર્ગત પ્રસારિત કવિસંમેલનમાં કાવ્યપઠન કર્યું.
(સહયોગ-WDC, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર)

**પ્રકાશન:**

**પુસ્તક:**

- 'હાથ જાજમ થઈ જતાં' - ગઝલ સંગ્રહ; ISBN-9788119542062, ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ.
- અલખ મલક અજવાળું - કાવ્યસંગ્રહ; ISBN-9788119542, 109, ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ.
- 'નવલકથા વિશેષ' - વિવેચન પુસ્તક; ISBN-978-93-91920-09-8, ફલેમિંગો પબ્લિકેશન્સ, અમદાવાદ.

**લેખ:**

=> 'કવિતા નામે સંજીવની: જળ થી તળની કવિતા'- (શ્રી સંજુવાળાના ગઝલસંગ્રહ આધારિત); શબ્દસર, ISSN-2249-2933; અંક-૨૬૫, સપ્ટેમ્બર-૨૦૨૩; પૃષ્ઠ ૬૧ થી ૭૫.

=> 'રાજસ્થાની અને ગુજરાતી લગ્નગીતોનો તુલનાત્મક અભ્યાસ'- લોક ગુર્જરી; ISSN-23208872; સળંગ અંક-૬૮, જૂન-૨૦૨૩; પૃષ્ઠ ૨૦થી ૩૯.

=> 'સ્વયંભૂ સર્જકતાનો ઉન્મેષઃ ઉડતુ ભાળ્યું અંધારું' (શ્રી સ્નેહી પરમારની ગઝલો આધારિત); શબ્દસૃષ્ટિ; ISSN-23193220; સળંગ અંક-૪૭૩, અંક-૪, એપ્રિલ-૨૦૨૩; પૃષ્ઠ ૯૫ થી ૧૦૫.

=> 'સ્વયંભૂ સર્જકતાનો ઉન્મેષઃ ઉડતુ ભાળ્યું અંધારું' (શ્રી સ્નેહી પરમારના ગીતો આધારિત); શબ્દસૃષ્ટિ; ISSN-23193220; સળંગ અંક-૪૭૫, અંક-૬; જૂન-૨૦૨૩; પૃષ્ઠ ૯૭ થી ૧૦૯.

=> 'નાના જણની પીડાવાહક નૌકા એટલે યદા તદા ગઝલ' (શ્રી સ્નેહી પરમારના ગઝલ સંગ્રહ આધારિત); અધીત પર્વ : ૬ કાવ્ય સમીક્ષા; ગુણવંત વ્યાસ તથા અન્ય (સં.); ISBN-978-81-19542-14-7; ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ; પૃષ્ઠઃ ૩૫૨ થી ૩૬૬.

=> 'હણહણાટી-માનવીય મથામણોનો આત્મધ્વનિ'; મોહન પરમાર અધ્યયન ગ્રંથ-૧ (નવલિકા); ભરત મહેતા (સં.); ISBN:978-81-19150-51-9, રન્નાદે પ્રકાશન, અમદાવાદ પ્રકાશન વર્ષ-૨૦૨૩; પૃષ્ઠઃ ૨૮૯થી ૩૦૦.

=> 'પંડિતયુગની કવિતામાં ભારતીયતા-૧'; તાદર્થ્ય; ISSN 2278-4640; અંક-૩; સપ્ટેમ્બર-૨૦૨૩; પૃષ્ઠઃ ૧૬ થી ૨૬.

=> 'પંડિતયુગની કવિતામાં ભારતીયતા-૨'; તાદર્થ્ય; ISSN 2278-4640; અંક-૪, ડિસેમ્બર, ૨૦૨૩; પૃષ્ઠઃ ૩૦ થી ૪૩.

**સ્વ-રચિત કવિતા/ગીત...**

=> 'અમે તમારે આંગણ ઝૂલ્યા'-ગીત; કવિતા; માર્ચ-એપ્રિલ, ૨૦૨૩,

=> 'અલખ મલક અજવાળું - કાવ્ય'; 'શબદ'-દીપોત્સવી અંક, ગાંધીનગર સાહિત્ય સભા; વર્ષ-૨૦૨૩; પૃષ્ઠઃ ૩૨.

=> 'હવે દુનિયાને જોવાની તમન્ના ખોઈ બેઠી છું-કાવ્ય'; ફિલિંગ્સ -Online magazine; www.feelingsmultimedia.com; ફેબ્રુઆરી-૨૦૨૪; પૃષ્ઠઃ ૩૦.

=> 'પધારો આપ તો ઘર મારુ તીરથધામ થઈ જાશે-કવિતા'; અટલ સવેરા-કાવ્યધારા કોલમ પ્રશાંત સોમાણી (સંકલન); સુરત; ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૩.

=> 'ઘર અમારું નહીં મળે કોઈ નકશામાં'-કાવ્ય;માય ગુજરાત-સાપ્તાહિક સમાચારપાત્ર, તા. ૨૮ માર્ચ, ૨૦૨૪.

=> ગુજરાતીનો અધ્યાપક સંઘના (ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ વિસ્તાર) મંત્રી તરીકે નિયુક્તિ થતા સક્રિયપણે કાર્યરત.

=> ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ हिन्दी विभाग:

**हिन्दी दिवस (१४, सितंबर, २०२३)**

प्रति वर्ष की तरह इस साल भी हिन्दी दिवस के उपलक्ष्य में आयोजित कार्यक्रमों में (काव्यपठन, दोहो का पाठ, चर्चा, रेली) SEM-I, III, V की छात्राओने विभागीय अध्यापको कि निश्रा में बढ़-चढ़ कर हिस्सा लिया।

कार्यक्रमो के दोरान कार्यकारी आचार्य डॉ. शैलजा ध्रुवने हिन्दी विभाग को आयोजित कार्यक्रमों के लिए शुभेच्छा प्रदान की। साथ में हिन्दी भाषा को भारतीय राज भाषा के रुप में कैसे स्वीकार किया गया, उस की पृष्ठभूमि, तारीख का निर्णय, हिन्दी का महत्व, संपर्क-व्यवहार में हिन्दी की उपयोगिता आदि मुदे पर अपना उदबोधन किया।

विभागीय अध्यक्षा डॉ. निशा जोशीने हिन्दी दिवस पर आयोजित कार्यक्रमों से भाषा के प्रति बढ़ती जागृति पर अपने विचार रखे। प्रा. डॉ. रावजी कोटवालने तीनो कार्यक्रमों का सुचारुं संचालन करते हुए कार्यक्रमों का सुचारुं संचालन करते हुए कार्यक्रम में सहभागी बने सभी छात्राओं को प्रोत्साहित किया।

**काव्यपठन एवं दोहों का पाठ:**

हिन्दी दिवस के उपलभ्य में आयोजित इस कार्यक्रम में SEM-I, III, V की छात्राओं ने हिन्दी के जाने-अनजाने कविगण से लिखे गये भावना प्रद दोंहों एवं काव्य रचनाओं का उत्साह के साथ पठन किया।

**चर्चा:**

'हिन्दी भाषा के महत्व' के संदर्भ में आयोजित चर्चा में भी SEM-I, III एवं V की छात्राओंने उत्साह के साथ हिस्सा लिया। इस चर्चा में विभागीय अध्यापको ने भी अपने अपने विचार व्यक्त किये।

**रेली:**

हिन्दी दिवस के उपलभ्य में एस.एल.यु. कॉलेज केम्पस में ही भव्य रेली का आयोजन किया गया। विभागीय अध्यक्षा डॉ. निशा जोशी, प्रा.डॉ. रावजी कोटवाल के नेतृत्व में आयोजित इस रेली में SEM-I, II, V की छात्राओं ने हिन्दी भाषा के महत्व को उजागर करते हुए प्लेकार्ड के साथ बढ़-चढ़ कर हिस्सा लिया। इस रेली में श्री सोमाभाई पटेल (नियामकश्री-गुजरात स्त्री केणवणी मंडण); कार्यकारी आचार्य डॉ. शैलजा ध्रुव एवं एस.एल.यु. कॉलेज परिवारजनो भी सहभागी हुए।

कार्यक्रम के समापन में डॉ. निशा जोशी एवं डॉ. राजवी कोटवालने कार्यक्रम कि सफलता में प्रत्यक्ष या परोक्ष रुप से सहयोग देनेवाले सभी के प्रति आभार व्यक्त किया।

❑ **डॉ. निशा जोशी:**

- अध्यापक सहायक भरती के लिए पसंदगी समिति में हिन्दी के विषय निष्णात के रुप में नियुक्त और कार्यरत्।

- गुजरात युनिवर्सिटी संलग्न परीक्षालक्षी कामगीरी में कार्यरत्.

  नोंध: BA SEM-V (हिन्दी) की परीक्षा के चेरमेन (Chairperson) के रुप में कार्य किया।

❑ **डॉ. निशा जोशी एवं डॉ. रावजी कोटवाल:**

ता. २७ सितंबर, २०२३ को अहमदाबाद में साहित्य परिवार पत्रिका नडियाद, श्री एच के आर्ट्स कॉलेज एवं जी.एल.एस. (सदगुण एण्ड बी.डी.) कॉलेज फोर गर्ल्स के संयुक्त तत्वधान में आयोजित, डॉ. रामदरश मिश्र शताब्दी यात्रा विषयक राष्ट्रीय संगोष्ठी में सहभागी हुए, जिस में

- डॉ. निशा जोशीने 'रामदरश मिश्र के उपन्यासों में नारी संघर्ष' पर
- डॉ. रावजी कोटवाल ने 'रामदरश मिश्र की औपन्यासिक यात्रा' पर

.... प्रपत्र प्रस्तुत किए।

❑ **डॉ. रावजी कोटवाल:**

- ए.पी. पटेल आर्ट्स एन्ड कॉमर्स कॉलेज अहमदाबाद - अनुस्नातक विभाग में अध्यापन कार्य में सक्रिय रुप से कार्यरत।
- गुजरात युनिवर्सिटी संलग्न परीक्षालक्षी कामगीरी में सक्रिय रुप से कार्यरत्।

## ★ English Department:

### ❑ Dr. Madhusudan Mukerjee:

- Participated in the National Seminar on 'Convergence of Artificial Intelligence (AI) Digital Humanities (DH) and English Studies', Organized by the Department of English, Maharaja Krishnakumarsinhiji Bhavnagar University, Bhavnagar held on 29 March, 2024.
- Participated in Exam Oriented duties of Gujarat University.

### ❑ Dr. Rashmi Soni:

- Participated in the 3rd Global Dialogue 'Cultural Economy Conclave-India think Council in Association with Gujarat University, Ahmedabad, held During 8-10 December, 2023.
- Participated in the National Level Workshop on Indian Knowledge System : Local to Global Organized by Bharat Shodh Sansthan, Institute of Indic Studies' Gujarat University held on 10' October, 2023.
- Participated in exam Oriented duties of Gujarat University.

## ★ ભૂગોળ વિભાગઃ

**શૈક્ષણિક પ્રવાસઃ**

તા. ૧૧ માર્ચ, ૨૦૨૪ના રોજ SEM-VI ની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમ (પેપરઃ ૩૧૫; પ્રાયોગિક

ભૂગોળ)ને અનુલક્ષીને ડૉ. ઘનશ્યામ અંજારા તથા ડૉ. શ્વેતા ઝાલાના નેતૃત્વ હેઠળ 'પોળોના જંગલો - એક ભૌગોલિક પ્રવાસ' અંતર્ગત શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના વિજયનગર સ્થિત પોળોના જંગલોના શૈક્ષણિક પ્રવાસ દરમિયાન વિદ્યાર્થિનીઓએ પ્રદેશનું ભૂપૃષ્ઠ, કુદરતી વનસ્પતિ, જમીનના પાક તેમજ પાકપ્રથા, નદી પરના ડેમનું નિદર્શન તેમજ ડેમથી ખેતી પર થતી અસર વિશે માહિતી પ્રાપ્ત કરી.

❑ **ડૉ. ઘનશ્યામ અંજારા :**

- અધ્યાપક સહાયકની ભરતી માટેની પસંદગી સમિતિમાં ભૂગોળના વિષય તજજ્ઞ તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત NEP:2020 અભ્યાસક્રમ પ્રક્રિયામાં (SEM-I, II: ભૂગોળ) સહાયક ભૂમિકા ભજવી.
- ગુજરાત ભૂગોળ મંડળના ખજાનચી તરીકે કાર્યરત.
- સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

  નોંધ: SEM-V & VI (ભૂગોળ)ના ચેરમેન તરીકે નિયુક્ત થતા કાર્યરત.

❑ **ડૉ. ઘનશ્યામ અંજારા તથા ડૉ. શ્વેતા ઝાલા :**

તા. ૧૪-૧૬ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન પૂના (મહારાષ્ટ્ર) સ્થિત Savitribai Phule Pune University ના Department of Geography દ્વારા NAGI (National Association of Geographers, India) ના નેજા હેઠળ આયોજિત Environment, Development and Sustainability: The Exigency of Geography for a Resilient Future વિષયક 45th Indian Geography Congress. - International Conference માં સહભાગી થયાં. જેમાં

- ડૉ. ઘનશ્યામ અંજારાએ Geopolitics of Ladak and Livelihood of Indigenous Ladakhi Population at Crossroad' વિશે,
- ડૉ. શ્વેતા ઝાલાએ 'Food Inflamation in India: Identifying the Underlying Trend and Pattern' વિશે ... પેપર પ્રસ્તુત કર્યું.

**Note:** ડૉ. ઘનશ્યામ અંજારાએ એક Technical Session માં Co-Chair તરીકે કામગીરી કરી.

❑ **ડૉ. શ્વેતા ઝાલા:**

- તા. ૨૭-૩૧ માર્ચ, ૨૦૨૪ દરમિયાન Chennai (Tamil Nadu) સ્થિત Vellore Institute of Technology ના Department of Mathematics, School of Advanced Sciences દ્વારા આયોજિત 'Recent Developments in Statistics and its Applications in Data Science' વિષયક Online

Faculty Development Programme માં સહભાગી થયાં.

- ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આયોગના પ્રતિનિધિ તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

\- **પ્રા. કેતલ ત્રિવેદી :**

- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ ઈતિહાસ વિભાગઃ

**સેમિનારઃ**

ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું, જે અંતર્ગત

\- તા. ૮ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ ‘રાજપૂત યુગ (૯-૧૨મી સદી)’ વિષયક

\- તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ‘હડપ્પિયન સંસ્કૃતિ’ વિષયક

... સેમિનાર યોજાયાં. જેમાં વિદ્યાર્થિનીઓના Group કરવામાં આવ્યાં. પ્રત્યેક Group એ PPT દ્વારા વિષયોચિત વિવિધ પાસાઓની રજૂઆત કરી. સેમિનાર દરમિયાન ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે ઉદ્‌બોધન થકી ઈતિહાસ વિભાગ દ્વારા આયોજિત સેમિનારને બીરદાવી, ડૉ. હર્ષદભાઈની માર્ગદર્શક ભૂમિકાની નોંધ લઈ, વિદ્યાર્થિનીઓને અભિનંદન સહ્ શુભેચ્છાઓ પાઠવી.

❑ **પ્રા. નરવતસિંહ ડામોર :**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

❑ **પ્રા. નરવતસિંહ ડામોર તથા ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ :**

તા. ૩૦ માર્ચ, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં સદ્‌વિચાર પરિવાર તથા ગુજરાત ઈતિહાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે આયોજિત ગુજરાત ઈતિહાસ પરિષદના ૩૧મા જ્ઞાનસત્રમાં ‘આઝાદીના ૭૫ વર્ષના લેખા-જોખા ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં (૧૯૪૭ થી ૨૦૨૦)’ અંતર્ગત પોતાના વિચારો રજૂ કર્યા.

❑ **ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટઃ**

- તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ Vadali (Dist. Sabarkantha) સ્થિત Sheth Shree B. C. Shah Arts College દ્વારા આયોજિત ‘Cultural Diversities of Western India’ વિષયક National Seminar માં ‘ગુજરાતનો સાંસ્કૃતિક વારસો’ વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ વલ્લભવિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગ તથા ઈતિહાસ સંકલન સમિતિ - ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે આયોજિત ‘સ્વ, સ્વતંત્રતા અને પ્રતિરોધઃ અતીતથી વર્તમાન સુધી’ વિષયક National Symposium માં ‘આઝાદી કા અમૃત મહોત્સવ - લીંબડી સત્યાગ્રહ’ વિશે વિચારો રજૂ કર્યા.

- અધ્યાપક સહાયકની ભરતી માટેની પસંદગી સમિતિમાં ઈતિહાસના વિષય તજજ્ઞ તરીકે નિમણૂંક થતા કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટીના Ph.D (ઈતિહાસ) ગાઈડ તરીકે કાર્યરત.
- ગુજરાત ઈતિહાસ પરિષદના ઉપપ્રમુખ તરીકે સક્રિયપણે કાર્યરત.
- અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ નવી દિલ્હી-ગુજરાત પ્રાંતના ઉપપ્રમુખ તરીકે કાર્યરત.
- મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની પરીક્ષાલક્ષી કામગીરીમાં વિષય નિષ્ણાત તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ માનસશાસ્ત્ર વિભાગ:

### ❑ ડૉ. નીતા પટેલ :

- તા. ૨૬ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત Hospital for Mental Health, Human Care Rehabilitation Centre & Manas Charitable, Trustના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'Rehabilitation Council of India Act (RCI ACT)' વિષયક National Seminar માં સહભાગી થયાં.
- તા. ૮-૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન અમદાવાદમાં બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOD); Shankus-Natural Health Centre તથા NYMUCT (Nishargopchar Yog Manav Uttthan Charitable Trust) ના સંયુક્ત ઉપક્રમે આયોજિત અને મુખ્યત્વે Heart Foundation & Reseach Institute દ્વારા પ્રાયોજિત 'Clinical Research for Role of Psychology, Yoga and Naturopathy for wellbeing-A preventive and curative perspective along with Modern Science' વિષયક International Conference માં 'A study of effects of stress on Yogic and Non-Yogic person' વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ આણંદ (ગુજરાત) સ્થિત ભારતીય શિક્ષણ મંડલ દ્વારા આયોજિત 'Opportunities of Research in Indian Knowledge System (IKS)'- भारतीय ज्ञान प्रणाली (आई.के.एस) में अनुसंधान के अवसर વિષયક Online National Level Seminar માં સહભાગી થયાં.
- તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ માંડલ (જિ. અમદાવાદ) સ્થિત Government Arts College દ્વારા આયોજિત 'Unlocking the power of Research: An Insight into Research Excellence & Navigating the API Landscape' વિષયક International Webinar માં સહભાગી થયાં.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

## ★ સમાજશાસ્ત્ર વિભાગ:

Samaj Setu ...WeCreateRelations અંતર્ગત અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

**પ્રોજેક્ટ કાર્ય:**

ડૉ. ચંદ્રિકા રાવલના (પૂર્વ પ્રૉફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) માર્ગદર્શન હેઠળ વિભાગીય અધ્યાપકો અને SEM-V / VI ની વિદ્યાર્થિનીઓએ Social Profile of Sociology Students: SLU Arts and H & P Thakore Commerce College for Women અંતર્ગત કાર્ય કર્યું.

**Presentation Competition:**

- તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ SEM-V ની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમના (પેપર:૩૦૪ નગર સમાજશાસ્ત્ર) અનુસંધાનમાં ‘પ્રદુષણ-એક નગરીય સમસ્યા’ વિષયક Presentation Competition નું આયોજન કરવામાં આવ્યું. જેમાં **રિધ્ધિબા પ્રવિણસિંહ ડોડિયા - પ્રથમ સ્થાને**; **સીમા મોહસીનહુસેન સોલંકી-દ્વિતીય સ્થાને** તથા **નિકીતા કેશવલાલ મકવાણા - તૃતીય સ્થાને વિજેતા** બન્યાં.
- તા. ૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ SEM-III ની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમના (પેપર:૨૦૩, સંશોધન પરિચય) અનુસંધાનમાં ‘સંદર્ભ સાહિત્યના સ્ત્રોતો’ વિષયક Presentation Competition નું આયોજન કરવામાં આવ્યું. જેમાં **રૂચિતા દિપકભાઈ ધંધૂકીયા-પ્રથમ સ્થાને**; **સુભદ્રા ગણપતભાઈ પ્રજાપતિ-દ્વિતીય સ્થાને** તથા **સીમરન રાજેન્દ્રકુમાર ગોહિલ-તૃતીય સ્થાને** વિજેતા બન્યાં.

**Guest Lecture:**

તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ડૉ. સારિકા દવે (એસોસિયેટ પ્રૉફેસર-સમાજશાસ્ત્ર વિભાગ, સી.યુ. શાહ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ) એ SEM-II, IV & VI (સમાજશાસ્ત્ર: મુખ્ય વિષય)ની વિદ્યાર્થિનીઓને ‘શિક્ષણ સંસ્થા-એક સામાજિક સંસ્થા તરીકે’ વિષય અંતર્ગત વ્યવસાયિક અનુભવના આધારે સદષ્ટાંત PPTના માધ્યમથી મનનીય માહિતીપ્રદ વક્તવ્ય આપ્યું. તેમણે જણાવ્યું કે, “શિક્ષણ એક સામાજિક અને નિરંતર ચાલતી પ્રક્રિયા છે. (From Womb to Tomb). શિક્ષણ સંસ્થા દ્વારા વ્યક્તિ ઔપચારિક અને અનૌપચારિક બન્ને પ્રકારનું શિક્ષણ મેળવે છે. શિક્ષણ સંસ્થા દ્વારા વ્યક્તિત્વ ઘડતરની સાથોસાથ સામાજિક-સાંસ્કૃતિક વારસાનું જતન અને જાળવણી થાય છે. સમાજના વિકાસ અને પ્રગતિમાં તે મહત્વની ભૂમિકા ભજવે છે.” આમ, તેમણે શિક્ષણ સંસ્થાના વિવિધ પાસાઓ વિશે રજૂઆત કરી.

વક્તવ્ય બાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોતરી દ્વારા સવિશેષ માહિતી મેળવી.

**શૈક્ષણિક મુલાકાત:**

વર્ષારંભે SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓએ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત કુટુંબ સલાહ કેન્દ્ર તથા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રની શૈક્ષણિક મુલાકાત લઈ, તેના નેજા હેઠળ યોજાતા સેવા કાર્યમાં નોંધપાત્ર કામગીરી કરી.

તદ્ઉપરાંત 'અખંડ જ્યોત ફાઉન્ડેશન'ની શૈક્ષણિક મુલાકાત લઈ, HIV/AIDS સંબંધિત સચોટ માહિતી પ્રાપ્ત કરી તેમજ વર્ષ દરમિયાન અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં લોકજાગૃતિ માટે પેમ્ફલેટ વિતરણ તથા સમજાવટની કામગીરી કરી.

- તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપરઃ૨૦૩ઃસામાજિક સંશોધન પરિચય) સંદર્ભે 'ગ્રંથાલયની ઉપયોગિતા - ગોઠવણી' અંતર્ગત કૉલેજના શ્રી મિનલ કોઠારી ગ્રંથાલયની શૈક્ષણિક મુલાકાત લીધી, શ્રી રેખા સોલંકી (ઈનચાર્જ ગ્રંથપાલ) એ વિદ્યાર્થિનીઓને સવિસ્તાર માહિતી આપી.
- તા. ૪ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ પ્રા. હિના પટેલના નેતૃત્વ હેઠળ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપરઃ૨૦૨ઃભારતના આદિવાસીઓ) અનુસંધાનમાં ગુજરાત વિદ્યાપીઠમાં આવેલ આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીમાં સ્થાપિત 'આદિવાસી મ્યુઝિયમ'ની શૈક્ષણિક મુલાકાત લઈ, આદિવાસીઓની પ્રાદેશિક ભિન્નતા, ચીજવસ્તુઓ તથા જીવનશૈલી વિશે માહિતી પ્રાપ્ત કરી. શ્રી પંકજભાઈ મહાડીક (ગ્રંથપાલ અને સંગ્રહાલય જાળવણીકાર) એ વિષયોચિત સવિશેષ માહિતી પ્રદાન કરી.

  તદ્ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠમાં જ સ્થાપિત શ્રી મોરારજી દેસાઈ સ્મૃતિ ભવન તેમજ વિજ્ઞાન ભવનની શૈક્ષણિક મુલાકાત લઈ, અનુક્રમે શ્રી મોરારજી દેસાઈના જીવન-કવન તથા વૈજ્ઞાનિક સાધનો વિશે જાણકારી મેળવી.
- તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદીના નેતૃત્વ હેઠળ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપરઃ૩૧૫ઃ સમાજ અને સમાજકાર્ય) અનુસંધાનમાં અમદાવાદના ફતેહપુરા - પાલડી વિસ્તાર સ્થિત Akhand Jyot Foundation સંસ્થાની શૈક્ષણિક મુલાકાત લીધી. શ્રી સ્મિતાબહેન ચાવડા (પ્રોજેક્ટ કૉ-ઑર્ડિનેટર) તેમજ અખંડ જ્યોતના કર્મચારીઓએ વિદ્યાર્થિનીઓને આવકારી, સંસ્થાના ઉદ્ભવ - વિકાસ તેમજ સંસ્થાની કુટુંબ કલ્યાણ, બાળ-કલ્યાણની પ્રવૃત્તિઓ અને વ્યવસાયિક તાલીમ કાર્યક્રમો વિશે માહિતી આપી.

  **નોંધઃ** શૈક્ષણિક મુલાકાતને આધારે વિદ્યાર્થિનીઓએ Unit-4ના અનુસંધાનમાં અહેવાલ લેખન કર્યું.
- તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપરઃ૩૧૧ઃભારતનો સામાજિક ઈતિહાસ) સંદર્ભે અમદાવાદ સ્થિત 'કોચરબ આશ્રમ'(સત્યાગ્રહ આશ્રમ)ની શૈક્ષણિક મુલાકાત લઈ, ગાંધીજીની જીવન-ઝરમર સંબંધિત બાબતો વિશે ચિત્રો સહિત માહિતી મેળવી.

**ચર્ચા :**

- તા. ૯ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. સોનલ મોદીની નિશ્રામાં SEM-I, III અને V ની

વિદ્યાર્થિનીઓ દ્વારા **દ્વિવિધ દિવસઃ** વિશ્વ આદિવાસી દિવસ (૯ ઓગસ્ટ, ૨૦૨૩ અનુસંધાન) તેમજ National Librarian's Day (૧૨ ઓગસ્ટ, ૨૦૨૩ અનુસંધાન)ની ઉજવણી કરવામાં આવી.

=> **વિશ્વ આદિવાસી દિવસઃ**

'આદિવાસી સમુદાય'ના નેજા હેઠળ આયોજિત ચર્ચામાં આદિવાસી સમુદાયની લાક્ષણિકતાઓ, પ્રાદેશિક વિસ્તારો, જીવનનિર્વાહની રીતો-પરંપરા અને પરિવર્તન, ઉત્સવો વગેરે વિશે વિદ્યાર્થિનીઓએ રજૂઆત કરી.

નોંધઃ આદિવાસી નૃત્યશૈલીની ઝાંખી પણ રજૂ કરી.

=> **National Librarian's Day** :

વિભાગીય અધ્યાપકોએ ડૉ. એસ.આર. રંગનાથન (Dr. Siyali Ramamrita Ranganathan - National Professor of Library Science Considered the Father of Library Science in India) અને Librarian's Day વિશે જાણકારી આપી તેમજ Library Course વિશે માહિતી આપી. વિભાગીય અધ્યાપકો તેમજ વિદ્યાર્થિનીઓએ શિક્ષણ અને પુસ્તકાલયના સહસંબંધ તેમજ સંશોધનમાં પુસ્તકાલયની ઉપયોગિતા વિશે વૈચારિક આદાન-પ્રદાન કર્યું.

**નોંધઃ** તા. ૯ ઓગસ્ટ, ૧૮૯૨ પ્રો.ડૉ. એસ.આર. રંગનાથનો જન્મદિવસ and 12th August Librarian's Day.

- તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. સોનલ મોદી તથા પ્રા. હિના પટેલની નિશ્રામાં SEM-II, IV, VI ની વિદ્યાર્થિનીઓ માટે **દ્વિવિધ દિવસ** (૨૪ જાન્યુઆરી - રાષ્ટ્રીય કન્યા દિવસ; ૨૫ જાન્યુઆરી - રાષ્ટ્રીય મતદાતા દિવસ)ના અનુસંધાનમાં ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું.

  => **રાષ્ટ્રીય કન્યા દિવસઃ** (૨૪ જાન્યુઆરી, ૨૦૨૪)

  'કન્યાની પ્રગતિ પ્રત્યે સમાજનો દૃષ્ટિકોણ' વિષયક ચર્ચામાં વિદ્યાર્થિનીઓએ કન્યાઓની જુદા જુદા ક્ષેત્રમાં પ્રગતિ, પ્રગતિથી સમાજનો હકારાત્મક-નકારાત્મક અભિગમ વિશે નિરીક્ષણો તેમજ સ્વાનુભવથી રજૂઆત કરી.

**વિશેષઃ** ડૉ.શૈલજા ધ્રુવે રાષ્ટ્રીય કન્યા દિવસની ઉજવણીના હેતુઓ તેમજ પ્રારંભ વિશે માહિતી આપી જણાવ્યું કે, "આ ઉજવણીના હેતુઓમાં

- ભારતની કન્યાઓને મદદ અને તકો પૂરી પાડવી.
- કન્યાના અધિકારો વિશે જાગૃતિ ફેલાવવી.
- કન્યા શિક્ષણનું મહત્વ તેમજ આરોગ્ય અને પોષણ વિશે જાગૃતિ ફેલાવવી.

...બાબતો સમાવિષ્ટ છે.

તા. ૨૪ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે શ્રી ઈન્દિરા

ગાંધીએ શપથ લીધા હતા માટે આ દિવસ સુનિશ્ચિત કરવામાં આવેલ છે. આ દિવસની ઉજવણીની શરૂઆત ૨૦૦૯ થી થયેલ છે.''

વિભાગીય અધ્યાપકોએ પણ વિષયોચિત માહિતી પ્રદાન કરી.

=> **રાષ્ટ્રીય મતદાતા દિવસ** (૨૫ જાન્યુઆરી, ૨૦૨૪ - પૂર્વ દિન)

'મતદારકાર્ડની જોગવાઈ' વિષયક ચર્ચામાં વિદ્યાર્થિનીઓએ મતદારની વય, મતદારકાર્ડ કરાવવા અંગેની પ્રક્રિયા વગેરે વિશે ચર્ચા કરી. વિભાગીય અધ્યાપકોએ વિષયોચિત વૈચારિક આદાન-પ્રદાન કર્યું.

**નોંધઃ** તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૧ (૬૧મો ચૂંટણી પંચ સ્થાપના દિન) ના રોજ મતદાનમાં યુવા ભાગીદારી વધારવાના હેતુથી ચૂંટણી પંચ દ્વારા સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશનની પ્રથમ શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે તાત્કાલિન રાષ્ટ્રપતિ શ્રી પ્રતિભા પાટીલે 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ના નેજા હેઠળ ચૂંટણીપંચના સ્થાપના દિનને ઉજવવાની પહેલ કરેલી.

❑ **ડૉ. શૈલજા ધ્રુવઃ**

- એસ.એલ.યુ. આર્ટ્સ ઍન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેનના કાર્યકારી આચાર્ય (Incharge Principal) તરીકે વધારાનો કાર્યભાર સંભાળે છે.
(નોંધ : નિયુક્તિ તા. ૧૫ જૂન, ૨૦૨૧ થી)
- તા. ૭-૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન Thiruvanthpuram (Kerala) માં Indian Association for Women's Studies ના નેજા હેઠળ Government College for Women દ્વારા આયોજિત XVII National Conference માં The Socio-Psychological Perspective of domestic violence-A Case Study of Gujarat Stree Kelavani Mandal વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૨૫-૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન Central University of Himachal Pradesh ના दीनदयाल उपाध्याय अध्ययन केन्द्र દ્વારા આયોજિત एकात्म मानव दर्शन एवं आर्थिक लोकतंत्र વિષયક Online राष्ट्रीय व्याख्यान माला માં સહભાગી થયાં.
- તા. ૧૮-૨૦ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન અમદાવાદ સ્થિત KCG (Knowledge Consortium of Gujarat Education Department, Government of Gujarat) દ્વારા TEERTH (Training for Excellence, Efficiency & Research Towards Higher Education) Initative અંતર્ગત આયોજિત 'Academic & Administrative Training' વિષયક Principals Training Programme માં સહભાગી થયાં.
- તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ વલ્લભ વિદ્યાનગર સ્થિત Sardar Patel Universityના Dr. Babasaheb Ambedkar Adhyayan Ekam Prakalp (Chair) દ્વારા આયોજિત 'Dr. Ambedkar's

vision for Self-Reliant India of 21st Century' વિષયક National Seminar માં 'ભારતીય મહિલાઓના અધિકારોના હિમાયતી ડૉ. બાબાસાહેબ આંબેડકર' વિશે પેપર રજૂ કર્યું.

નોંધ: Seminar ના એક Session માં as a Chairperson ભૂમિકા ભજવી.

- જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના સંકલનથી આયોજિત SETU (Sustaining Equality Through Universities / Colleges) Programme હેઠળ...

  => તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ કઠલાલ (જિ. ખેડા) સ્થિત Government Arts & Commerce College, Kathlal, (Dist. Kheda) દ્વારા આયોજિત જેન્ડર અને વિકાસ, જાતિગત હિંસા અને ભેદભાવ વિષયક રાજ્ય કક્ષાના સેમિનારમાં as a resource Person 'જાતિગત ભેદભાવ અને હિંસા' વિષય સંદર્ભમાં તેના પ્રશ્નો, પડકારો તથા નિવારણ અંગે મનનીય વક્તવ્ય આપ્યું.

  => તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ગાંધીનગર સ્થિત Government Arts College દ્વારા આયોજિત 'Gender equity' વિષયક Training Programme માં as a resourse Person / Chief guest 'મહિલા સશક્તિકરણ માટે રાજ્ય સરકારની જોગવાઈઓ અને નીતિઓ' વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું. વ્યાખ્યાન બાદ પ્રશ્નોતરી દ્વારા તાલીમાર્થીઓએ સવિશેષ માહિતી મેળવી.

  => તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ નેત્રંગ (જિ. ભરૂચ) સ્થિત Government Arts and Commerce College, Netrang દ્વારા આયોજિત Breaking Barriers: Exploring Gender Discrimination in Society વિષયક Training Programme માં as a Resource Person /speaker 'કૌટુંબિક હિંસા: સમસ્યા અને ઉપાયો' વિશે સદૃષ્ટાંત વક્તવ્ય આપ્યું. વક્તવ્ય બાદ વૈચારિક આદાન-પ્રદાન દ્વારા તાલીમાર્થીઓએ સવિશેષ માહિતી મેળવી.

- તા. ૧૭ માર્ચ, ૨૦૨૪ના રોજ ભાવનગર સ્થિત Maharaja Krishna Kumarsinhji Bhavnagar University ના Department of Sociology દ્વારા આયોજિત Sustainable Development Goals and Nation Bulding: Perspectives, Issues and Challenges વિષયક National Seminar માં 'ભારતમાં રાષ્ટ્રીયનીતિ-૨૦૨૦ અને ટકાઉક્ષમ વિકાસના ધ્યેયો' વિશે પેપર રજૂ કર્યું.

- **પ્રકાશન:**

**આર્ટિકલ:**

'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦: સંભાવનાઓ અને સમસ્યાઓ'; સમાજકારણ- Peer Reviewed Journal, Journal of Social Science; ISSN 2319-3522; પ્રકાશન: ગુજરાત સામાજિક સેવા મંડળ, અમદાવાદ; વર્ષ-૧૬, અંક-૨, જુલાઈ-૨૦૨૩; પાના નં.: ૨૨-૨૯.

- અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયાની પસંદગી સમિતિમાં સમાજશાસ્ત્રના વિષય તજજ્ઞ તરીકે કામગીરી.
- અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયાની પસંદગી સમિતિમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ તરીકે કામગીરી.
- વિશ્વ ગુજરાતી સમાજના સભ્ય તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી, ગૂજરાત વિદ્યાપીઠ સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

❑ **ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદી :**

- તા. ૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત Gujarat Arts and Commerce College (evening) દ્વારા આયોજિત 'Suicide: Socio-Scientific Perspective' વિષયક National Seminar માં સહભાગી થયાં. જેમાં
  - ડૉ. શૈલજા ધ્રુવે 'આપઘાતના સામાજિક અને સાંસ્કૃતિક પાસા' વિશે,
  - ડૉ. સોનલ મોદીએ 'સામાજિક જીવન પર આપઘાતની અસર' વિશે,

  ...... પેપર રજૂ કર્યા.
- તા. ૨૦ માર્ચ, ૨૦૨૪ના રોજ અમદાવાદ સ્થિત KCG (Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat) ના TEERTH (Training for Excellence, Efficiency & Research Towards Higher Education) Initiative અંતર્ગત આયોજિત 'Women Rights' વિષયક Online Webinar માં સહભાગી થયાં.

❑ **ડૉ. સોનલ મોદી :**

- તા. ૨૮ એપ્રિલ-૪ મે, ૨૦૨૩ દરમિયાન Grand Academic Portal - India દ્વારા RNTU (Rabindranath Tagore University, Bhopal, Madhya Pradesh); School of Humanities - HBSU (Homi Bhabha State Universit, Mumbai) તથા Govt. MLB Girls PG Autonomous College, Bhopal ના સહયોગથી આયોજિત 'E-Content Development' વિષયક Online Faculty Development Programmeમાં સહભાગી થયાં.
- તા. ૮-૧૨ મે, ૨૦૨૩ દરમિયાન Tashkent (Uzbekistan) સ્થિત Arnity University ના Department of Management and Social Sciences દ્વારા આયોજિત 'Accelerating Equality & Emplowerment of Women in all Spheres' વિષયક Online International Faculty Development Programmeમાં સહભાગી થયાં.
- તા. ૨૮ જુલાઈ, ૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત Lakulish Yoga Universityના IQAC (Internal Quality Assurance Cell) તથા Sofia (Bulgaria) સ્થિત University of National and World Economyના Industrial Business Department, Business Facultyના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'DOAJ (Directory of Open Access Journal) & Best Practices in Scholarly Communications' વિષયક International Webinar માં સહભાગી થયાં.

- તા. ૨૧-૨૭ ઓગસ્ટ, ૨૦૨૩ દરમિયાન અમદાવાદ સ્થિત Gujarat Universityના UGC-HRDC (Human Resource Development Centre) દ્વારા આયોજિત 'Research Paper Writing' વિષયક Online Short Term Course માં સહભાગી થયાં.
- તા. ૨૫ સપ્ટેમ્બર - ૧ ઓક્ટોબર, ૨૦૨૩ દરમિયાન અમદાવાદ સ્થિત Mahatma Gandhi Labour Institute દ્વારા આયોજિત 'Integration: Industries, Society and Educational Institutions' વિષયક Online Faculty Development Programme માં સહભાગી થયાં.
- તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ મુનપૂર (જિ. પંચમહાલ) સ્થિત Smt. C. R. Gardi Arts College, Munpurના IQAC (Internal Quality Assurance Cell) દ્વારા આયોજિત 'CAS Guidance' વિષયક Online Workshop માં સહભાગી થયાં.
- તા. ૧૬-૨૨ ઓક્ટોબર, ૨૦૨૩ દરમિયાન Mahatma Gandhi Labour Institute, Ahmedabad (Labour, Skill Development & Employment Department, Government of Gujarat) દ્વારા આયોજિત 'Labour Research: Case Study and Thematic Analysis' વિષયક Online Short Term Research Programme માં સહભાગી થયાં.
- તા. ૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અમદાવાદ સ્થિત ગૂજરાત વિદ્યાપીઠના સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત તજજ્ઞ વ્યાખ્યાન કાર્યક્રમમાં 'પ્રદુષણ-એક સામાજિક સમસ્યા' વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું.
- ગુજરાત યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.

❑ **પ્રા. હિના પટેલ :**

- Gujarat University ના HRDC (UGC-Human Resource Development Centre) દ્વારા આયોજિત...
  - તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ NEP-2020: Online and ODL Education વિષયક,
  - તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ NEP-2020: SWAYAM & MOOCs વિષયક,

  ... Online Workshop માં સહભાગી થયાં.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત

## ★ CWDC (Collegiate Women's Development Committee) / ICC (Internal Complaints Committee) :

**ડૉ. શૈલજા ધ્રુવ (કન્વીનર- CWDC & ICC); ડૉ. નયના પ્રજાપતિ (કૉ-કન્વીનર-CWDC) તથા ડૉ. સોનલ મોદી (કૉ-કન્વીનર-ICC) કાર્યભાર સંભાળે છે.**

## Orientation Programme:

તા. ૧૭ અને ૨૪ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ વિદ્યાર્થિનીઓ માટે Orientation કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

ઉપર્યુક્ત આયોજિત ઓરીએન્ટેશન કાર્યક્રમના પ્રારંભમાં ઈનચાર્જ આચાર્યશ્રી અને CWDC તથા ICCના કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવે વિદ્યાર્થિનીઓને સ્વ-રક્ષણ, સ્વ-વલણ, વ્યક્તિગત મૂલ્યો, CWDC ની ભૂમિકા, ICC ના મહત્વ તદ્ઉપરાંત CWDC ના ઉદ્ભવ, વિદ્યાર્થિનીઓના ઉત્કર્ષ વિકાસ સંબંધિત CWDC અંતર્ગત કૉલેજની પ્રવૃત્તિઓ તેમજ WDC તથા ICC સંબંધિત જોગવાઈઓ અને કાનૂન વિશે માહિતી આપી.

આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થિનીઓને 'બેટી બચાવો' અભિયાન અંતર્ગત જાગૃતિ અર્થે 'ક્લીની કરુણ કહાની' તથા મહિલાઓના જાતીય શોષણ વિરુધ્ધ જાગૃતિ લાવવાના હેતુથી અબ ખામોશી ક્યોં? વિષયક ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ICC ના કૉ-કન્વીનર ડૉ. સોનલ મોદીએ કર્યું. કાર્યક્રમોના આયોજનમાં CWDC ના કૉ-કન્વીનર ડૉ. નયના પ્રજાપતિએ સહયોગ આપ્યો.

## Workshop:

તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ Pidilite Industries Ltd. અમદાવાદના સહયોગથી (સંયોજક: Shri Nilesh D. Jogsan-Cluster Market Development In-Charge (CWDI)-Hobby) Art work ના નેજા હેઠળ Liquid embroidery workshop નું આયોજન કરવામાં આવ્યું.

Shri Zankhana Shah (Fevicryl Expert Teacher) ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ વિષયોચિત વૈવિધ્યપૂર્ણ Designs વિશે સ્વાનુભવ દ્વારા સહયોગપૂર્ણ ભૂમિકા ભજવી.

માહિતીના આદાન-પ્રદાનથી સમગ્ર Workshop સફળતાપૂર્વક સંપન્ન થઈ.

**નોંધ:** Workshopના આયોજનના ભાગરૂપે પ્રત્યેક વર્ગમાં Demonstration દ્વારા માહિતી આપવામાં આવી.

❑ **ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદી :**

- તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (૮ માર્ચ, જાહેર રજા હોવાથી)ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીના WDC (Women Development Cell) & ICC (Internal Complaint Committee) દ્વારા આયોજિત International Women's Day: 2024ના Celebration Programme માં સહભાગી થયાં.

- **આંતર વિભાગીય:**

❑ **ડૉ. રશ્મિ સોની, ડૉ. નીતા પટેલ, ડૉ. વર્ષા પ્રજાપતિ, ડૉ. શીતલ રાઠોડ, ડૉ. સોનલ મોદી, ડૉ. ટવીન્કલ ચૌધરી :**

તા. ૫-૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન અમદાવાદમાં Gujarat University ના UGC-MMTTC (Malaviya Mission Teacher Training Centre) દ્વારા MM-TTP (Malaviya Mission Teacher Training Programme) અંતર્ગત આયોજિત Online NEP 2020 Orientation & Sensitizatoin Programme માં સહભાગી થયાં.

❑ **ડૉ. નિશા જોશી, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. કંદર્પ ચાવડા :**

તા. ૧૯-૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન અમદાવાદમાં Gujarat University ના UGC-MMTTC (Malaviya Mission Teacher Training Centre) દ્વારા MM-TTP (Malaviya Mission Teacher Training Programme) અંતર્ગત આયોજિત Online NEP-2020 Orientation & Sensitization Programme માં સહભાગી થયાં.

-❑ **ડૉ. રશ્મિ સોની, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. આશા રાઠવા, ડૉ. ટવીન્કલ ચૌધરી, ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ, ડૉ. મુકેશકુમાર બારૈયા :**

તા. ૨૩ માર્ચ, ૨૦૨૪ના રોજ અમદાવાદમાં સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર; એચ.કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તથા ભારતીય શિક્ષણ મંડળ, કર્ણાવતીના સંયુક્ત ઉપક્રમે આયોજિત ભારતીય જ્ઞાન પરંપરા-પુરાતનથી નૂતનનો સમન્વય (રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ના સંદર્ભે) વિષયક રાષ્ટ્રીય પરિસંવાદમાં સહભાગી થયાં.

❑ **ડૉ. રશ્મિ સોની, ડૉ. નીતા પટેલ, પ્રા. હિના પટેલ :**

તા. ૭-૧૧ ઓગસ્ટ, ૨૦૨૩ દરમિયાન અમદાવાદમાં Bharat Shodh Sansthan in Collaboration with Institute of Indic Studies and IQAC, Gujarat University આયોજિત, '-Indic Knowledge System (IKS) વિષયક Faculty Development Programme માં સહભાગી થયાં.

❑ **પ્રા. હિના પટેલ, ડૉ. નીતા પટેલ, ડૉ. સોનલ મોદી :**

તા. ૭ માર્ચ, ૨૦૨૪ના રોજ અમદાવાદ સ્થિત KCG (Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat) દ્વારા TEERTH (Training for Excellence, Efficiency & Research Towards Higher Education) ના નેજા હેઠળ આયોજિત 'The Value of Chat GPT in Teaching & Learning' વિષયક Webinar માં સહભાગી થયાં.

❑ **ડૉ. રશ્મિ સોની, પ્રા. હિના પટેલ :**

તા. ૨ માર્ચ, ૨૦૨૪ના રોજ અમદાવાદ સ્થિત Shri H. K. Commerce College દ્વારા આયોજિત

‘Implementation of Curriculum of Indic Knowledge As per National Education Policy-2020’ વિષયક University Level Workshop માં સહભાગી થયાં.

- **પ્રા. હિના પટેલ, ડૉ. નીતા પટેલ :**

તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં Gujarat University ના Bharat Shodh Sansthan, Institute of Indic Studies દ્વારા આયોજિત Evaluation Pattern of NEP 2020 for Indian Knowledge System વિષયક Workshop માં સહભાગી થયાં.

- **ડૉ. સોનલ મોદી, ડૉ. કેતન મહેતા :**

તા. ૫ જુલાઈ, ૨૦૨૩ના રોજ અમદાવાદમાં Smt. A.P.Patel Arts and Late Shri N. P. Patel Commerce Collegeના IQAC દ્વારા આયોજિત Implementation of the NEP-2020 Methodology, Ways and Means વિષયક National Seminar માં સહભાગી થયાં.

## ★ ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ:

- કૉલેજની શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થિનીઓ સક્રિય રસ લે છે.
- રમતગમત ક્ષેત્રે - સિનિયર ખેલાડી ટીમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી, વિદ્યાર્થિનીઓ કૉલેજનું ગૌરવ વધારે છે.
- એસ.એલ.યુ. કૉલેજ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ અભિવ્યક્તિ દ્વારા SLU College: KALA-KAUSHAL TROPHY પ્રાપ્ત કરનાર આફિયા પાલીવાલા (BA SEM-V / VI)ને ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ દ્વારા પુરસ્કાર આપી, સન્માનવામાં આવી.
- **પ્રીતિ પટેલ:** સુરતમાં મહિલા પોલીસ કર્મી (કોન્સ્ટેબલ) તરીકેની ફરજ સાથે, રમતગમતના ક્ષેત્રે દેશ-દેશાવરમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી, રાષ્ટ્રનું ગૌરવ વધારી રહ્યા છે. સમાજસેવાના કાર્યમાં અગ્રણી ભૂમિકા ભજવે છે.

## ★ લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ :

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત નિર્ધારિત થયેલ હોદ્દાઓ અનુસાર...

**મતદાન મથક પ્રમુખ અધિકારી - Presiding Officer (PR)**

ડૉ. મધુસુદન મુખરજી, ડૉ. ઘનશ્યામ અંજારા, ડૉ. રાવજી કોટવાલ, ડૉ. મુકેશકુમાર બારૈયા, ડૉ. કેતન મહેતા

**સહાયક પ્રમુખ અધિકારી - (Assist-PR)**

પ્રા. નરવતસિંહ ડામોર, ડૉ. હર્ષદકુમાર બ્રહ્મભટ્ટ

**પ્રથમ મતદાન અધિકારી - Polling Officer-1 (PO-1)**

પ્રા. દિનેશ પટેલ, ડૉ. કંદર્પ ચાવડા, શ્રી શિવચરણ કબીસર

**મહિલા મતદાન અધિકારી (FPO)**

ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. રશ્મિ સોની, ડૉ. નયના પ્રજાપતિ, ડૉ. નીતા પટેલ, ડૉ. નિશા જોશી, ડૉ. અર્ચના પંડ્યા, પ્રા. કેતલ ત્રિવેદી, ડૉ. વર્ષા પ્રજાપતિ, ડૉ. સોનલ મોદી, ડૉ. આશા રાઠવા, ડૉ. ટવીન્કલ ચૌધરી, શ્રી માયા સોની

**સેવાર્થી**

શ્રી ચંદુલાલ અસારી, શ્રી રસિલા કટારા

...સક્રિય કામગીરી કરી.

## ★ NSS વિભાગ તથા સમુદાય સેવા ધારા :

**NSS પ્રોગ્રામ ઓફિસર તથા સમુદાય સેવા ધારાના કન્વીનર ડૉ. સોનલ મોદીના નેતૃત્વ હેઠળ** અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન થયું.

### • Orientation Programme :

તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ NSS અંગે Orientation Programme નું આયોજન કરવામાં આવ્યું. જેમાં SEM-I માં પ્રવેશ મેળવનાર અને NSS માં જોડાનાર વિદ્યાર્થિનીઓને NSS પ્રવૃત્તિઓની રૂપરેખા આપવામાં આવી.

Orientation Programme ના આયોજનમાં ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, ડૉ. સોનલ મોદી, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. ટવીન્કલ ચૌધરી, ડૉ. કેતન મહેતા તેમજ કેમ્પસ એમ્બેસેડર્સ વિદ્યાર્થિનીઓ-સ્વયં સેવિકા- હિરલ સતીયા અને રુચિતા ધંધુકિયા - સહિત NSS માં સવિશેષ પ્રવૃત્ત વિદ્યાર્થિનીઓએ સક્રિય ભૂમિકા ભજવી.

Orientation Programme માં મુખ્ય મહેમાન તરીકે ડૉ. સંદીપ સાંચલા (NSS-પ્રોગ્રામ ઓફિસર, ગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ (સાંજની) ઉપસ્થિત રહ્યાં.

કાર્યક્રમના પ્રારંભમાં ડૉ. સોનલ મોદીએ સૌને આવકારી Orientation Programme ની રૂપરેખા આપી તેમજ દત્તક ગામ કોબા (જિ. ગાંધીનગર) વિશે જાણકારી આપી.

ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે સંસ્થાગત ટૂંક પરિચય, NSS નું જીવન ઘડતરમાં તેમજ વૈયક્તિક ગુણ વિકસાવવામાં મહત્વ વિશે ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે, ‘‘ભેગા થવું એ શરૂઆત છે, ભેગા રહેવું તે પ્રગતિ છે પણ ભેગા મળી કામ કરવું તે સફળતા છે. NSS સમૂહ ભાવના ઉજાગર કરે છે. આજકલ આપણે જોઈએ છીએ કે માણસ જેટલો Online થતો જાય છે, માણસાઈ એટલી જ Offline થતી જાય છે. NSS સામાજિક કાર્યો થકી માણસાઈ તરફ અંગૂલિ નિર્દેશ કરે છે. અન્યને મદદરૂપ થવાની ભાવના કેળવે છે.’’ વધુમાં, મુખ્ય મહેમાન ડૉ. સંદીપ સાંચલાનો પરિચય આપી, સ્મૃતિભેટથી અભિવાદન કર્યું.

NSS માં પ્રવૃત્ત વિદ્યાર્થિનીઓએ આગંતુક વિદ્યાર્થિનીઓને પોતાના સ્વ-અનુભવને આધારે NSS હેઠળ સમાજકાર્ય વિશે માહિતી આપી.

ડૉ. સંદીપ સાંચલાએ NSS નો ઉદ્ભવ-વિકાસ, હેતુઓ, લક્ષ્યાંકો, સ્વયંસેવકોની શિસ્ત, શિબિરમાં કાર્યપ્રણાલી વગેરે વિશે સદષ્ટાંત રજૂઆત કરી.

ડૉ. સોનલ મોદી, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. કેતન મહેતા, ડૉ. ટવીન્કલ ચૌધરીએ વર્ષ દરમિયાનની કૉલેજ તથા યુનિવર્સિટી કક્ષાની કામગીરીના સમયપત્રકનું ઘડતર કરી, વિદ્યાર્થિનીઓને માહિતગાર કરી.

વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ માટે રસ-રુચિ મુજબ ટીમોની રચના કરવામાં આવી.

કાર્યક્રમના સમાપને ડૉ. અર્ચના પંડ્યાએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર-સહયોગ આપનાર સૌનો આભાર માન્યો.

સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. સોનલ મોદીએ કર્યું.

આનુભાવિક-વૈચારિક પ્રદાનથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

**નોંધઃ** તા. ૨૦ જુલાઈ, ૨૦૨૩ તેમજ ૨૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ ડૉ. સોનલ મોદીએ અનુક્રમે BCOM SEM-I અને BA SEM-I માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓને NSSની પાયાગત માહિતી આપી, પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી.

- **શિક્ષકદિનની ઉજવણીઃ**

તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ શિક્ષક દિન ઉજવવામાં આવ્યો. જેમાં આર્ટ્સ અને કોમર્સની વિદ્યાર્થિનીઓએ શિક્ષકની ભૂમિકા ભજવીને ઉજવણી કરી.

**નોંધઃ** તા. ૫ સપ્ટેમ્બર, ૧૯૬૨ના રોજ દેશમાં પહેલીવાર શિક્ષકદિન ઉજવાયો હતો. પ્રતિવર્ષ ભારત દેશમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવે છે.

- **આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીઃ**

આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણીના ભાગરૂપે मेरी मिट्टी मेरा देश अभियान અંતર્ગત કૉલેજ પરિસરમાં ડૉ. સોનલ મોદીના નેતૃત્વમાં આયોજિત કાર્યક્રમો...

=> **વૃક્ષારોપણ કાર્યક્રમ :**

તા. ૧ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત ડૉ. સોનલ મોદીએ વૃક્ષનું જતન અને પર્યાવરણમાં વૃક્ષોની મહત્તા વિશે જાણકારી આપી. ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવે વિકસિત ભારતની જેમ વિકસિત વૃક્ષોના સૂત્રને ચરિતાર્થ કરવા આહ્વાન કર્યું. NSS કમિટિના સભ્યો - ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. ટવીન્કલ ચૌધરી, ડૉ. કેતન મહેતા સહિત NSSની બહેનોએ વૃક્ષારોપણ કાર્યક્રમને સંયુક્તતાથી સફળ બનાવ્યો.

=> **વક્તૃત્વ સ્પર્ધા :**

તા. ૨ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેનો હેતુઃ વિદ્યાર્થિનીઓમાં આત્મવિશ્વાસ, નેતૃત્વના ગુણો, આત્મસૂઝ, મૌલિક સમજશક્તિ વિકસે. વક્તૃત્વ સ્પર્ધાના વિષયોઃ AI (આર્ટિફિશીયલ ઈન્ટેલીજન્સ) ભવિષ્ય માટે વરદાન કે અભિશાપ?, ઉદ્યોગ સાહસિકતા-વિકસિત ભારત; ભાર વગરનું ભણતર અને સ્ત્રી-શિક્ષણ; ૨૦૪૭-અમૃતકાળ ભારતનો સોનેરીકાળ; કલાઈમેન્ટ ચેન્જ અને પર્યાવરણના પડકારો અને ઉપાયો વગેરે સંબંધિત વિષયો અંતર્ગત વિદ્યાર્થિનીઓએ પોતાના રસરુચિ મુજબના વિષય પર વિચારો રજૂ કર્યા.

=> **નિબંધ સ્પર્ધા :**

તા. ૪ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સ્પર્ધાના વિષયોઃ નવી શિક્ષણનીતિઃ ૨૦૨૦; સાંપ્રત સમયમાં મૂલ્યલક્ષી શિક્ષણની જરૂરિયાત, વ્યક્તિત્વ ઘડતરમાં NSS નો ફાળો, સમાજકાર્ય દ્વારા રાષ્ટ્રીય નિર્માણ, વિશ્વના દેશોમાં ભારતનું સ્થાન, ઈલેક્ટ્રોન-સમાજ માટે વરદાન કે અભિશાપ વગેરે વિષયોમાંથી એક વિષયની પસંદગી કરી, વિદ્યાર્થિનીઓએ સ્પર્ધામાં ભાગ લીધો.

=> **ચિત્ર સ્પર્ધા :**

તા. ૧૧ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સ્પર્ધાના વિષયોઃ એક ભારત, શ્રેષ્ઠ ભારત; પર્યાવરણ-જાગૃતિ; સ્વચ્છતાનું મહત્વ; ભારતની વિવિધતામાં એકતા... વગેરે વિષયમાંથી પસંદગી કરી, વિદ્યાર્થિનીઓએ સ્પર્ધામાં ભાગ લીધો.

=> **સંકલ્પ કાર્યક્રમ :**

તા. ૧૨ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ પંચ પ્રાણ પ્રતિજ્ઞા (સંકલ્પ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. મેરી મિટ્ટી, મેરા દેશને ઉજાગર કરવાના ભાગરૂપે આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ માટીના કોડિયામાં માટી મૂકી, ડૉ. સોનલ મોદીના વડપણ હેઠળ પંચપ્રાણ પ્રતિજ્ઞા લીધી. પ્રતિજ્ઞાઓઃ (૧) વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે અથાગ પરિશ્રમ કરીશું. ૨) ગુલામીની માનસિકતાના તમામ નિશાનોને નાબૂદ કરીશું. ૩) આપણા દેશના ભવ્ય વારસા પર ગર્વ લઈશું અને તેનું જતન કરીશું. ૪) આપણા રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે કામ કરીશું. ૫) રાષ્ટ્ર પ્રત્યેની અમારી અતૂટ ફરજોનું પુનઃ પુષ્ટિ કરી પાલન કરીશું.

=> **દેશભક્તિ ગીત કાર્યક્રમ :**

તા. ૧૪ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ દેશભક્તિ ગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં ફિલ્મી તથા બિનફિલ્મી ગીતોની વ્યક્તિગત તેમજ સામૂહિક રીતે રજૂઆત કરી, સમગ્ર વાતાવરણને રાષ્ટ્રીય ભાવનાથી સભર બનાવ્યું.

=> **ધ્વજવંદન કાર્યક્રમ :**

તા. ૧૫ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ કૉલેજ પરિસરમાં આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં NSS-સ્વયંસેવિકા / વિદ્યાર્થિનીઓએ ઉપસ્થિત રહી, ધ્વજવંદન કાર્યક્રમ થકી રાષ્ટ્રીય સલામી આપી.

**નોંધઃ** ગુજરાત યુનિવર્સિટીના પટાંગણમાં આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં પણ NSSની સ્વયંસેવિકાઓ ઉત્સાહભેર સહભાગી બની, રાષ્ટ્રીય પર્વની ઉજવણીને હૃદયસ્થ કરી.

- **સ્વચ્છતા અભિયાનઃ**

વર્ષ દરમિયાન મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ NSS અંતર્ગત સ્વચ્છતા અભિયાનને ગતિશીલ બનાવવા સફાઈ કાર્યક્રમો કૉલેજ કેમ્પસમાં યોજાયાં, જેમાં એસ.એલ.યુ. પરિવારજનોએ (ઈનચાર્જ પ્રિન્સિપાલ – અધ્યાપકો – વહીવટી કર્મચારીઓ – વિદ્યાર્થિનીઓ) : સક્રિયપણે કામગીરી કરી.

**વિશેષઃ** તા. ૨૯ ઑગસ્ટ, ૨૦૨૩; તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ તેમજ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ આયોજિત Deep Cleaning સફાઈ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. સોનલ મોદીના માર્ગદર્શકરૂપ સહભાગ સાથે વિદ્યાર્થિનીઓએ સક્રિયપણે કામગીરી કરી.

=> તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ ગાંધી જયંતીની ઉજવણીના ભાગરૂપે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત સરકાર, ગાંધીનગરના પરિપત્ર (પરિપત્ર તા. ૨૭/૯/૨૦૨૩) મુજબ કૉલેજ કેમ્પસમાં (તા. ૨ ઓક્ટોબર, ગાંધી જન્મ જયંતી અનુસંધાનમાં) સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું. 'શ્રમદાન કાર્યક્રમ' હેઠળ આયોજિત કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ કૉલેજ પરિસરમાં સફાઈ કાર્ય દ્વારા શ્રમદાન કર્યું.

**નોંધઃ** તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ વિદ્યાર્થિનીઓએ પોતાના રહેઠાણ વિસ્તારમાં સૂકા-ભીના કચરાની જાણકારી વિશે માહિતી આપી. સફાઈ-લોકજાગૃતિ કાર્ય દ્વારા સફાઈ અભિયાનને ગતિશીલ બનાવી, ગાંધી જયંતી ઉજવણીને સાર્જક કરી.

=> તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ 'યુવાદિન' (સ્વામી વિવેકાનંદ જન્મજયંતી)ની ઉજવણીના ભાગરૂપે કૉલેજ પરિસરમાં **દ્વિવિધ કાર્યક્રમ** (સફાઈ કાર્યક્રમ, ચર્ચા)નું આયોજન કરવામાં આવ્યું.

– **સફાઈ કાર્યક્રમઃ**

જેમાં વિદ્યાર્થિનીઓએ સમગ્ર પરિસરમાં સફાઈ કાર્ય દ્વારા સ્વચ્છતા અભિયાનને ગતિશીલ બનાવ્યું.

– **ચર્ચાઃ**

'સ્વામી વિવેકાનંદઃ જીવનકવન' અંતર્ગત 'ચર્ચા'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ડૉ. સોનલ મોદીની નિશ્રામાં સ્વામી વિવેકાનંદના જીવનના પ્રેરક પ્રસંગોનો ઉલ્લેખ કરી, જીવન ઉપયોગી બાબતો અંગે વિચારોનું આદાન-પ્રદાન કર્યું. ડૉ. સોનલ મોદીએ 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો' – સ્વામી વિવેકાનંદના સૂત્ર હેઠળ જીવનને ગતિશીલ કેવી રીતે બનાવી શકાય તે અંગે માર્ગદર્શકરૂપ સદૃષ્ટાંત માહિતી પ્રદાન કરી.

પારસ્પરિક સહયોગથી બન્ને કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન થયાં.

- **NSS-સ્થાપના દિનની ઉજવણીઃ**

તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ (રવિવાર હોવાથી) ના રોજ NSS- સ્થાપના દિનની ઉજવણી Digitaly-સોશ્યલ મીડિયાના માધ્યમથી કરવામાં આવી. ડૉ. સોનલ મોદીની નિશ્રામાં NSS-સ્વયંસેવિકાઓએ SLU: NSS Group- મારફત ઉજવણી કરી. જેમાં ઉર્જા, જળના જતન અને જાળવણી તથા વૈવિધ્યપૂર્ણ શ્રમદાનને અનુલક્ષીને Chatting, (Instant messaging, IRC-Internet Relay Chat, Voice Chatting, Video Chatting)- ના માધ્યમથી 'NSS Day'- ની ઉજવણી કરી.

- **ગુજરાત યુનિવર્સિટી પરિસરમાં...**

=> **ધ્વજવંદનઃ**

તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ગુજરાત યુનિવર્સિટીના પટાંગણમાં આયોજિત 'પ્રજાસત્તાક દિન'- રાષ્ટ્રીય પર્વના ધ્વજવંદન કાર્યક્રમમાં NSS ની સ્વયં સેવિકાઓ ઉત્સાહભેર સહભાગી બની, રાષ્ટ્રીય પર્વની ઉજવણીને હૃદયસ્થ કરી.

=> **સેમિનારઃ**

તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સ્વાવલંબી ભારત અભિયાન અંતર્ગત 'વર્તમાન સમયમાં સ્વાવલંબનની આવશ્યકતા' વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

ડૉ. નીરજા ગુપ્તા (કુલપતિશ્રી-ગુજરાત યુનિવર્સિટી)ની અધ્યક્ષતામાં આયોજિત આ સેમિનારમાં મુખ્ય વક્તાશ્રી કાશ્મીરી લાલ (રાષ્ટ્રીય સંગઠક-સ્વદેશી જાગરણ મંચ. નવી દિલ્હી)એ વિષયોચિત મનનીય વક્તવ્ય આપ્યું.

ડૉ. સોનલ મોદી સહિત NSS – સ્વયંસેવિકાઓ બહોળી સંખ્યામાં સહભાગી બન્યા.

- **સર્વેક્ષણ કામગીરીઃ**

ગુજરાત યુનિવર્સિટીના NSS - યુનિટ દ્વારા 'અનુસૂચિઃ ઔપચારિક શિક્ષણ અથવા નિયમિત રોજગારમાં ન આવતા હોય તેવા યુવાનોનો સર્વે' (Schedule: Survey of Youth not in Formal Education or Regular Employment) વિષયક સર્વેક્ષણ પ્રક્રિયાના ભાગરૂપે મોકલવામાં આવેલ ફોર્મ્સ NSSની સ્વયંસેવિકાઓને આપવામાં આવ્યાં.

ડૉ. સોનલ મોદીના માર્ગદર્શન હેઠળ સ્વયં સેવિકાઓએ પોતાના રહેણાંક વિસ્તારમાં ફોર્મ્સ આધારિત માહિતી એકત્રીકરણ કર્યુ. તમામ ફોર્મ્સ તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ગુજરાત યુનિવર્સિટીના NSS Unitમાં સુપ્રત કરવામાં આવ્યાં.

- **પ્રતિજ્ઞા કાર્યક્રમોઃ**

=> તા. ૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ કૉલેજમાં Vibrant Summit: 2024 અંતર્ગત 'પર્યાવરણ જાગૃતિ અને પર્યાવરણ બચાવો' સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

પાંચ પ્રકલ્પઃ ૧) કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અંગે ૨) પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ તેમજ જળ સંચય ૩) ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી ૪) નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ (દહેજ પ્રથા તેમજ ભ્રૂણહત્યા નિવારણ) ૫) ફીટ ઈન્ડીયા (રમતગમત તેમજ ખેલકૂદને ઉત્તેજન) પૈકી પર્યાવરણ સંબંધિત પ્રકલ્પના અનુસંધાનમાં ગુજરાત સરકારના પરિપત્ર અનુસાર 'પર્યાવરણ બચાવો' જાગૃતિ અંતર્ગત સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ડૉ. સોનલ મોદીએ વિદ્યાર્થિનીઓને પર્યાવરણ સંદર્ભમાં - મૈત્રીપૂર્ણ જીવનશૈલી અપનાવવી; કાર્બન ફૂટ પ્રિન્ટ ઘટાડવી; ટકાઉજીવન, સંતુલિત વિકાસ, પ્રકૃતિ સાથે સુમેળ જેવા મુદ્દાઓને વેગવંતા કરવાની પ્રતિજ્ઞા લેવડાવી. વળી, વિદ્યાર્થિનીઓ પર્યાવરણ પ્રત્યે સકારાત્મક જીવનશૈલી અપનાવવા તથા પોતાના પરિવારજનો, મિત્રોને પણ આ માટે પ્રેરિત કરવા કટિબધ્ધ બન્યાં.

=> તા. ૫ માર્ચ, ૨૦૨૪ના રોજ કૉલેજમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના અનુસંધાનમાં મતદાન જાગૃતિ અને સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદીએ લોકશાહી પર્વ-ચૂંટણીમાં મતદાનનું મહત્વ વિશે વિદ્યાર્થિનીઓને જાણકારી આપી. ડૉ. શૈલજા ધ્રુવે 'મતદાન'- નાગરિક અધિકાર વિશે સુસજ્જ રહી, તેનું અમલીકરણ કરવા આહ્‌વાન કર્યું. ડૉ. સોનલ મોદીએ 'મતદાન' સંબંધિત બંધારણીય વયસ્કોને મતદાન કરવા અને કરાવવા અંગે જાગૃતિ લાવવામાં યોગદાન આપવા પર ભાર મૂક્યો, વધુમાં વિદ્યાર્થિનીઓને મતદાન જાગૃતિમાં કાર્ય કરવાના સંકલ્પ લેવડાવ્યાં.

- **વક્તૃત્વ સ્પર્ધાઃ**

તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ કૉલેજમાં ગુજરાત સરકાર અને સેવ કલ્ચર, સેવ ભારત ફાઉન્ડેશન (Save Culture, Save Bharat Foundation) દ્વારા કલ્ચર પ્રિઝર્વેશન (Cultural Preservation) અન્વયે ઉચ્ચશિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત સરકાર, ગાંધીનગરના પરિપત્ર અનુસાર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સ્પર્ધાના વિષયોઃ ૧) મિશન સ્વચ્છ સાયબર ભારત ૨) ચારિત્ર નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ ૩) શીલ સંસ્કૃતિ અને સદાચાર રક્ષા ૪) વર્તમાન સમયની અનિવાર્યતા મૂલ્ય શિક્ષણ ૫) રાષ્ટ્રીય સેવા યોજનાઃ એક ભારત, શ્રેષ્ઠ ભારત ઉપર્યુક્ત વિષયો પૈકી વિદ્યાર્થિનીઓએ પોતાના રસરુચિ મુજબ એક વિષય પસંદ કરી, પોતાના વિચારો ઉત્સાહભેર રજૂ કર્યા.

- **રક્ષાબંધન પર્વની ઉજવણીઃ**

તા. ૨૮ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ ડૉ. સોનલ મોદીના માર્ગદર્શન હેઠળ રક્ષાબંધન (તા. ૩૦ ઑગસ્ટ, ૨૦૨૩ જાહેર રજા હોવાથી) પર્વની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ સ્થિત River Front West Police Station માં NSS - ની સ્વયંસેવિકાઓએ પોલીસકર્મીઓને (અધિકારીઓ, કોન્સ્ટેબલ્સ, સિક્યુરિટી ગાર્ડ્સ્) રાખડી

બાંધી, સુરક્ષા-જતનની હાર્દિક શુભેચ્છા પાઠવી, મોઢું મીઠુ કરાવ્યું. પોલીસકર્મીઓએ પણ વિદ્યાર્થિનીઓને આશીર્વાદ આપી, ભ્રાતૃભાવ વ્યક્ત કર્યો.

- **ઐતિહાસિક સ્થળની મુલાકાતઃ**

- તા. ૧૮ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ NSS- સ્વયં સેવિકાઓએ અમદાવાદ સ્થિત ઐતિહાસિક સ્થળ- સત્યાગ્રહ આશ્રમ (કોચરબ આશ્રમ)ની મુલાકાત લઈ, ગાંધીજીની કાર્ય પધ્ધતિ, તેના નિયમો, સ્વચ્છતા અંગેના દૃષ્ટિકોણ વિશે માહિતી મેળવી.

  **નોંધઃ** કોચરબ આશ્રમના એક્ટીવીટી સેન્ટરમાં થઈ રહેલા સફાઈ કાર્યમાં સામેલ પણ થયાં.

- તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ NSS- સ્વયં સેવિકાઓએ અમદાવાદ સ્થિત ઐતિહાસિક સ્થળ- ગાંધી આશ્રમ (સાબરમતી આશ્રમ)ની મુલાકાત લઈ, ગાંધીજીના 'મારું જીવન એ જ મારો સંદેશ' જીવન-કવન સહિત રહેણી-કરણી, અર્થોપાર્જનમાં સહાયક રેંટિયો વગેરે વિશે જાણકારી મેળવી.

- **વ્યાખ્યાનઃ**

તા. ૨ માર્ચ, ૨૦૨૩ના રોજ **'NSS- અને રાષ્ટ્રીયતા'** વિષયક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. **મુખ્ય વક્તા ડૉ. નયનેશ ગઢવી** (પૂર્વ પ્રોગ્રામ ઓફિસર-NSS, પૂર્વ સંયોજક-સમુદાય સેવા ધારા, એસોસિયેટ પ્રોફેસર-સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ) એ વિષયોચિત વક્તવ્યમાં જણાવ્યું કે, ''ભારત દેશ આઝાદ થયો પછી ઘણા બધા પડકારો, પ્રશ્નો અને સમસ્યાઓ હતી. આ સ્થિતિમાંથી દેશને વિકસિત કરવા માટે દરેક સંસ્થાને ચોક્કસ દિશા આપવાની હતી. રાજ્ય એક સંસ્થા તરીકે દેશના નાગરિકોમાં રાષ્ટ્રીયતા અને ચારિત્ર્યનિર્માણની દિશામાં કાર્યરત હતું અને એના ભાગરૂપે ૧૯૬૯માં NSS- ની પ્રવૃત્તિનો પ્રકલ્પ રાષ્ટ્રને મળ્યો. દેશની નવી પેઢી જે હવે પછી રાષ્ટ્રનિર્માણ અને રાષ્ટ્રના વિકાસની વાહક બનવાની છે એવી યુવાપેઢીમાં સેવાકીય મૂલ્યોનાં બીજનું વાવેતર કરવું, રાષ્ટ્રને સમર્પિત ચારિત્ર્યનિર્માણ કરવું અને સમાજના દરેક વર્ગ માટે સમસંવેદના જગાડવી એ NSS-નો મુખ્ય હેતુ. રાજ્ય સંસ્થાએ યુવાનોને શાળા-કૉલેજમાં સેવાપ્રવૃત્તિ અને સહકારથી તમામ સામાજિક પ્રવાહોને એક કરવાની અને સાથે ચાલવાની દિશામાં કેવી રીતે આગળ વધી શકાય એ પ્રયત્નો NSS- પ્રવૃત્તિના માધ્યમથી શરૂ કર્યા અને આજે એના હકારાત્મક પરિણામો અને પરિવર્તનો જોઈ શકાય છે.''

વધુમાં તેમણે જણાવ્યું કે, ''ગાંધીજીના જન્મ શતાબ્દી વર્ષમાં NSS- ની પ્રવૃત્તિઓમાં ગાંધીજીના ૧૧ મહાવ્રતોને સાંકળી લઈને એમને વિનમ્ર અંજલિ આપવાનો ઉપક્રમ રહ્યો.

સેવા એ ઉત્તમ નાગરિક તો બનાવે જ છે સાથે સાથે રાષ્ટ્રીયતાને દૃઢ કરે છે.

ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં સૌનો સાથ- સૌનો વિકાસ એ સૂત્રને NSS- સાર્થક કરે છે, એમ કહી શકાય.''

વક્તવ્ય બાદ પ્રશ્નોતરીના માધ્યમથી વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી મેળવી, ડૉ. સોનલ મોદીએ સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન કર્યું.

- **દત્તક ગામઃ**

કોબા (જિ. ગાંધીનગર)માં વર્ષ દરમિયાન અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી. સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ બચાવો - પ્લાસ્ટિક છોડો અભિયાન, થેલેસેમિયા જાગૃતિ અભિયાન, HIV / AIDS ના અનુસંધાનમાં લોકજાગૃતિ કાર્યક્રમો (NACOના સહયોગ દ્વારા), વિધવા સહાય પ્રવૃત્તિ, સરકાર દ્વારા મળતી વિવિધ સહાયો તેમજ ગ્રામ વિકાસલક્ષી યોજનાઓ વિશે જાગૃતિ કાર્યક્રમો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

- ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ આયોજિત કાર્યક્રમો તેમજ કૉલેજની શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ દરમિયાન NSS વિભાગ સેવાકીય કાર્યો દ્વારા પારિવારિક વાતાવરણ જાળવવામાં યોગદાન પુરુ પાડે છે.

❑ **ડૉ. સોનલ મોદીઃ**

- તા. ૧૫ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ Ministry of Youth Affairs and Sports તથા Ministry of Culture-Government of India ના સંયુક્ત ઉપક્રમે આયોજિત. मेरी मिट्टी, मेरा देश વિષયક Online Programme માં સહભાગી થયાં.
- તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ Ministry of Housing and Urban affairs - Government of India દ્વારા A Swachh Bharat Mission અંતર્ગતના Swachhata he Seva (૧૫ સપ્ટેમ્બર-૨ ઓક્ટોબર, ૨૦૨૩)- Garbage free India અભિયાનના ભાગરૂપે આયોજિત 'Shramdaan for Swachh Bharat' વિષયક Online Programme માં સહભાગી થયાં.

## ★ NCC વિભાગઃ

**ANO (Assistant NCC Officer) Lt. ઉર્વશી શર્માના નેતૃત્વ હેઠળ વર્ષ દરમિયાન NCCની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.**

- **વર્ષના પ્રારંભમાં...**
  - ડૉ. શૈલજા ધ્રુવએ NCC ક્ષેત્રની વિવિધ વિંગ્સ (Army, Navy તથા Air Force) તેમજ પ્રવર્તમાન સમયમાં NCCના મહત્વ વિશે સવિસ્તર માહિતી આપી.
  - આગંતુક કેડેટ્સને સિનિયર કેડેટ્સે આવકારી, સ્વ-અનુભવને આધારે NCCની શિસ્ત વિશે સવિસ્તર માહિતી આપી.
  - Lt. ઉર્વશી શર્મા (ANO-SLU College)એ NCC અંતર્ગતની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી.
  - NCC First Year Enrollment Process અંતર્ગત વિદ્યાર્થિનીઓની Written test તેમજ

Physical Fitness (Hight, Weight, Running) checkingનું આયોજન કરવામાં આવ્યું. Eligible વિદ્યાર્થિનીનું as a cadet selection કરવામાં આવ્યું.

- વર્ષ દરમિયાન યોજાયેલ NCC Unit (Law Garden, Ahmedbad) તેમજ કૉલેજ કેમ્પસ ખાતે આયોજિત Paradeમાં Cadets ઉત્સાહભેર સહભાગી થયા.
- વર્ષ દરમિયાન યોજાયેલ Combined Annual Training Camp (અમદાવાદ)માં Cadets સહભાગી થયાં.
- વર્ષ દરમિયાન NCC Unit (Law Garden, Ahmedabad) ના નેજા હેઠળ Puneet Sagar Abhiyanમાં Cadets એ ઉત્સાહભેર ભાગ લઈ, Ahmedabad સ્થિત Riverfront વિસ્તાર તેમજ વિવિધ જળાશયોના વિસ્તારમાં ફેકાયેલા પ્લાસ્ટિક તેમજ અન્ય કચરાના નિકાલની કામગીરી ઉત્કૃષ્ટતાથી નિભાવી.

**નોંધ:** समुद्र तटों, नदियों, झीलों सहित अन्य जल निकायों को प्लास्टिक और अन्य अपशिष्ट पदार्थो से मुक्त रखने के लिए राष्ट्रीय कैडेट कोर (NCC-National Cadet Corps) द्वारा 1 December, 2021 को पुनीत सागर अभियान शुरु किया गया था।

- તા. ૧-૧૪ મે, ૨૦૨૩ દરમિયાન અમદાવાદમાં NCC Directorate - Gujarat દ્વારા આયોજિત 11 IDSR, C/o 56 APO માં અમૃતા હુબલીકર સહભાગી બની.
- તા. ૧-૧૪ મે, ૨૦૨૩ દરમિયાન અમદાવાદ સ્થિત Ahmedabad Cantonment-Shahibaug દ્વારા આયોજિત Army Attechment Camp માં NCC Cadet – રેણુકા મકવાણા સહભાગી બની. જેમાં Army Training અંતર્ગત rifle shooting ની પણ training લીધી.
- તા. ૫ જૂન, ૨૦૨૩ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત કૉલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન થયું. NCC Unit (Law garden, Ahmedabad) ના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં Cadets એ ઉત્સાહભેર ભાગ લીધો. Lt. Urvashi Sharma એ 'Save the Tree' અભિયાનને ગતિશીલ બનાવવા પર ભાર મૂક્યો.
- તા. ૨૧ જૂન, ૨૦૨૩ના રોજ International Yoga Day: 2023 અંતર્ગત NCC Unit માં (Law Garden, Ahmedabad) આયોજિત Programme માં Lt. Urvashi Sharma સહિત NCC cadets સહભાગી થયાં.

  **નોંધ:** Theme of Yoga Day: Yoga for Vasudhaiva Kutumbakam. i.e. Yoga for the welfare of all in the form of One World - One Family. In other words It is beautifully encapulates our collective aspiration for 'One Earth, One Family, One Future.'
- તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ SLU College માં NCC Unit આયોજિત 'B' Certificate પરીક્ષા માટે 'પરીક્ષા કેન્દ્ર' વ્યવસ્થાપન કરવામાં આવ્યું.

- વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં 'B' અને 'C' સર્ટિફિકેટની પરીક્ષામાં NCC-Cadets સામેલ થયાં.

  **નોંધઃ** 'B' અને 'C' સર્ટિફિકેટની સૈધ્ધાંતિક (Theory) અને પ્રાયોગિક (Practical) પરીક્ષાના સંદર્ભમાં કેડેટ્સને સવિશેષ તાલીમ આપવામાં આવી.
- ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ આયોજિત કાર્યક્રમો તેમજ કૉલેજની ઈત્તર પ્રવૃત્તિઓ દરમિયાન શિસ્તયુક્ત વાતાવરણની જાળવણી માટે NCC વિભાગ ઉત્સાહભેર ફરજ બજાવી, યોગદાન આપે છે.

❑ **Lt. ઉર્વશી શર્મા :**

- તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ NCC Unit Ahmedabad (Law Garden) માં 1 Guj. Girls BN NCC દ્વારા આયોજિત CO's Conference માં as an ANO ઉપસ્થિત રહ્યાં.
- તા. ૮-૧૭ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન 1 Gujarat Armoured Squardon NCC, Ahmedabad દ્વારા આયોજિત Combined Annual Training Camp માં AVO (Apprehended Violence Orders) તરીકે ફરજ બજાવી.

Note: The purpose of an AVO is to protect you from further violence, intimidation or harassment.

## ★ શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગ તથા વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારાઃ

**શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર ઑફ ફિઝીકલ ઍજ્યુકેશન તથા વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારાના કન્વીનર ડૉ. મુકેશકુમાર બારૈયાના માર્ગદર્શન હેઠળ** વર્ષ દરમિયાન વિવિધ રમતોની તાલીમ શિબિર તથા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.

- ૨૧ જૂન, ૨૦૨૩ના રોજ વિશ્વ યોગ દિવસ-૨૦૨૩ (9th International Yoga day)ની ઉજવણી કૉલેજ પરિસરમાં કરવામાં આવી. જેમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના નિયામકશ્રી સોમાભાઈ પટેલ, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ, કૉલેજના શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓ તેમજ Sports, NCC અને NSSની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. આ કાર્યક્રમમાં યોગ નિદર્શન ડૉ. મુકેશકુમાર બારૈયા અને સહયોગી તરીકે કૉલેજની વિદ્યાર્થિનીઓ-મનિષા ચૌધરી અને આફરીન પઠાણે કર્યું હતું.

  **નોંધઃ** તા. ૨૧ જૂન, ૨૦૨૩ 'વિશ્વ સંગીત દિવસ'ની ઉજવણી પણ કૉલેજ પરિસરમાં કરવામાં આવી. સુકંઠ ધરાવતા શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારી ભાઈ-બહેનોએ ગીત, ગઝલ, દોહા વગેરે રજૂ કરીને કૉલેજ પરિસરને સંગીતમય બનાવ્યું.
- તા. ૨૬ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ **ગુજરાત યુનિવર્સિટી આંતર કૉલેજ ક્રોસકન્ટ્રી (10 કિ.મી.) સ્પર્ધાનું** આયોજન અંબાજી ખાતે કરવામાં આવ્યું. જેમાં ટીમ વિભાગમાં એસ.એલ.યુ. **કૉલેજની ટીમે** શાનદાર પર્ફોમન્સ કરીને **દ્વિતીય સ્થાન-રનર્સ અપ ટ્રોફી પ્રાપ્ત** કરી તેમજ **વ્યક્તિગત વિભાગમાં સુરેખા ચૌહાણે દ્વિતીય સ્થાન** મેળવી **સિલ્વર મેડલ** પ્રાપ્ત કર્યો અને **ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા** માટે **ગુજરાત યુનિવર્સિટી ટીમમાં સિલેક્શન** થયું. ઉપરાંત **ઉર્મિ પરમાર**નું સિલેક્શન **રિઝર્વ ખેલાડી તરીકે** કરવામાં આવ્યું.

ટીમના ખેલાડીઓઃ સુરેખા ચૌહાણ, ઉર્મિ પરમાર, દિશા પ્રજાપતિ, માહી ચૌહાણ, સાનિયા મન્સૂરી, ઉર્વશી છારા

**નોંધઃ** ટીમ સહાયક તરીકે સિનિયર ખેલાડી આરતી ઠાકોર (M.Com) હાજર રહ્યાં.

- તા. ૨૯ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ એસ.એલ.યુ. કૉલેજમાં રાષ્ટ્રીય રમતદિવસ એટલે **કે મેજર ધ્યાનચંદની જન્મજયંતિની ઉજવણી અંતર્ગત સાયકલીંગ (5 કિ.મી.) સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું જેમાં **અમૃતા હુબલીકર-પ્રથમ સ્થાને; નિકિતા કનિજા-દ્વિતીય સ્થાને તથા સાયમા સૈયદ-તૃતીય સ્થાને વિજેતા** બન્યાં.

  સાયકલીંગ સ્પર્ધા બાદ કૉલેજમાં ડૉ. મુકેશકુમાર બારૈયાની નિશ્રામાં કૉલેજની ખેલાડી-બહેનો દ્વારા **મેજર ધ્યાનચંદની જન્મજયંતિની ઉજવણી**નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૉલેજના કાર્યકારી આચાર્ય ડૉ. શૈલજા ધ્રુવ, અધ્યાપકો તેમજ વિદ્યાર્થિનીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

  **નોંધઃ** ફરહિનબાનુ શેખ અને ફૈઝાહ શેખ એ મેજર ધ્યાનચંદનું બનાવેલ પોટ્રેટ (તસ્વીર) ધ્યાનાકર્ષક બની રહ્યું.

- તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ ચેસ સબ કમિટીની મીટિંગનું આયોજન ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવની અધ્યક્ષતામાં એસ.એલ.યુ. કૉલેજ ખાતે કરવામાં આવ્યું. જેમાં ગુજરાત યુનિવર્સિટી સ્થાનિક રમત સમિતિના મંત્રીશ્રી ડૉ. ડી.બી. દેસાઈ, ડૉ. મુકેશકુમાર બારૈયા તેમજ સમિતિના અન્ય સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા અને સ્પર્ધાનું સુચારુ આયોજન કરવામાં આવ્યું.
- તા. ૪-૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ ચેસ સ્પર્ધાનું આયોજન ગુજરાત યુનિવર્સિટી જીમખાના ખાતે કરવામાં આવ્યું. જેમાં રૂખસાના મન્સૂરી અને ફહીમા શેખે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૧૪-૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન ગુજરાત યુનિવર્સિટી જીમખાના ખાતે કરવામાં આવ્યું. જેમાં રોશની સૈયદ, ઝહીરા કુરેશી અને મનીષા ચૌધરીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૨૨-૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ કબડ્ડી સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું. જેમાં અમૃતા હૂબલીકર, દામિની પરમાર, રેણુકા મકવાણા, સુરેખા ચૌહાણ, મિત્તલ ચોલવીયા, રાધા ગુપ્તા, સપના ડાભી, સાયમા સૈયદ, સંગીતા ગોહેલ અને મનીષા ચૌધરીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ વોલીબોલ સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું. જેમાં સપના ડાભી,

સાયમા સૈયદ, અમૃતા હૂબલીકર, મનીષા ચૌધરી, ફરહીન શેખ, નિકિતા કનેજા અને વી.એસ. નંદનાએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- તા. ૫ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ **ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ કુસ્તી સ્પર્ધાનું** આયોજન સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજની વિદ્યાર્થિની **પ્રિયાંશી રાણાએ (૬૮ કિ.ગ્રા. વજન જૂથમાં) પ્રથમ સ્થાન** પ્રાપ્ત કર્યું અને તેનું **સિલેકશન ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટે** કરવામાં આવ્યું.

- તા. ૧૪ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ **ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ સાયકલિંગ (25 કિ.મી.) સ્પર્ધા**નું આયોજન ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે કરવામાં આવ્યું. જેમાં એસ.એલ.યુ. **કૉલેજની ટીમે** શાનદાર પર્ફોમન્સ કરીને **ચેમ્પિયનશીપ પ્રાપ્ત** કરી.

  ટીમના ખેલાડીઓઃ સુરેખા ચૌહાણ, રેણુકા મકવાણા, અમૃતા હુબલીકર, સાયમા સૈયદ, નિકીતા કનિજા, સપના ડાભી.

  **નોંધઃ સુરેખા ચૌહાણ અને રેણુકા મકવાણાનું ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટે ગુજરાત યુનિવર્સિટી ટીમમાં સિલેકશન** થયું. ઉપરાંત **અમૃતા હુબલીકરનું સિલેકશન રિઝર્વ ખેલાડી તરીકે** કરવામાં આવ્યું.

- તા. ૧૮ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ પાવર લિફ્ટિંગ સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું. જેમાં ફરહીન શેખે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- તા. ૨૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ગુજરાત યુનિવર્સિટી આંતરકૉલેજ યોગાસન સ્પર્ધાનું આયોજન ગુજરાત યુનિવર્સિટી સેનેટ હોલ ખાતે કરવામાં આવ્યું. જેમાં મનીષા ચૌધરીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- તા. ૧૪ થી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન **ગુજરાત યુનિવર્સિટી ૭૫મો વાર્ષિક ખેલકૂદ રમતોત્સવ** યોજાયો, તેમાં **૪ X ૪૦૦ મીટર રીલે દોડમાં એસ.એલ.યુ. કૉલેજ ટીમે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સિલ્વર મેડલ** મેળવ્યો.

  ટીમના સભ્યોઃ સુરેખા ડી. ચૌહાણ, ઉર્મિ જે. પરમાર, દિશા વી. પ્રજાપતિ, સાનિયા જે. મન્સૂરી.

- **આંતર વિશ્વવિદ્યાલય કક્ષાની સ્પર્ધાઓઃ**

=> તા. ૪-૫ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન **ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી કુસ્તી સ્પર્ધા**નું આયોજન ચંદીગઢ યુનિવર્સિટી, ચંદીગઢ (હરિયાણા) ખાતે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિની **પ્રિયાંશી રાણાએ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ** કરીને કૉલેજનું ગૌરવ વધાર્યું.

=> તા. ૫-૧૪ માર્ચ, ૨૦૨૪ દરમિયાન **ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી સાયકલિંગ સ્પર્ધા**નું આયોજન ગુરુ નાનકદેવ યુનિવર્સિટી, અમૃતસર (પંજાબ) ખાતે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિની **રેણુકા મકવાણાએ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ** કરીને કૉલેજનું ગૌરવ વધાર્યું.

=> તા. ૯-૧૦ માર્ચ, ૨૦૨૪ દરમિયાન **ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ક્રોસકન્ટ્રી (૧૦ કિ.મી.) સ્પર્ધા**નું આયોજન સ્વામી રામાનંદ તીર્થ મરાઠાવાડા યુનિવર્સિટી, નાંદેડ (મહારાષ્ટ્ર) ખાતે કરવામાં આવ્યું. જેમાં કૉલેજની વિદ્યાર્થિની **સુરેખા ચૌહાણ એ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ** કરીને કૉલેજનું ગૌરવ વધાર્યું.

● **પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ**

=> તા. ૩ જૂન, ૨૦૨૪ના રોજ ગુજરાત રાજ્ય કુસ્તી ઍસોસિએશન દ્વારા **રાજ્ય કક્ષાની કુસ્તી સ્પર્ધા**નું આયોજન પાટણ ખાતે કરવામાં આવ્યું, જેમાં કૉલેજની વિદ્યાર્થિની **પ્રિયાંશી રાણાએ ૨૦ વર્ષની વયજૂથમાં દ્વિતીય સ્થાન** મેળવીને **રજત ચંદ્રક** પ્રાપ્ત કર્યો. **રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા માટે પસંદગી** કરવામાં આવી.

=> તા. ૩૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ મહાજન શક્તિદળ દ્વારા આયોજિત **રાજ્ય કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું** આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું, જેમાં એસ.એલ.યુ. કૉલેજની ટીમે ખૂબ સુંદર રમત પ્રદર્શન કરીને **દ્વિતીય સ્થાન** મેળવી, **રનર્સઅપ ટ્રોફી પ્રાપ્ત** કરી.

ટીમના સભ્યો: નિકી પટેલ, કૃપા પટેલ, નિધિ ચૌધરી, પ્રિતી ચૌધરી, રીતુ ચૌધરી, જ્યોતિ વાઘેલા, સુરેખા ચૌહાણ, રેણુકા મકવાણા

**નોંધઃ** આ સ્પર્ધામાં કૉલેજની વર્તમાન તેમજ પૂર્વ વિદ્યાર્થિનીઓએ પણ ભાગ લીધો.

=> તા. ૨૭-૩૦ માર્ચ, ૨૦૨૪ દરમિયાન નોઈડા, ઉત્તરપ્રદેશ ખાતે ભારતીય કુસ્તી સંઘ દ્વારા આયોજીત અં-૨૦ **નેશનલ રેસલીંગ ચેમ્પિયનશીપ-૨૦૨૪** માં કૉલેજની વિદ્યાર્થિની **પ્રિયાંશી રાણાએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ** કરીને કૉલેજનું ગૌરવ વધાર્યું.

● **વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારાઃ**

=> તા. ૧૧-૧૪ ઓગસ્ટ, ૨૦૨૩ દરમિયાન **સપ્તધારા સંગમઃ ૨૦૨૩ અંતર્ગત વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા હેઠળ વિવિધ રમત સ્પર્ધાઓ**નું આયોજન કરવામાં આવ્યું જેમાં...

| | | | | |
|---|---|---|---|---|
| **બેડમિન્ટન સ્પર્ધા** | : | **મનીષા ચૌધરી** | - | **પ્રથમ** |
| | | **રોશની સૈયદ** | - | **દ્વિતીય** |
| | | **શ્રેયા રાજપુરા** | - | **તૃતીય** |

| | | | | |
|---|---|---|---|---|
| **ચેસ સ્પર્ધા** | **:** | **રુખસાના મન્સૂરી** | - | **પ્રથમ** |
| | | **ફહીમા શેખ** | - | **દ્વિતીય** |
| | | **લુબના મલેક** | - | **તૃતીય** |
| **ક્રોસકન્ટ્રી (૩ કિ.મી.) સ્પર્ધા :** | | **સુરેખા ચૌહાણ** | - | **પ્રથમ** |
| | | **ઊર્મિ પરમાર** | - | **દ્વિતીય** |
| | | **દિશા પ્રજાપતિ** | - | **તૃતીય** |
| **સાયકલિંગ (૫ કિ.મી.) સ્પર્ધાઃ** | | **અમૃતા હુબલીકર** | - | **પ્રથમ** |
| | | **નિકિતા કનિજા** | - | **દ્વિતીય** |
| | | **સાયમા સૈયદ** | - | **તૃતીય** |

**... સ્થાને વિજેતા** બન્યાં.

| | | | |
|---|---|---|---|
| **લંગડી સ્પર્ધા** | **:** | **મનીષા ચૌધરી** | |
| | | **દિશા પ્રજાપતિ** | |
| | | **ગીતા ચુનારા** | |
| | | **સંગીતા ગોહેલ** | |
| | | **સાનિયા મન્સૂરી** | |
| | | **ઝેબા કાગદી** | **ચેમ્પિયન ટીમ** |
| | | **ગૂલઝેબા શેખ** | |
| | | **સાનિયા ઘાંચી** | |
| | | **ફરહીન શેખ** | |
| | | **રાધિકા દેવીપુજક** | |
| | | **રુખસાના મન્સૂરી** | |
| | | **ઈરમ શેખ** | |

**નોંધઃ સ્પર્ધાત્મક ઈનામોના પ્રાયોજકઃ ડૉ. આરતીબહેન વિનુભાઈ પટેલ**

ઈનામ વિતરણ સમારોહમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના માનદ્ મંત્રી ડૉ. ચંદ્રિકાબહેન રાવલ, નિયામકશ્રી સોમાભાઈ પટેલ; કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ તેમજ અધ્યાપકો ઉપસ્થિત રહી વિજેતા થનાર ખેલાડીઓને પ્રમાણપત્ર અને ઈનામ ઍનાયત કર્યા.

# ગૌરવવંતા ખેલાડીઓ



**Priyanshi Rana**
(Wrestling)



**Surekha Chauhan**
(Cross-Country)



**Renuka Makwana**
(Cycling)



**Mahin Shaikh**
(Best Athlete)



**Manisha Chaudhary**
(Runnerup Athlete)



**Urmi Parmar**
(Athletics & Cross-Country)



**Saniya Mansuri**
(Athletics & Cross-Country)



**Disha Prajapati**
(Athletics & Cross-Country)

- **વાર્ષિક રમતોત્સવ-૨૦૨૪**

તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ થી ૪ માર્ચ, ૨૦૨૪ દરમિયાન કૉલેજમાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બેડમિંટન, ચેસ, કેરમ, સૂર્યનમસ્કાર, સ્કૂટર રેસ, સંગીત ખુરશી, ગોળાફેંક, દોરડા કૂદ અને ફુગ્ગા ફોડ જેવી વિવિધ સ્પર્ધા કરવામાં આવી તેમજ સ્ટાફ માટે લીંબુ ચમચી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

| | | | |
|---|---|---|---|
| **બેડમિન્ટન** | **:** | **પ્રથમ :** | **રોશની સૈયદ** |
| | | **દ્વિતીય :** | **મનિષા ચૌધરી** |
| | | **તૃતીય :** | **રોશની ગૌડ** |
| **ચેસ** | **:** | **પ્રથમ :** | **રૂખસાના મન્સૂરી** |
| | | **દ્વિતીય :** | **ફહીમા શેખ** |
| | | **તૃતીય :** | **અમૃતા હુબલીકર** |
| | | **તૃતીય :** | **માનસી ગોહેલ** |
| **કેરમ** | **:** | **પ્રથમ :** | **મનિષા ચૌધરી** |
| | | **દ્વિતીય :** | **સુકૈના લખાની** |
| | | **તૃતીય :** | **માહીન શેખ** |
| **ગોળાફેંક** | **:** | **પ્રથમ :** | **અમૃતા હુબલીકર** |
| | | **દ્વિતીય :** | **ઉઝમા મન્સૂરી** |
| | | **તૃતીય :** | **ફરહીન શેખ** |
| **દોરડાકૂદ** | **:** | **પ્રથમ :** | **માહિન શેખ** |
| | | **દ્વિતીય :** | **વૈદેહી ગોહિલ** |
| | | **તૃતીય :** | **આશિયાના મન્સૂરી** |
| **સ્કૂટર રેસ** | **:** | **પ્રથમ :** | **માહીન શેખ** |
| | | **દ્વિતીય :** | **દિશા પ્રજાપતિ** |
| | | **તૃતીય :** | **આફીયા અત્તરવાલા** |
| **સૂર્ય નમસ્કાર** | **:** | **પ્રથમ :** | **આફરીન પઠાણ** (સતત એક કલાકમાં ૨૦૧ સૂર્ય નમસ્કાર) |
| | | **દ્વિતીય :** | **સાનિયા મન્સૂરી** (૨૦૧ સૂર્ય નમસ્કાર) |
| | | **તૃતીય :** | **અમૃતા હુબલીકર** (૧૫૧ સૂર્ય નમસ્કાર) |

| | | | |
|---|---|---|---|
| **લીંબુ ચમચી** | **:** | **પ્રથમ :** | **ઉઝમા મન્સૂરી** |
| | | **દ્વિતીય :** | **ફહીમા શેખ** |
| | | **તૃતીય :** | **ક્રિષા ગોહિલ** |
| **સંગીત ખુરશી** | **:** | **પ્રથમ :** | **અશ્મિરા પઠાણ** |
| | | **દ્વિતીય :** | **કરિશ્મા શેખ** |
| | | **તૃતીય :** | **મહેજબીન અજમેરી** |
| **ફુગ્ગા ફોડ** | **:** | **પ્રથમ :** | **અરના છીપા** |
| | | **દ્વિતીય :** | **સુરેખા ચૌહાણ** |
| | | **તૃતીય :** | **ઝેબા કાગદી** |
| **લીંબુ ચમચી (સ્ટાફ):** | | **પ્રથમ :** | **ડૉ. રાવજી કોટવાલ** |
| | | **દ્વિતીય :** | **ડૉ. નીતા પટેલ** |
| | | **તૃતીય :** | **ડૉ. નયના પ્રજાપતિ** |

... **સ્થાને વિજેતા** બન્યાં.

વાર્ષિક રમતોત્સવમાં કોઈ એક વિદ્યાર્થિની વધુમાં વધુ ચાર ઈવેન્ટ્સમાં ભાગ લઈ શકે, અને ચારેય ઈવેન્ટ્સમાં વધુમાં વધુ પોઈન્ટસ (પ્રથમ-૫ પોઈન્ટસ, દ્વિતીય-૩ પોઈન્ટસ અને તૃતીય-૧ પોઈન્ટ) મેળવનાર ખેલાડીને BEST ATHLETE જાહેર કરવામાં આવે છે. જેમાં આ વર્ષે **માહીન શેખને BEST ATHLETE** ટ્રોફી એનાયત કરવામાં આવી. તે જ રીતે બીજા ક્રમે સૌથી વધુ પોઈન્ટ મેળવનાર ખેલાડીને RUNNER UP ATHLETE જાહેર કરવામાં આવે છે. આ વર્ષે **મનિષા ચૌધરીને RUNNER UP ATHLETE** ટ્રોફી એનાયત કરવામાં આવી... આ ઉપરાંત વાર્ષિક રમતોત્સવની દરેક ઈવેન્ટ્સમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર ખેલાડીને ઈનામ તેમજ પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં. દરેક ઈવેન્ટમાં વિજેતા થનાર ખેલાડીને ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના નિયામકશ્રી સોમાભાઈ પટેલ, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ તેમજ અધ્યાપકોના હસ્તે ઈનામ તેમજ પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં.

- **સાહસિક પ્રવૃત્તિઓઃ**

=> તા. ૨-૫ જૂન, ૨૦૨૩ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા માઉન્ટ આબુ (રાજસ્થાન) ખાતે આયોજીત ફોરેસ્ટ કેમ્પમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ રોશની સૈયદ અને વૈદેહીબા ગોહિલ એ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

=> તા. ૩૦ મે, ૨૦૨૩ થી ૮ જૂન, ૨૦૨૩ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા માઉન્ટ આબુ (રાજસ્થાન) ખાતે આયોજીત બેઝિક ટ્રેકીંગ કેમ્પમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ ઉર્મિ પરમાર, અંકિતા ચાવડા, મિત્તલ મકવાણા અને નિકિતા ચુનારાએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

- **ડૉ. મુકેશકુમાર બારૈયા :**

- તા. ૨૫-૨૬ ઓક્ટોબર, ૨૦૨૩ દરમિયાન ગુજરાત સ્ટેટ એથ્લેટીક્સ એસોસિએશન દ્વારા આયોજિત ૩૮મી જૂનિયર એથ્લેટીક્સ ચેમ્પિયનશીપ-૨૦૨૩ના ગુજરાત રાજ્યની ટીમ માટેના સિલેક્શન ટ્રાયલમાં સિલેક્ટર તરીકે ફરજ બજાવી.
- તા. ૯-૧૩ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત Faculty Development Programme on 'Yoga and Sports: Rules & Regulatins' સહભાગી થયા.

  **વિશેષ :** 'Yoga: Rules & Regulations' વિષય પર વક્તવ્ય આપ્યું.
- તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ એચ.કે કોમર્સ કૉલેજના વાર્ષિક રમતોત્સવમાં નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહ્યાં.
- તા. ૧૬ માર્ચ, ૨૦૨૪ના રોજ એન.પી. પટેલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કેશોદ ખાતે આયોજીત One Day National Seminar on 'The National Education Policy-2020' માં 'Yogic Breahing Techniques for Healthy Life' શીર્ષક પર સંશોધન પત્ર પ્રસ્તુત કર્યું.

- **પ્રકાશન**

  **પેપરઃ**

'Yogic Breathing Techniques for Healthy Life' The National Education Policy-2020: Themes, Perspectives and Implementation at Education Institutions, Sorath Sudha, Peer-Reviewed Refereed Journal, Vol.1, Issue 112, March 2024, Page No. 148-150.

- ગુજરાત યુનિવર્સિટી અને કોલેજીસ શારીરિક શિક્ષણ અધ્યાપક મંડળના કારોબારી સભ્ય તરીકે સક્રિયરૂપે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી સ્થાનિક રમત સમિતિમાં કારોબારી સભ્ય તરીકે સક્રિય રીતે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટીની વિવિધ રમત સમિતિ અને પસંદગી સમિતિના સભ્ય તરીકે સક્રિય રૂપે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી તથા ગૂજરાત વિદ્યાપીઠ સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં કાર્યરત.
- મોનાર્ક યુનિવર્સિટી, વહેલાલ, અમદાવાદ ખાતે Ph.D.-RDC કમિટીમાં રેફરી તરીકે નિયુક્ત થતા કાર્યરત.

**આમ, વર્ષ દરમિયાન કૉલેજ વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી રહી.**

**વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી આ કૉલેજની તમામ પ્રકારની પ્રવૃત્તિઓ પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા પ્રચાર-પ્રસાર પામી.**

★★★★★

## First Year Admission Process...






## Orientation Programme / Welcome







## NEP : 2020 અંતર્ગત ABC ID Process...






# સપ્તધારા સંગમ : ૨૦૨૩... ઈનામ વિતરણ

પ્રાયોજક : ડૉ. આરતીબહેન વિનુભાઈ પટેલ



ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના હોદ્દેદારો માનદ્ મંત્રીશ્રી
ડૉ. ચંદ્રિકા રાવલ પટેલ, નિયામકશ્રી, સોમાભાઈ પટેલ



ઉદ્બોધક - ડૉ. વર્ષા પ્રજાપતિ

## વિજયી ભવઃ...


















# સપ્તધારા સંગમ : ૨૦૨૩... ઈનામ વિતરણ

## વિજયી ભવઃ...


નિબંધ


વકતૃત્વ


શીઘ્ર-વકતૃત્વ


ડીબેટ


હળવું કંઠય


એકપાત્રિય


ક્વીઝ


કાવ્યપઠન



ભાગીરથી કલા કૌશલ ટ્રોફી
આફિયા પાલીવાલા

# સપ્તધારા સંગમ : ૨૦૨૩... ઈનામ વિતરણ

## વિજયી ભવઃ...


ઉદ્ઘોષક : ડૉ. મુકેશકુમાર બારૈયા


બેડમિંટન સ્પર્ધા વિજેતા


૩ કિ.મી. ક્રોસકન્ટ્રી / દોડ સ્પર્ધા વિજેતા


લંગડી સ્પર્ધા (ટીમ રમત) વિજેતા


ક્રોસકન્ટ્રી

ચેસ સ્પર્ધા વિજેતા


૫ કિ.મી. સાયકલીંગ સ્પર્ધા વિજેતા

## અભિનંદન પાઠવતાં...


નિયામકશ્રી સોમાભાઈ પટેલ


ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ

## ખુશખુશાલ વિજેતાઓ






## Fashion Design Course...







**શૈક્ષણિક મુલાકાત...**
**શ્રી અનાર પરીખના માર્ગદર્શન હેઠળ**
**અમદાવાદ સ્થિત વસ્ત્રાપૂર વિસ્તારમાં**
**Craftroots દ્વારા આયોજિત પ્રદર્શન**
**દ્વારા માહિતી પ્રદાન**

## हिन्दी विभाग... हिन्दी दिवस का जश्न





## ઈતિહાસ વિભાગ.. 'હડપ્પીયન સંસ્કૃતિ' વિષયક સેમિનારમાં સહભાગી વિદ્યાર્થિનીઓ





## ભૂગોળ વિભાગ... ભૌગોલિક પ્રવાસ : 'પોળોના જંગલો'







## હોમસાયન્સ વિભાગ...



Workshop : Food Preservation



ગુજરાત યુનિવર્સિટી
SEM-V & VI
(સંયુક્ત) પરિણામમાં
Home Science
પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતી
નજમીનબાનુ મેમોણ

# ગુજરાતી વિભાગ.. ગુજરાતી વિભાગના યજમાનપદે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા








ડૉ. ચીમનભાઈ પટેલ — ડૉ. સંજય પટેલ — ડૉ. હિમ્મત ભાલોડિયા

## વિશ્વ માતૃભાષા દિવસ : ૨૦૨૪ની ઉજવણી...





## શૈક્ષણિક મુલાકાત : M. J. Library






# ગુજરાતી વિભાગ.. શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતીની... ઉજવણી





ઉપસ્થિત : શ્રી અરવિંદ બારોટ (જાણીતા લોક-ગાયક, સાહિત્યકાર; કવિ




## વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળામાં સહભાગી....



આયોજક : એમ.પી. આર્ટ્સ એન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ

## રાજયકક્ષાના પરિસંવાદમાં સહભાગી



આયોજક : અસ્મિતા એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ

## ડૉ. વર્ષા પ્રજાપતિ...



પુસ્તકો પ્રકાશિત



અભિનંદન પાઠવતા એસ.એલ.યુ. કૉલેજ પરિવારજનો

# ગુજરાતી વિભાગ.. ડૉ. વર્ષા પ્રજાપતિ ...

## વક્તા તરીકે...




ગુજરાત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ (સાંજની) અમદાવાદ



ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ



કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

## વક્તા તરીકે...



શ્રી બી.સી. શાહ આર્ટ્સ કૉલેજ, વડાલી (ડિ. સાબરકાંઠા)

## કાવ્ય પઠન...



જૂઈ મેળો, ગાંધીનગર



વિમોચન સમારોહ; અમરેલી

## કાવ્ય પઠન...



'કાવ્યહેલી' - કવયિત્રી સંમેલન, ગાંધીનગર



'અજવાળુ અનુભૂતિનું' કવયિત્રી સંમેલન, અમદાવાદ

## સન્માનિત... as a poet









'Multilingual Kavi Sammelan' at Panaji - Goa

# CWDC/ICC અંતર્ગત... Orientation Programme











અબ ખામોશી ક્યોં? ડૉક્યુમેન્ટરી નિહાળતી વિદ્યાર્થિનીઓ

## Workshop...










Pidilite Industries Ltd નો સહયોગ;
Art Work :
'Liquid embroidery' Workshop માં
સહભાગી વિદ્યાર્થિનીઓ
Artist : શ્રી ઝંખના શાહ
(Fevicryl Expert Teacher)



**WDC/ICC આયોજિત**

**International Women's Day : 2024 Celebration...**

**ભારત શોધ સંસ્થાનના નેજા હેઠળ ગુજરાત યુનિવર્સિટીના IKS & IQAC દ્વારા આયોજિત Faculty Development Programme**



ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદી



ડૉ. રશ્મિ સોની, ડૉ. નીતા પટેલ, પ્રા. હિના પટેલ

## આરસી - A Mirror of this College : અંક - ૧૮



વિમોચન પ્રસંગે ઉદ્‌બોધન કરતા **Shri S. N. Iyer** (Principal - R.H. Patel Arts & Commerce College, Vadaj, Ahmedabad)







ઉજવણી કરતાં એસ.એલ.યુ. કૉલેજ પરિવારજનો

## કોમર્સ વિભાગ.. શૈક્ષણિક મુલાકાત...






ગણપત યુનિવર્સિટી

## Open Book Exam - Intercollege Competition...



ભાગ લેનાર વિદ્યાર્થિનીઓ





દ્વિતીય સ્થાને વિજેતા શરમિન બેગમ સૈયદ

## Commerce Quiz...



શુભેચ્છા સહ અભિનંદન પાઠવતા
ઈનચાર્જ પ્રિ. ડૉ. શૈલજા ધ્રુવ



વિજેતા ટીમ તેમજ ભાગ લેનાર
વિદ્યાર્થિનીઓ



ડૉ. સંજયકુમાર રાવલને આવકારતા
એસ.એલ.યુ. કૉલેજ પરિવારજનો



પ્રા. ભરતભાઈ પટેલને શુભેચ્છા પાઠવતા
એસ.એલ.યુ. કૉલેજ પરિવારજનો

## G-20 અંતર્ગત...




વક્તા : ડૉ. ધવલ નકુમ




નિબંધ સ્પર્ધા



પેઈન્ટિંગ સ્પર્ધા

## વિકસિત ભારત @ 2047 અંતર્ગત... Youth Parlament

### Debate on
### 'શિક્ષિત ભારત, વિકસિત ભારત'



## Skill Development અંતર્ગત...




સહયોગ : Anudip foundation for social welfare, Ahmedabad




માર્ગદર્શન : ICTC, SLU College Campus, Ahmedabad

## UDISHA/Career and Counselling Cell અંતર્ગત...




સહયોગ : DICS




સહયોગ : IBM-CSR-BOX




સહયોગ : NCFE

# સમાજશાસ્ત્ર વિભાગ..

## શૈક્ષણિક મુલાકાત...




અખંડ જ્યોત ફાઉન્ડેશન




આદિવાસી મ્યુઝિયમ



મિનલ કોઠારી લાયબ્રેરી







**Presentation Competition**ના વિજેતાઓ

## દિન ઉજવણી...



વિશ્વ આદિવાસી દિવસ તથા **National Librarian's Day**

# સમાજશાસ્ત્ર વિભાગ..

## Guest lecture
- ડૉ. સારિકા દવેઃ
'શિક્ષણ સંસ્થા -
એક સામાજિક સંસ્થા તરીકે'




## ડૉ. શૈલજા ધ્રુવ તથા ડૉ. સોનલ મોદી...






National Seminar, અમદાવાદ

## ડૉ. શૈલજા ધ્રુવ...





IAWS - XVII National Conference - Thruvahtpuram (Kerala)






National Seminar - Vallabh Vidhyanagar,

GRC હેઠળ SETU Programme અંતર્ગત... as a Recourse Person ઉપસ્થિત



Govt. Arts & Commerce College, Kathlal (Dist. Kheda)



Govt. Arts College, Gandhinagar




Govt. Arts & Commerce College Netrang (Dist. Bharuch)



National Seminar, Bhavnagar

## NCC અંતર્ગત...



પ્રવેશ પ્રક્રિયા : લેખિત તથા ફિટનેસ પરીક્ષણ







વિશ્વ પર્યાવરણ દિવસ : ૨૦૨૩ની ઉજવણી



વિશ્વ યોગ દિવસ : ૨૦૨૩ : at NCC Unit, Ahmedabad



શૈક્ષણિક મુલાકાત : at NCC Unit



પરેડ તાલીમ : at College Campus

# રમત-ગમત વિભાગ...

## Celebration of National Sports Day : 2023 (મેજર ધ્યાનચંદની જન્મજયંતી)










## વિજયી ભવ:...



મહાજન શક્તિદળ આયોજિત રાજ્ય કક્ષાની વોલીબોલ સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરતી : SLU College - Team




ગુજરાત યુનિવર્સિટી Athletics 4 x 400 mts. Relay Race College Team : Runners up



ગુજરાત યુનિવર્સિટી
Wrestling Competitions
Priyanshi Rana
Champion



ગુજરાત યુનિવર્સિટી
Cross Country Race
College Team : Runners up






ગુજરાત યુનિવર્સિટી Cycling Competition
College Team : Champion

# વહીવટી પરિપત્રો અનુસંધાને કામગીરી...






ગુજરાત યુનિવર્સિટી
પરીક્ષા કેન્દ્ર સંચાલન



સ્વ. ડૉ. હરિણી રામિલ દીવાનજી મેમોરિયલ ફાઉન્ડેશન
તરફથી આર્થિક સહાય મેળવતી વિદ્યાર્થિઓ



**OM Stationery સહયોગથી વિદ્યાર્થિનીઓ
માટે Help Desk**



**કૉલેજ આયોજિત NSP Camp
(National Scholarship Portal Camp)**

SLU College સ્થાપના દિન : ૨૦૨૩
(સ્થાપના : ૩૦ ઓગસ્ટ, ૧૯૨૦)




શુભેચ્છા મુલાકાતે
પૂર્વ વિદ્યાર્થિની




વૈશાલી પટેલ



ગુજરાત યુનિવર્સિટી એલિસબ્રિજ
દક્ષિણ વિભાગ યુવક મહોત્સવ
ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત

## ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ...




KCG આયોજિત Training Programme for Principals of Grant in Aid Colleges



Gujarat University આયોજિત Principal's Meeting






KCG & Gujarat University આયોજિત
Workshop on Digilocker & ABC ID

## ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગર : અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયા અંતર્ગત



## નિમણૂંક... ડૉ. સંજયકુમાર ગિરીશભાઈ રાવલ (આંકડાશાસ્ત્ર)







## રમતગમત વિભાગના યજમાનપદે આયોજિત



ગુજરાત યુનિવર્સિટી ચેસ સ્પર્ધા મીટિંગમાં અધ્યક્ષ સ્થાને ઈનચાર્જ પ્રિ. ડૉ. શૈલજા ધ્રુવ

# SLU Collegeના યજમાનેપદે આયોજિત... Job Placement Fair/Drive

**કૉર્ડિનેટર : ડૉ. કેતન મહેતા; કૉ-કૉર્ડિનેટર : શ્રી પાયલ શાહ**

**Fair/Drive સંલગ્ન કંપનીઓના પ્રતિનિધિઓ દ્વારા માહિતી પ્રદાન**




**Processની વિગત**




**Interview...**






# સપ્તધારા સંગમ : ૨૦૨૩



મહેંદી સ્પર્ધા



વિજેતા (નિર્ણાયકો : શ્રી કોમલ શાહ, શ્રી ઈન્દુ રાઠોડ)



રંગોળી સ્પર્ધા



વિજેતા (નિર્ણાયક : શ્રી રાજેશ્વરી ભોલા)





પોસ્ટર મેકિંગ સ્પર્ધા




વિજેતા (નિર્ણાયક : શ્રી હિરવા જાની)



કાર્ટુનિંગ સ્પર્ધા



વિજેતા

# સપ્તધારા સંગમ : ૨૦૨૩



કોલાજ સ્પર્ધા



વિજેતા



ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધા



વિજેતા



નિબંધ સ્પર્ધા



વિજેતા



વકતૃત્વ સ્પર્ધા



વિજેતા



શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા



વિજેતા

# સપ્તધારા સંગમ : ૨૦૨૩



ડીબેટ સ્પર્ધા



વિજેતા



હળવું કંઠય સંગીત સ્પર્ધા



વિજેતા



એકપાત્રિય અભિનય સ્પર્ધા



વિજેતા



ક્વીઝ



વિજેતા



કાવ્યપઠન સ્પર્ધા



વિજેતા

# રમત-ગમત વિભાગ...






**Kabaddi Team** | **Volley ball Team**







**Best Athlete : માહિન શેખ** | **Runner up Athlete : મનિષા ચૌધરી**

# વાર્ષિક રમતોત્સવ : ૨૦૨૪ ઈનામ વિતરણ...






ઉપસ્થિત : શ્રી સોમાભાઈ પટેલ (નિયામકશ્રી-ગુ.સ્ત્રી.કે.મંડળ) | ખુશ ખુશાલ વિજેતા ખેલાડીઓ

# રમત-ગમત વિભાગ... વાર્ષિક રમતોત્સવ... વિજયી ભવઃ


બેડમિંટન


ચેસ


કેરમ


સૂર્ય નમસ્કાર


સૂર્ય નમસ્કાર


સ્કૂટર રેસ


ગોળા ફેંક


દોરડા કૂદ


સંગીત ખુરશી


ફુગ્ગા ફોડ


લીંબુ-ચમચી


લીંબુ-ચમચી


સ્કૂટર રેસ વિજેતા


લીંબુ-ચમચી સ્પર્ધા માટે સજ્જ અધ્યાપકો

# NSS અંતર્ગત... Orientation Programme







## મેરી મિટ્ટી મેરા દેશ અભિયાન...




પંચપ્રાણ પ્રતિજ્ઞા (સંકલ્પ)

## Vibrant Gujarat : 2024




પર્યાવરણ જાળવણી (સંકલ્પ)

## મતદાન જાગૃતિ અભિયાન...



શપથ ગ્રહણ

## વૃક્ષારોપણ...




# NSS અંતર્ગત...

## શિક્ષકદિનની ઉજવણી





શિક્ષિકાની ભૂમિકા



પ્રતિભાવ આપતી વિદ્યાર્થિની



અભિનંદન પાઠવતાં ઈનચાર્જ પ્રિ. ડૉ. શૈલજા ધ્રુવ

## રક્ષાબંધન... ઉજવણી











## ધ્વજવંદન કાર્યક્રમ ...





ગુજરાત યુનિવર્સિટી

## શૈક્ષણિક મુલાકાત...



સાબરમતી આશ્રમ




સત્યાગ્રહ આશ્રમ (કોચરબ)

# NSS અંતર્ગત...

## તજજ્ઞ વ્યાખ્યાન





વક્તા : ડૉ નયનેશ ગઢવી

## આઝાદી કા અમૃત મહોત્સવના નેજા હેઠળ આયોજિત સ્પર્ધાઓ અને કાર્યક્રમ




વકતૃત્વ સ્પર્ધા



નિબંધ સ્પર્ધા



ચિત્ર સ્પર્ધા




દેશ ભક્તિ ગીત કાર્યક્રમ

## સેમિનાર... ગુજરાત યુનિવર્સિટી આયોજિત



'વર્તમાન સમયમાં સ્વાવલંબનની આવશ્યકતા'

# NSS અંતર્ગત...

## સ્વચ્છતા અભિયાન...

## સ્વચ્છતા હી સેવા : શ્રમદાન...મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ



## સફાઈ કાર્યક્રમ... 'યુવા દિન' : સ્વામી વિવેકાનંદ : જન્મ જયંતી



# નવરાત્રિ મહોત્સવ... સહયોગ : સોની હેન્ડીક્રાફ્ટ, અમદાવાદ



# અભિવ્યકિત : ૨૦૨૪




## ઈનામ વિતરણ : ૨૦૨૪ શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ ઉપલબ્ધિ...






## ટીવાયની વિદ્યાર્થિનીઓને શુભેચ્છા...

**શુભેચ્છા પાઠવતાં ઈન્ચાર્જ પ્રિ. ડૉ. શૈલજા ધ્રુવ**



# પ્રકાશન...

## (આરસી...AARSI)
**A MIRROR OF THIS COLLEGE**


















# (આરસી...AARSI)
## A MIRROR OF THIS COLLEGE


















# (આરસી...AARSI)
## A MIRROR OF THIS COLLEGE


















# AARSI A Journal of Social Reflection



# વિદ્યાર્થિની પ્રતિનિધિ મંડળના હોદ્દેદારો
## (૨૦૨૩-૨૦૨૪)



**Amdani Misbabanu Igbalbhai**
GS-General Secretary



**Kaku Shailja Jayeshkumar**
CS - Cultural Secretary



**Shaikh Noorfatema Mohammedyunus**
DS-Debate Secretary



**Shaikh Ziyanparvin Mohammed Sarif**
SS-Sports Secretary



**Ajmeri Khushbu Raufhusien**
Treasurer



**Hublikar Amruta Mukeshbhai**
Co-opt., Commerce



**Makwana Renuka Rameshbhai**
Co-opt., Arts

# નિવૃત્તિ સન્માન

## ૪૦ વર્ષની સુદીર્ઘ ફરજ બજાવી વયમર્યાદાથી નિવૃત્ત થતા કોમર્સ તથા એકાઉન્ટન્સીના વિષય નિષ્ણાત

## પ્રા. ભરતભાઈ પટેલ



"જિંદગી બદલવા માટે લડવું પડે અને જિંદગી સહેલી બનાવવા માટે સમજવું પડે" અર્થાત્ કોઈપણ વ્યક્તિને ચાહવા કે ધિક્કારવા સિવાય પણ એક ત્રીજો અને ઉત્તમ વિકલ્પ તેને સમજવાનો છે - આ વિચારધારાને કેન્દ્રમાં રાખી પ્રા. ભરતભાઈએ.

તા. ૧૨ નવેમ્બર, ૧૯૬૧માં સુરતમાં શ્રીમતી શારદાબહેન, શરદભાઈ પટેલના પરિવારમાં જન્મેલા ભરતભાઈ ચાર ભાઈભાંડુમાં બીજા ક્રમે અને જયેષ્ઠ ભ્રાતા. શિક્ષણના તમામ સ્તર અમદાવાદ સ્થિત વિવિધ શૈક્ષણિક સંકુલમાંથી પ્રાપ્ત કર્યા. જેમ કે, પ્રાથમિક શિક્ષણ -એચ.કે. પ્રાઈમરી સ્કૂલમાંથી; માધ્યમિક શિક્ષણ-એ.જી. હાઈસ્કૂલમાંથી; ઉચ્ચત્તર માધ્યમિક-એ.જી. હાયર સેકન્ડરી સ્કૂલમાંથી પ્રાપ્ત કર્યું. ત્યારબાદ ૧૯૮૦માં એચ.એ. કોમર્સ કૉલેજમાં પ્રવેશ મેળવી, ૧૯૮૨માં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી. નોંધપાત્ર બાબત એ રહી કે, ધોરણ-૧૨માં ૧ થી ૧૦૦ નંબરમાં ઉત્તિર્ણ થનારને ઉચ્ચ શિક્ષણ માટે National merit Scolarshipની યોજનાનો લાભ અપાતો, ભરતભાઈ ૯૭માં ક્રમે આવેલા એટલે આ યોજનાનો લાભ પ્રાપ્ત થાય જ ! સ્નાતકના તમામ સ્તરે તેમને રૂા. ૩૬૫/- શિષ્યવૃત્તિ મળતી રહી. ૧૯૮૨માં પ્રથમ વર્ગમાં B.Com ની પદવી પ્રાપ્ત કરી. અનુસ્નાતક શિક્ષણ મેળવવા ગુજરાત યુનિવર્સિટીના School of Commerceમાં પ્રવેશ લીધો. ૧૯૮૪માં દ્વિતીય વર્ગ સાથે M.Comની પદવી પ્રાપ્ત કરી. વળી, M.Com થયા પછી તરત જ June 1984 માં અમદાવાદ સ્થિત ગુજરાત કૉમર્સ કૉલેજમાં કોમર્સના એડહોક વ્યાખ્યાતા તરીકે નિમણૂંક થતા વ્યવસાયિક ક્ષેત્રે પગરવ માંડ્યાં. અલબત્ત September 1984 સુધી - ચાર માસ - અહીં અધ્યાપનકાર્ય કર્યું.

૨૦ સપ્ટેમ્બર, ૧૯૮૪થી એસ.એસ.યુ. આટ્ર્સ ઍન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેનમાં કોમર્સ વિભાગમાં કોમર્સ તથા એકાઉન્ટન્સીના પૂર્ણસમયના વ્યાખ્યાતા તરીકે નિમણૂંક થતા, કાર્યભાર સંભાળ્યો. તા. ૭ ડિસેમ્બર, ૧૯૮૬ના રોજ શ્રી કિરણબહેન પટેલ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ, ગૃહસ્થજીવનની શરૂઆત કરી. અધ્યાપન કાર્યકાળ દરમિયાન સમયાંતરે કૉલેજના કોમર્સ વિભાગમાં વિવિધ સ્થાનેથી સવિશેષ

કાર્યભાર સંભાળ્યો. શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬થી કોમર્સ વિભાગના અધ્યક્ષ તરીકે આરુઢ થયાં. જુન-૨૦૧૪માં એસ.એલ.યુ. કૉલેજમાં ગુજરાત યુનિવર્સિટી માન્ય કોમર્સનું અનુસ્નાતક કેન્દ્ર (M.Com) શરૂ થતાં, તેના કો-ઓર્ડિનેટર તરીકે કામગીરી કરી, જે નિવૃત્તિ સમય સુધી નિભાવી. અર્થાત્ કૉ-ઑર્ડીનેટર તરીક દસ વર્ષ લગાતાર કામગીરી કરી. કોમર્સ એન્ડ એકાઉન્ટન્સી વિષય સંદર્ભના તેમજ શિક્ષણ સંલગ્ન સ્થાનિક, રાજય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમિનાર, કોન્ફરન્સ, પરિસંવાદમાં સહભાગી પણ બન્યા.

કોલેજની શિક્ષણ સંલગ્ન રોજીંદી પ્રવૃત્તિઓમાં પણ સહભાગરૂપ ભૂમિકા ભજવી. ૨૦૧૦માં જયારે એસ.એલ.યુ. કૉલેજના યજમાન પદે 'સબરસ' અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી - એલિસબ્રિજ દક્ષિણ વિભાગનો યુથ ફેસ્ટિવલ યોજાયો ત્યારે તેના કૉ-ઓર્ડિનેટર તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરેલી.

વાંચન, હરવું-ફરવું, સંગીત સાંભળવું, ટી.વી.માં ખાસ કરીને ન્યુઝ ચેનલ જોવી જેવા વ્યક્તિગત શોખ ધરાવનાર, સંનિષ્ઠ અધ્યાપક ભરતભાઈની આર્થિક જગતની જાણકારી કાબિલે દાદ ! તેમના આર્થિક જગતના વિવિધ પાસાઓના વિશ્લેષણમાંથી નિપજતી માહિતીનો લાભ શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓ તેમજ મિત્ર વર્તુળને પણ માર્ગદર્શકરૂપ બની રહે.

ગુજરાત યુનિવર્સિટી કક્ષાએ પણ તેમની પ્રશંસનીય ભૂમિકા રહી જેમ કે...

- ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્ટડીઝ (કોમર્સ)ના સભ્ય તરીકે.
- ગુજરાત યુનિવર્સિટી કોમર્સ ફેકલ્ટીની Central Admission Committeeના સભ્ય તરીકે (B.Com, BBA, BCA, MCom, MBA)
- ગુજરાત યુનિવર્સિટીની કોમર્સ વિદ્યાશાખાની વિવિધ પરીક્ષાના સંદર્ભમાં કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિના સભ્ય તરીકે.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરીમાં પેપર સેટર; ઓબ્ઝર્વર, મોડરેટર, ચેરપર્સન, કૉ-ઓર્ડિનેટર તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરી.

તદ્ ઉપરાંત...

=> કચ્છ યુનિવર્સિટી સંલગ્ન પરીક્ષાલક્ષી કામગીરી.

=> ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત સરકારી સ્પર્ધાત્મક પરીક્ષા માટે તકેદારી સુપરવાઈઝર તરીકે.

=> ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાના સંચાલન માટે ઓબ્ઝર્વર તરીકે.

=> અધ્યાપક સહાયક ભરતી માટેની પસંદગી સમિતિમાં કોમર્સ / એકાઉન્ટન્સીના વિષય તજજ્ઞ તરીકે અથવા વિભાગીય અધ્યક્ષ તરીકે.

...સક્રિયપણે કામગીરી કરી.

૪૦ વર્ષની સુદીર્ઘ ફરજ બજાવી તા. ૧૪ જૂન, ૨૦૨૪ના રોજ કાર્યાલય સમયબાદ વયમર્યાદાથી નિવૃત્ત થતા પ્રા. ભરતભાઈનું નિવૃત્તિમય જીવન પ્રવૃત્તિમય બની રહે એવી શુભેચ્છાઓ સહ પ્રભુપ્રાર્થના.

*****




Be **thankful** for **Yesterday**
Be **grateful** for **Today**
Be **hopeful** for **Tomorrow**

વિકાસગાથા

# એસ.એલ.યુ. આર્ટ્સ
# ઍન્ડ
# એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ
# (સ્થાપના : ૩૦ ઓગસ્ટ, ૧૯૨૦)

**- ડૉ. શૈલજા ધ્રુવ**

ઍસોસિયેટ પ્રૉફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ

આજથી લગભગ ૧૦૩ વર્ષ પહેલાં ઉચ્ચતર શિક્ષણનો લાભ આંગળીને વેઢે ગણી શકાય એટલી જૂજ બહેનો લેતી હતી. સ્ત્રીઓ માટે ઉચ્ચતર કેળવણીના વિચારો ધરાવનાર અમુક જ અગ્રગણ્ય વ્યક્તિઓ હતી. સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણ તો બાજુએ રહ્યું, પણ માધ્યમિક શિક્ષણ માટે અમદાવાદ શહેરમાં ફક્ત એક-બે કન્યા શાળાઓ હતી. તે વખતે સર વિઠ્ઠલદાસ ઠાકરસી તરફથી પૂનાની કર્વે મહિલા વિદ્યાપીઠને રૂપિયા પંદર લાખની ઉદાર સખાવત મળી અને શ્રીમતી શારદાબહેન મહેતા (ગુજરાતની સૌ પ્રથમ સ્નાતિકા)ને ગુજરાતની સ્ત્રીઓ માટે પણ ઉચ્ચતર કેળવણી માટે કંઈક કરવાના કોડ જાગ્યા. તેમની પ્રેરણા, સલાહ તેમજ માર્ગદર્શન તથા સર રમણભાઈ નીલકંઠ, ડૉ. સુમંત મહેતા, લેડી વિદ્યાગૌરી નીલકંઠ (ગુજરાતની સૌ પ્રથમ સ્નાતિકા), શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક, શ્રી રામનારાયણ પાઠક, શ્રી દાદાસાહેબ માવલંકર, શ્રી બલ્લુભાઈ ઠાકોર વગેરેના સક્રિય સહકાર, દીર્ઘદૃષ્ટિ અને સ્ત્રીશિક્ષણની ધગશને પરિણામે 'ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે' સાહસ કરી સ્ત્રીઓ માટે વિશિષ્ટ અભ્યાસક્રમવાળી, માતૃભાષા દ્વારા શિક્ષણ આપતી, શ્રીમતી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસી વિમેન્સ યુનિવર્સિટી (S.N.D.T. Women's University) સાથે સંલગ્ન એવી **અમદાવાદની પ્રથમ મહિલા પાઠશાળા (મહિલા કૉલેજ)** ની સ્થાપના ૩૦ ઓગસ્ટ, ૧૯૨૦માં કરી. શ્રી લાલશંકર ઉમિયાશંકરની સ્મૃતિમાં આ મહિલા પાઠશાળાને સખાવત (રા.બ. લાલશંકર દ્વારા સ્વખર્ચે બંધાયેલ સંસાર-સુધારા હૉલ, રાયખડ (હાલનું સસ્તુ સાહિત્ય કેન્દ્રનો ઉપલો ભાગ)ના ભાડાની અમુક રકમ તેમજ લાલશંકરે પોતે કેળવણી માટે ટ્રસ્ટ કરેલી રકમોના વ્યાજમાંથી અપાયેલ ગ્રાન્ટ બન્ને સંયુક્ત રકમ) અપાતા તે 'શ્રી લાલશંકર ઉમિયાશંકર મહિલા પાઠશાળા' તરીકે નામાભિધાન થઈ. **શ્રી લાલશંકર ઉમિયાશંકર આર્ટ્સ કૉલેજ, જે એસ. એલ.યુ. આર્ટ્સ કૉલેજ તરીકે જાણીતી છે.**

**નોંધ: તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ એસ.એલ.યુ. કૉલેજે સ્થાપનાના ૯૯ વર્ષ પૂર્ણ કરી, ૧૦૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ.** શતાબ્દી વર્ષ (૨૦૧૯ - ૨૦૨૦)ની ઉજવણી હોંશભેર કરવામાં આવેલી.

શરૂઆતમાં વનિતા વિશ્રામ (૧૯૦૮માં સ્થાપિત)થી તેનું બીજારોપણ થયું. વનિતા વિશ્રામમાં સ્થપાયેલ મહિલા વિદ્યાલયની (૧૯૧૬માં સ્થાપિત) શાળાંત પરીક્ષામાંથી ઉત્તિર્ણ થયેલ ત્રણ બહેનોને - સવિતા ત્રિવેદી, નંદગૌરી સેતલવાડ, અરવિંદા ઠાકોર - મહિલા પાઠશાળામાં (૧૯૧૬માં પૂનામાં સ્થાપિત કર્વે યુનિવર્સિટી સાથેના ૧૯૨૦ ના જોડાણ સંદર્ભે) પ્રવેશ અપાયો.

ર. બ. લાલશંકર ઊમિઆશંકર મહિલાપાઠશાળાની પ્રથમ વિદ્યાર્થિનીઓ અને અધિષ્ઠાત્રી શારદાબહેન.



**મહિલા પાઠશાળાના અધિષ્ઠાત્રી શારદાબહેન સુમન્ત મહેતા અને પ્રથમ ત્રણ વિદ્યાર્થિનીઓ - સવિતા ત્રિવેદી, નંદગૌરી સેતલવાડ, અરવિંદા ઠાકોર. (૧૯૨૦)**

(સાભાર : જીવન સંભારણા (૧૯૩૮), શારદા મહેતા; પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા, પૃષ્ઠ ૨૫૩)

નોંધપાત્ર બાબત એ રહી કે, **અમદાવાદની આ પ્રથમ મહિલા કૉલેજ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની ભારત વર્ષની પ્રથમ** affiliated **કૉલેજ** બની ! જેના અધિષ્ઠાત્રી ગુજરાતના પ્રથમ મહિલા સ્નાતિકા શ્રી શારદાગૌરી સુમન્ત મહેતા હતા.

ઉન્નત ધગશ ધરાવનારા સ્વપ્રદૃષ્ટા સમાજસેવકો, શિક્ષણશાસ્ત્રીઓ, એવા જ ઉત્સાહી શુભનિષ્ઠા ધરાવનાર સમાજસેવકોએ આ કૉલેજના વિકાસને ગતિ આપી છે. આ કૉલેજમાં સુપ્રસિદ્ધ સાહિત્યકાર સ્વ. શ્રી રામનારાયણ પાઠક, સ્વ. શ્રી મોતીલાલ અલમૌલા, ઇન્દોરના મહારાજા હોલ્કરના રાજકુમારી સ્વ. ઇન્દિરાબાઈ ભાગવત, શ્રી જેઠાલાલ ગો. શાહ, શ્રી ઇન્દુમતીબહેન મહેતા, ડૉ. ધ્રુમનબહેન દીવાનજી વગેરેએ આચાર્યપદ શોભાવ્યું છે. ત્યારબાદ શ્રી હસુબહેન ગૂર્જર તથા સ્વ. ડો. પૂર્ણિમાબહેન શાહ રહ્યાં. ડૉ. સિરાલીબહેન મહેતાએ ઉત્સાહભેર આચાર્યનો કાર્યભાર સંભાળ્યો. હાલમાં પ્રા. ડૉ. શૈલજાબહેન ધ્રુવ વધારાની જવાબદારીથી કાર્યકારી આચાર્યનો કાર્યભાર સંભાળી રહ્યા છે.

આ કૉલેજના અધ્યાપન કાર્યમાં ગુજરાતની પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ આરંભના સમયમાં પોતાની કિંમતી માનદ્ સેવાઓ આપી છે. શ્રી શારદાબહેન મહેતા, લેડી વિદ્યાબહેન નીલકંઠ, શ્રી રસિકલાલ પરીખ, શ્રી રામાનારાયણ પાઠક, શ્રી પ્રાણજીવન પાઠક, શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક, શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી નવલરામ ત્રિવેદી, શ્રી રામમોહનરાય દેસાઈ, શ્રી જેઠાલાલ ગો. શાહ, શ્રી ગટુભાઈ ધ્રુ, શ્રી વિશ્વનાથ ભટ્ટ, પંડિત હરિભાઈ ઉપાધ્યાય, શ્રી નસરવાનજી દારૂવાલા, શ્રી રવિશંકર પંડિત, શ્રી હનુમંતરાય દેવધર, શ્રી કૃષ્ણરતન જનકર, ડૉ. મનહર ના. કવિ, શ્રી વિષ્ણુભાઈ અત્રે, શ્રી તિરંગિણીબહેન નીલકંઠ, શ્રી સેમ્સન બેન્જામિન, શ્રી વિનોદિની નીલકંઠ, ડૉ. માધવજી મચ્છર, શ્રી ગુલાબબહેન હઠીસિંગ, શ્રી તહેમીનાબહેન કામા, પ્રો. શ્રી શેઠના, શ્રી ભીખુભાઈ આચાર્ય, શ્રી કલ્યાણજી શુક્લ, શ્રી એમ. બી. ગોડબોલે, શ્રી સુકુમાર જોષીપુરા, શ્રી રામપ્રસાદ શુક્લ, શ્રી નાગરદાસ બામણિયા, શ્રી સાકરલાલ દવે, શ્રી ગણપતિપ્રસાદ ભટ્ટ, પ્રો. શ્રી વણીકર, શ્રી જયંત શાસ્ત્રી, શ્રી વી. આર. મહેતા, શ્રી અશ્વિનભાઈ વ્યાસ, શ્રી સત્યેન્દ્ર શાહ, ડો. પદ્માબહેન ફડિયા, પ્રિ. બહાદુરશાહ પંડિત, શ્રી દલસુખભાઈ શાહ, ડૉ. વિદ્યુતભાઈ જોષી, ડૉ. મૃગાવતીબહેન શાહ, પ્રિ. સી. એલ. શાસ્ત્રી, શ્રી રણછોડલાલ વાયડા, શ્રી ઉષાબહેન જોષી વગેરેએ પોતાની સેવાઓ દ્વારા આ સંસ્થાનું ગૌરવ વધાર્યું. તદઉપરાંત સાક્ષર શ્રી કેશવલાલ હ. ધ્રુ, પ્રો. બળવંતરાય ઠાકોર, સર રમણભાઈ નીલકંઠ, શ્રી ન્હાનાલાલ કવિ, આચાર્ય આનંદશંકર ધ્રુવ વગેરે મહાનુભાવોએ સંસ્થાને અવારનવાર સહાય આપી.

તા. ૩૦ ઓગસ્ટ, ૧૯૨૦માં સ્થાપિત એસ.એલ.યુ. કૉલેજના વર્ગો ૧ સપ્ટેમ્બર ૧૯૨૦ થી શરૂ થયેલાં. ૧ સપ્ટેમ્બર થી ૩૧ ઓક્ટોબર ૧૯૨૦ દરમિયાન વનિતા વિશ્રામના ઉપરના માળે; ૧ નવેમ્બર, ૧૯૨૦ થી ૩૧ મે, ૧૯૬૩ દરમિયાન આ કૉલેજના વર્ગો ભાડેથી લીધેલ લેડીઝ કલબ (ભોળાનાથ સારાભાઈ ઈન્સ્ટિટયૂટ - ધી નેશનલ ઈન્ડિયન ઍસોસિયેશનનું બિલ્ડીંગ)ના ઉપલા માળે, ખમાસા રોડ, રાયખડમાં ચાલતાં; ૧ જૂન ૧૯૬૩ થી આ કૉલેજ વી. એસ. હોસ્પિટલ નજીક, એલિસબ્રિજ પોસ્ટ ઓફિસ પાસે, પોતાના મકાનમાં સ્થળાંતરિત થઈ.

ઈ.સ. ૧૯૭૩માં એસ. એલ. યુ. કૉલેજ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાઈ. અત્યાર સુધી 'હોમસાયન્સ' એક વિષય તરીકે શીખવવામાં આવતો હતો તેને બદલે હોમસાયન્સ વિભાગ શરૂ થયો. ૧૯૮૧માં આજ કૉલેજના વિદ્યાર્થિની અને જ્યોતિસંઘનાં ભૂતપૂર્વ કાર્યકર સ્વ. શ્રીમતી પદ્માબહેન હરિવદન ઠાકોરના સ્મરણાર્થે દાન મળતાં શ્રી હરિવદન અને શ્રીમતી પદ્માબહેન ઠાકોર કૉમર્સ કૉલેજ શરૂ થઈ. (એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજ) ૨૦૦૭ થી કૉમર્સ વિભાગમાં English Medium પણ શરૂ કરવામાં આવ્યું. ૨૦૧૪માં M.Com. માટે અનુસ્નાતક કેન્દ્રની મંજૂરી મળતાં જુલાઈ-૨૦૧૪ થી Gujarati Medium તથા English Medium માં M.Com. ના વર્ગો શરૂ થયાં.

આજે એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજમાં એફ.વાય., એસ. વાય., ટી.વાય.માં જુદા જુદા મુખ્ય અને ગૌણ વિષયો સાથે લગભગ ૧૩૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ તેમજ એમ.કૉમ.માં ૪૫૦ જેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી રહી છે. તદ્ઉપરાંત વ્યવસાયલક્ષી Course - Fashion Design નો પણ સમાવેશ કરવામાં આવ્યો.

એસ.એલ.યુ. આર્ટ્સ કૉલેજમાં હોમસાયન્સ, ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ભૂગોળ, ઇતિહાસ જેવા મુખ્ય વિષયો તથા કૉમર્સ વિભાગમાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ અંતર્ગત વિદ્યાર્થિનીઓ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવે છે. અહીંનો રમતગમતનો વિભાગ તથા પુસ્તકાલય સમૃદ્ધ છે.

**આ કૉલેજ શિક્ષણ અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓથી હંમેશા ધમધમતી રહે છે...**

*****




**એસ.એલ.યુ. કૉલેજ - વનિતા વિશ્રામ,** આ બિલ્ડીંગના ઉપરના એક ઓરડામાં
(૧ સપ્ટેમ્બર - ૩૧ ઓક્ટોબર ૧૯૨૦ દરમિયાન)કૉલેજના વર્ગો ચાલતા હતા.




**એસ.એલ.યુ. કૉલેજ-રાયખડ**
(ભોળાનાથ સારાભાઈ ઈન્સ્ટિટયૂટ (લેડીઝ ક્લબ)
-ધી નેશનલ ઈન્ડિયન ઍસોસિયેશન - રાયખડ, અમદાવાદ) આ બિલ્ડીંગના ઉપલા માળે ભાડેથી લીધેલ ત્રણ ઓરડામાં
(૧ નવેમ્બર, ૧૯૨૦ થી ૩૧ મે, ૧૯૬૩ દરમિયાન) કૉલેજના વર્ગો ચાલતા હતાં.




**એસ.એલ.યુ.કૉલેજ – એલિસબ્રિજ**

પોતાના આ બિલ્ડીંગમાં

(૧ જૂન, ૧૯૬૩ થી આજપર્યંત) કૉલેજ કાર્યરત છે.









Teacher's Day : IBS-ICFAI Business School દ્વારા આયોજિત  Best Message Contest:2023 માં Best Three Messageમાં પસંદગી પામનાર વિદ્યાર્થિનીઓ

The Ministry of Women & Child Development (MWCD), Government of India ના નેજા હેઠળ UGC પરિપત્ર અન્વયે College Premisesમાં establish Selfie/Photo Booth








Competence Building Programme for Faculty (CBPF) અંતર્ગત 'Pranic Healing' વિષયક Workshopમાં સહભાગી અધ્યાપકો

વક્તા : Shri Dinesh Patel (Pranic Healer & Instructor - VIR Welness Centre, Mumbai)




**એસ.એલ.યુ. કૉલેજના યજમાનપદે આયોજિત**
Job Placement Fair/Drive



**આરસી** : A Mirror of this College

વર્ષ : ૨૦૨૨-૨૦૨૩; અંક-૧૮ ના વિમોચન પ્રસંગે ઉપસ્થિત પ્રિ. એસ.એન. ઐયર; ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના માનદ્ મંત્રીશ્રી - ડૉ. ચંદ્રિકા રાવલ; કારોબારી સભ્ય તથા પૂર્વ પ્રિ. ડૉ. સિરાલી મહેતા; નિયામકશ્રી - સોમાભાઈ પટેલ; ઈનચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શૈલજા ધ્રુવ તથા એસ.એલ.યુ. કૉલેજ પરિવારજનો